R.N.I. No. 14593/1957

પગદંડી

PAGDANDI

VOL.69 ISSUE NO. 4 - JULY 2026 - 52 PAGES - RS. 15/-

Shree Kutchi Visha Oswal Seva Samaj
C.V.O.D., Jain Mahajanwadi, 3rd Floor, 99-101, Keshavji Naik Road, Chinchbunder, MUMBAI - 400 009.
Phone : 23714674 / 2377 3032 - E-mail : pagdandi@kvoss.org



WE NAVIGATE
YOUR FINANCIAL ADVENTURE
& ENSURE YOU
A SMOOTH JOURNEY OF LIFE
FROM WHERE YOU ARE
TO WHERE YOU WANT TO BE

A COMPLETE TOUR OF THE FINANCIAL WORLD

We are truly a one stop-shop for all your
Investment & Insurance and other allied services:

- Mutual Fund & Specialized Investment Funds Distributors
- Company FD, NCD, Bond, RBI Bond, Capital Gain Bond, Perpetual Bond
- Tax Planning
- Will Writing and Estate and Succession Planning
- Life Insurance (Through business associates of LIC of India,
- HDFC Life, Birla Sun Life Insurance)

We are your Map for Financial Freedom

GADA & HARIA™
FINANCIAL SERVICES
With you, For you, Always...

Registered Office:
Gada & Haria Financial Services
5, Framroz Court, 2nd floor, Dada Saheb Phalke Road,
Dadar (CR), Mumbai-400014.
Tel: 40794141
www.gadaharia.com
AMFI Registered MF & SIF Distributors - ARN:279933

CA, CFP Rajesh Gada	**CA Vipul Bheda**	**Vikas Vira**
Village: Bada	Village: Samaghoga	Village:Nagalpur
98676 23250	98202 22750	98205 20268
rajesh@gadaharia.com	vipul@gadaharia.com	vikas@gadaharia.com

પગદંડી

જુલાઈ ૨૦૨૬

અનુક્રમણિકા

લેખ	લેખક	પાના નં
તંત્રીસ્થાનેથી		
Real vs. Virtual	સંજય ચંદનબેન વિસનજી છેડા	૫
પ્રમુખશ્રીની કલમે	બિમલ જવેરબેન લાલજી વોરા	૯
પગ મેં ભમરી	લીલાધર હાંસબાઈ માણેક ગડા 'અધા'	૧૨
અમે સૌ નિમિત્ત માત્ર		
ભોજાય સર્વોદય ટ્રસ્ટ - દર્શક એવોર્ડ સમારોહ - અહેવાલ	અશ્વિન લક્ષ્મીબેન પોપટલાલ માલદે	૧૬
રેતાળ નહિ હેતાળ પ્રદેશ કચ્છ	ગુલાબ પાનબાઈ રવજી દેઢિયા	૧૭
તારે હમારે	રાજન ભાનુબેન કાંતિલાલ ધરોડ	૧૯
સોનગઢ રત્નાશ્રમ	વસંત મોંઘીબાઈ ઉમરશી મારુ	૨૨
લોકભવનની મુલાકાતે	ડૉ. શિરીષ ભાનુમતીબેન ચુનીલાલ માલદે	૨૬
વિશ્વપ્રવાસી તરીકે આપણે	પરેશ કેસરબેન ગાંગજી શાહ (નિઃશબ્દ)	૩૦
વૈભવ સૂર્યવંશી	દિપેશ વિમળાબેન ચંદ્રકાંત છેડા	૩૩
પહેડી : સાદગી કે દેખાડો ? એક વિચાર	રેખા પ્રવીણ જખ્ખુભાઈ નંદુ	૩૬
MISSION 2047	નયન પ્રજ્ઞાબેન હરેશ નિસર	૪૦
ઉંમર તો માત્ર એક સંખ્યા છે	પ્રિશા હેતલ જિગર ગોગરી	૪૨
પ્રતિભાવ - પ્રતિસાદ		
પગદંડી જુન ૨૦૨૬ દેવપુરની લૂંટ	દામજી મીઠાંબાઈ ઉમરશી સાવલા	૪૩
પગદંડી જુન ૨૦૨૬ દેવપુરની લૂંટ	લહેરચંદ પાનબાઈ લખમશી ગાલા	૪૩
વિચારોનું વાવેતર	જયંતી લક્ષ્મીબેન વાલજી ગોગરી	૪૪
ઉર્મિલહર	સંપાદન : વિશન પાનબાઈ દેવરાજ નાગડા	૪૫
ક.વી.ઓ. સેવા સમાજ અપટેડ		૪૭
સાંત્વન		૪૯
મુખપૃષ્ઠ ચિત્ર અને માહિતી	ડૉ. શિરીષ ભાનુમતીબેન ચુનીલાલ માલદે	

ટાઈપસેટીંગ : ધીરેન તારાબેન મુરજી ગાલા (કોટડા (રોહા) - ફોર્ટ) મોબાઈલ : ૯૮ ૩૩ ૫૪ ૧૦ ૪૦

પગદંડી કાર્યાલય ફોન :૨૩૭૧ ૪૬૭૪ ટેલી ફેક્સ - ૨૩૭૭ ૩૦૩૨

Printed and Published by **Aswin Popatlal Malde** on behalf of **K.V.O. Seva Samaj.** Printed at **Meghart Colour Crafters**, 42, Ideal Indl. Estate Mathuradas Mill Compound, Senapati Bapat Marg, Lower Parel, Mumbai-400013. and published from Shri Kutchhi Visa Oswal Seva Samaj, C.V.O.D. Jain Mahajanwadi, 3rd Floor, 99/101, Keshavji Naik Road, Chinch Bunder, Mumbai -400009. Editor : **Aswin Popatlal Malde**

ATUL GALA
MO. 93 2222 1205
ROHIT GALA
MO. 98200 99251
Gala Caterers®
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977
RAJESH GALA
MO. 98200 32010/50
CHIRAG GALA
MO. 97 0202 9280
Catering Services
Celebrate The Joy Of Togetherness With Flawless Food Catering...!
Birthday Party
Wedding Catering
Buffet Catering
Corporate Catering
Business Event
Special Occasions
5, Natraj Building, Laxmi Narayan Lane, Matunga (C.R), Mumbai - 400019.
www.galacaterers.in
info@galacaterers.in

તંત્રીસ્થાનેથી



Real vs. Virtual

ગયા અઠવાડિયે એક મિત્ર મળ્યા. ચહેરા પર થોડી ચિંતા હતી. મેં પૂછ્યું ‘‘શું થયું ?’’ કહે, ‘‘ભૂલથી ખોટો મૅસેજ મોકલી દીધા’’. મેં કહ્યું ‘‘તો ડિલિટ કરી દે.’’ કહે, "WhatsAppમાં નહીં... સાચી જિંદગીમાં’’

ત્યારે મને સમજાયું કે ભગવાને માણસ બનાવ્યો ત્યારે કદાચ WhatsApp, Facebook અને Gmail હજુ લોન્ચ થયાં નહોતાં. નહીં તો જિંદગીનું વર્ઝન પણ થોડું અપડેટેડ હોત ! આપણે આજે વર્ચ્યુઅલ દુનિયામાં એટલા આદિ થઈ ગયા છીએ કે ઘણી વાર મન થાય છે કે જિંદગીમાં પણ થોડા ડિજિટલ ફિચર્સ હોવા જોઈએ.

બ્લૉક, અનફ્રૅન્ડ અને મ્યૂટ

સૌથી પહેલાં તો "Block” બટન, WhatsAppમાં કોઈ ગમતું ન હોય તો બ્લૉક, Facebookમાં ગમતું ન હોય તો Unfriend. Instagramમાં ગમતું ન હોય તો Restrict. પણ સાચી જિંદગીમાં ? અહીં તો કેટલાક લોકો જન્મથી જ "Permanent Group Member" બનીને આવ્યા હોય એવું લાગે છે. તમે કેટલાય પણ પ્રયત્ન કરો, તેઓ દરેક પ્રસંગે, દરેક ચર્ચામાં અને દરેક નિર્ણયમાં ફરીથી દેખાઈ જ જાય ! અને કેટલાક તો એવા હોય કે ભગવાને તેમને ખાસ "Cannot Be Removed By Admin" સેટિંગ સાથે મોકલ્યા હોય.

એટલું જ નહીં, ફોનમાં કોઈ વ્યક્તિનો અવાજ સાંભળવો ન હોય તો Mute, પરંતુ જિંદગીમાં ? અહીં તો કેટલાક લોકો પોતાને Podcast માનીને જીવે છે. તેમને માત્ર બોલવાનું હોય છે. સાંભળનાર કોણ છે કે નથી તેની તેમને કોઈ ચિંતા નથી. ઘણી મિટિંગોમાં તો બે કલાકનો એજન્ડા હોય અને ચાર કલાકનું ભાષણ. ક્યારેક મન થાય કે ડાયસ સામે એક મોટું "Mute All" બટન હોવું જોઈએ.

શબ્દો માટે Undo કેમ નથી ?

વર્ચ્યુઅલ દુનિયાનો સૌથી અદ્‌ભુત ચમત્કાર છે "Delete for Everyone". ભૂલથી ખોટો મૅસેજ મોકલી દીધો ? "Delete for Everyone", ખોટી ફાઈલ મોકલી ? "Delete for Everyone", પણ જિંદલીમાં ? એકવાર મોઢામાંથી શબ્દ નીકળી ગયો એટલે બસ. પછી ભલે હજાર વખત કહો કે ‘‘મારો એવો અર્થ નહોતો.’’ શબ્દો માટે Undo બટન નથી હોતું. એટલે જ કદાચ વડીલો કહેતા કે બોલતાં પહેલાં બે વાર વિચારવું. તેમણે WhatsApp વાપર્યું ન હતું, પણ જીવનનો અનુભવ ચોક્કસ હતો.

હવે WhatsAppમાં Edit Message પણ આવી ગયું છે, પણ જિંદગીમાં ? નિવૃત્તિ પછી ઘણા લોકોને સમજાય છે કે સંતાનો સાથે વધુ સમય આપવો જોઈતો હતો. માતા-પિતાને વધુ સાંભળવું

જોઈતું હતું. મિત્રોને વધુ મળવું જોઈતું હતું, પણ જીવનમાં Edit Messageનો વિકલ્પ નથી હોતો. ત્યાં માત્ર Lessons Learned હોય છે.

Close Without Saving

કમ્પ્યુટરમાં એક સુંદર વિકલ્પ છે. કોઈ કામ ખોટું થઈ જાય તો "Close Without Saving". કેવું સરસ! પણ જિંદગીમાં? ખોટી ભાગીદારી, ખોટો નિર્ણય, ખોટું રોકાણ કે ખોટો સંબંધ... ત્યાં "Don't Save Changes"નો વિકલ્પ મળતો નથી. જીવન બધું Auto Save કરતું રહે છે. કેટલીક ફાઈલો તો વર્ષો સુધી Backgroundમાં ખુલ્લી રહે છે.

અને મોબાઈલમાં ખોટો શબ્દ લખો તો Auto Correct તેને સુધારી દે, પણ જિંદગીમાં? ખોટી માન્યતાઓ, ખોટા નિર્ણયો અને ખોટા અહંકાર વર્ષો સુધી Auto Correct થતા નથી. ઘણી વખત માણસને પોતાની ભૂલ સ્વીકારવામાં જ અડધી જિંદગી નીકળી જાય છે.

Recycle Bin ક્યાં છે?

ફોનમાં Recycle Bin હોય છે. ભૂલથી Delete થઈ ગયું હોય તો પાછું મળી જાય, પણ જિંદગીમાં? એકવાર ગુમાવેલો સમય, તૂટેલો સંબંધ કે ચૂકી ગયેલી તક Recycle Binમાં મળતી નથી. ઘણા લોકો જીવનના અંતે સમજતા હોય છે કે તેઓ પૈસા કમાવવામાં એટલા વ્યસ્ત રહ્યા કે જીવન જીવવાનું જ ભૂલી ગયા, પણ ત્યાં Restore બટન મળતું નથી.

શરીર અને મનનું સોફ્ટવેર

ક્યારેક કમ્પ્યુટર અટકી જાય તો Restart. વધુ મુશ્કેલી હોય તો Format. હજુ વધુ મુશ્કેલી હોય તો આખી Operating System ફરી Install, પણ માણસ? અહીં થાક, તણાવ, ચિંતા અને જવાબદારીઓ એકઠાં થતાં જાય. ઘણી વાર મન થાય કે શુક્રવારે સાંજે પોતાને Shutdown કરી સોમવારે સવારે Restart થઈ જઈએ, પરંતુ જિંદગીમાં રવિવારે પણ Update Pending જ રહે છે.

અને Low Storage Warning? ફોન તરત કહી દે છે કે Storage Full છે, પણ માણસના મનમાં વર્ષો જૂનાં ગુસ્સા, ઈર્ષ્યા, અહંકાર, ફરિયાદો અને પૂર્વગ્રહો ભરાયેલાં હોય છે. નવી વિચારસરણી માટે જગ્યા જ બચતી નથી... કદાચ જીવનમાં સૌથી જરૂરી Format હાર્ડ ડિસ્કનું નહીં, મનનું હોય છે.

GPS

GPS પણ અદ્‌ભુત વસ્તુ છે. ખોટા રસ્તે જાઓ તો તરત કહે, "Recalculating Route", પણ જિંદગીમાં? કેટલાક લોકો પચીસ વર્ષ ખોટા રસ્તે ચાલ્યા પછી પણ Route Recalculate કરવા તૈયાર નથી, કારણકે GPS પાસે અહંકાર નથી, માણસ પાસે હોય છે.

Terms and Conditions

કોઈ પણ App Install કરતાં પહેલાં Terms and Conditions આવે છે. કોઈ વાંચતું નથી. સીધું “I Agree” દબાવી દે છે. પછી મુશ્કેલી પડે તો કંપનીને દોષ આપે છે. લગ્ન, ભાગીદારી, નોકરી, ચૂંટણી

અને સંબંધોમાં પણ લગભગ આવું જ થાય છે. શરૂઆતમાં કોઈ Terms and Conditions વાંચતું નથી. પછી વર્ષો સુધી ફરિયાદો ચાલે છે.

Battery Percentage

મોલાઈલ સ્પષ્ટ બતાવે છે કે ૧૨% બૅટરી બાકી છે. લૅપટૉપ કહે છે કે હવે ચાર્જરમાં લગાવો, પણ જિંદગીમાં? કોઈને ખબર નથી કે કેટલા ટકા જીવન બાકી છે, છતાં પણ ઘણા લોકો સૌથી મહત્ત્વની બાબતો ''પછી કરીશું'' કહીને મુલતવી રાખતા રહે છે. મિત્રોને મળવાનું, પરિવાર સાથે સમય વિતાવવાનો, પ્રવાસ કરવાનો, કોઈનો આભાર માનવાનો, કોઈની માફી માંગવાની, કોઈને પ્રેમથી મળવાનું, આ બધું હંમેશાં ''પછી'' માટે રાખવામાં આવે છે. જીવનના Battery Percentage કોઈને દેખાતા નથી, પણ છતાંયે...

Draft Folder

ઈમેલમાં Draft Folder હોય છે. આજે નહીં તો કાલે મોકલીશું એમ વિચારીને ઘણુંબધું Draftમાં મૂકી દેવામાં આવે છે. જિંદગીમાં પણ આવું જ થાય છે. કોઈ પુસ્તક લખવાનું Draftમાં રહે છે. કોઈ પ્રવાસ Draftમાં રહે છે. કોઈ સ્વપ્ન Draftમાં રહે છે, કોઈ માફી Draftમાં રહે છે, કોઈ ''આભાર'' Draftમાં રહે છે અને પછી એક દિવસ સમજાય છે કે આખું જીવન Draft Folder બની ગયું. મોકલવાનું ઘણું હતું, પણ મોકલાયું જ નહીં.

Exit Group

WhatsApp Groupમાંથી Exit થવું કેટલું સરળ છે! એક બટન દબાવો અને બહાર, પણ સાચી જિંદગીમાં? પરિવાર, સગાં, પડોશી, સમાજ, ઑફિસ, સંસ્થા... અહીં Exit Groupનો વિકલ્પ નથી. અહીં રહેવું પડે, નિભાવવું પડે, સમજવું પડે અને ઘણી વાર સહન પણ કરવું પડે, કદાચ એ જ જીવનનું સૌથી મોટું તાલીમ કેન્દ્ર છે.

અને ભગવાને App કેમ ન બનાવી?

મોબાઈલની બૅટરી ખૂટી જાય તો ચાર્જર મળી જાય, કમ્પ્યુટર હેંગ થઈ જાય તો Restart થઈ જાય, ફાઈલ ડિલિટ થઈ જાય તો Recyle Binમાંથી પછી મળી જાય, મૅસેજ ખોટો જાય તો Delete of Everyone થઈ જાય. ખોટું લખાય તો Edit થઈ જાય.

પણ જીવનમાં સમય, સંબધો અને તકો - આ ત્રણ વસ્તુઓ એકવાર હાથમાંથી સરકી જાય પછી ઘણી વખત પાછી મળતી નથી. કદાચ એટલા માટે જ ભગવાને જિંદગીને Software નહીં, પરંતુ Opportunity બનાવી છે. Appમાં માણસ Block થઈ શકે, જિંદગીમાં માણસને સમજવો પડે. Appમાં Message Delete થઈ શકે. જિંદગીમાં શબ્દોની જવાબદારી લેવી પડે. Appમાં Restart થઈ શકે. જિંદગીમાં સુધારવું પડે અને કદાચ એટલા માટે જ વર્ચ્યુઅલ દુનિયા સરળ છે... પણ સાચી જિંદગી વધુ સુંદર છે. કારણકે ત્યાં "Delete for Everyone" નથી, ત્યાં "Learn from Everything" છે.

- સંજય ચંદનબેન વિસનજી છેડા

- રતાડિયા ગણેશવાલા, **મો.: ૯૮૯૨૮૧૫૩૬૭**

AMBIKA

અંબીકા બેગ હાઉસ

: ઉત્પાદક અને વિક્રેતા :

સર્વ પ્રકારની લેડીઝ બેગ્સ, સ્કૂલ બેગ્સ,
મની પર્સીસ અને કોમ્પલીમેન્ટરી આઈટમસ

૩૨૧, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, ક્રોફર્ડ માર્કેટ પાસે, મુંબઈ–૪૦૦૦૦૩.
ફોન : ઓફિસ : ૨૩૪૩ ૫૪૨૬, ૨૩૪૩ ૮૪૬૪ • ફેક્સ : ૫૬૩૫ ૯૦૪૪

લકી બેગ હાઉસ

૯૫, મારલેન રોડ, BST ક્વાટર્સ સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૮.
ટેલિફોન : ૨૩૦૨ ૧૯૪૨, ૨૩૦૨ ૧૯૪૪
www.luckybaghouse.com

પ્રમુખશ્રીની કલમે

✲ બિમલ જવેરબેન લાલજી વોરા ✲

બસ પાંચ મિનિટ...

આ વાક્ય આપણે એટલી સહજતાથી બોલી દઈએ છીએ કે હવે તેમાં રહેલું નુકસાન દેખાતું જ નથી. કોઈ કાર્યક્રમ થોડો મોડો શરૂ થાય, કોઈ સેમિનાર અડધો કલાક પાછળ જાય, કોઈ નાટકમાં દર્શકો રાહ જુએ, કોઈ લગ્ન પ્રસંગે મહેમાનો બેઠા રહે - આપણે તેને સમસ્યા તરીકે નહીં, પરંતુ સામાન્ય સામાજિક વ્યવહાર તરીકે સ્વીકારી લીધો છે.

પરંતુ હવે સમય આવી ગયો છે કે, આપણે આ વિષય પર થોડું ગંભીરતાથી વિચારીએ. પાંચ મિનિટ મોડું થવું એક વ્યક્તિને નાનું લાગે, પરંતુ જો સામે ૭૦૦ લોકો બેઠા હોય તો એ પાંચ મિનિટ ૩૫૦૦ મિનિટ બની જાય છે, એટલે કે એક વ્યક્તિ કે એક વ્યવસ્થા દ્વારા થયેલો નાનો વિલંબ, સામૂહિક રીતે અનેક કલાકોનું નુકસાન કરી શકે છે.

સમયસર આવેલા લોકોનો સમય પણ એટલો જ કીમતી છે, પણ એ લોકો શાંતિથી રાહ જુએ છે અને મોડા આવેલા લોકો આયોજનની ઐસી તૈસી કરીને કાર્યક્રમમાં આવે છે. આ વ્યવહાર બદલવો પડશે. સમયસર કાર્યક્રમ શરૂ કરવો એ માત્ર આયોજનનો વિષય નથી; તે સમયસર આવેલા લોકોના આદરનો વિષય છે.

IST-Indian Stretchable Time

આજે મજાકમાં IST એટલે Indian Stretchable Time કહેવાય છે. કાર્યક્રમ ૫ વાગ્યાનો હોય તો ઘણા લોકો ૫.૩૦ પછી આવવાનું યોગ્ય માને છે, કારણકે એમને લાગે છે કે કાર્યક્રમ તો મોડો જ શરૂ થવાનો છે.

હવે પ્રશ્ન એ છે કે કાર્યક્રમ મોડો શરૂ થાય છે, કારણકે લોકો મોડા આવે છે, કે લોકો મોડા આવે છે, કારણકે કાર્યક્રમ મોડો શરૂ થાય છે? આ કારણ અને પરિણામનું એવું ચક્ર બની ગયું છે, જેને સંસ્થાઓ અને સમાજ બંને મળીને જ તોડી શકે.

સંસ્થાઓની વાસ્તવિક મુશ્કેલીઓ

ઘણી સંસ્થાઓ સાચે જ કાર્યક્રમો સમયસર શરૂ કરવા ઈચ્છે છે, પરંતુ વાસ્તવિકતા ઘણી વાર વધુ જટિલ હોય છે. ક્યારેક મુખ્ય મહેમાન રસ્તામાં હોય, ક્યારેક દાતાશ્રીને યોગ્ય માન આપવાનું હોય, ક્યારેક મંચ પર બેઠેલા આગેવાનોનો પરિચય લેવો હોય અને આ બધું મળીને કાર્યક્રમના સમયપત્રકને ખોરવી નાખે છે. અહીં સંતુલન જરૂરી છે. સમાજ માટે નિઃશુલ્ક અથવા ઓછા ખર્ચે કાર્યક્રમ શક્ય બને તે માટે દાતાઓ, સહયોગીઓ અને આગેવાનોનું યોગદાન ખૂબ મહત્ત્વનું છે. તેમને માન આપવું યોગ્ય છે, પરંતુ માન આપવાનું આયોજન પણ સમયશિસ્ત સાથે થવું જોઈએ. સન્માનના નામે કાર્યક્રમનો મુખ્ય હેતુ અને સમય બંને બગડે, તો તે પણ યોગ્ય નથી.

મંચ પરની શિસ્ત પણ એટલી જ જરૂરી

મંચ પર બેઠેલી દરેક વ્યક્તિને અગાઉથી સ્પષ્ટ હોવું જોઈએ કે તેઓ શું બોલવાના છે, કેટલો સમય બોલવાના છે અને કયા વિષય પર બોલવાના છે. દરેક વક્તાએ મંચ પર બેઠેલી અને મંચની સામે બેઠેલી દરેક વ્યક્તિનાં નામોની લાંબી યાદી લેવાનું ટાળવું જોઈએ. આદર હૃદયથી વ્યક્ત થાય છે; દરેક બોલનારાએ દરેક નામ લેવું જોઈએ એવું જરૂરી નથી.

એક વધુ મહત્ત્વની બાબત એ છે કે જે વિષય મુખ્ય વક્તાનો હોય તે વિષય પર અન્ય વક્તાઓએ પહેલેથી જ લાંબું બોલી નાખવું નહીં. ઘણી વાર મુખ્ય વક્તા બોલવા ઊભા થાય ત્યારે વિષયનો અડધો રસ અગાઉના વક્તાઓ જ લઈ ચૂક્યા હોય છે. આથી મુખ્ય ભાષણની અસર પણ ઘટે છે અને સમય પણ બગડે છે. મંચ પર બેઠેલી દરેક વ્યક્તિએ સમજવું જોઈએ કે તેઓ એક ખૂબ જ મર્યાદિત સમયપત્રકનો ભાગ છે.

Minute-wise Planningની હવે આવશ્યકતા છે

આયોજકો માટે હવે માત્ર કાર્યક્રમ ગોઠવવો પૂરતું નથી. Minute-wise Planning જરૂરી છે. કોણ ક્યારે આવશે, કોણ કોનું સન્માન કરશે, કોણ મોમેન્ટો આપશે, કોણ Bouquet આપશે, કોણ માઈક સંભાળશે, કોણ સમય સંભાળશે - આ બધું અગાઉથી નક્કી હોવું જોઈએ. મંચ પર કોણ ક્યારે ઊભું થશે તે પણ અગાઉથી સ્પષ્ટ હોવું જોઈએ. છેલ્લી ઘડીએ ‘હવે કોણ આપશે?’’ જેવા પ્રશ્નો કાર્યક્રમની ગતિ તોડી નાખે છે.

દરેક કાર્યક્રમમાં એક વ્યક્તિ કે ટીમને "Time Manager" તરીકે જવાબદારી આપવી જોઈએ. જેમ "Stage Manager" હોય છે તેમ "Time Manager" પણ હોવો જોઈએ. જો કાર્યક્રમ પાંચ મિનિટ પાછળ જાય તો ક્યાંથી સમય બચાવવો, કયા ભાગને ટૂંકો કરવો, ક્યા ભાષણને સંક્ષિપ્ત કરવું, કઈ જાહેરાત મુલતવી રાખવી - આ નિર્ણય તરત લેવાય તે જરૂરી છે. કાર્યક્રમને ગોઠવવો એ ઉત્સાહ છે અને એને સમયસર પૂરો કરવો એ શિસ્ત છે.

નાના નિયમો મોટી સંસ્કૃતિ ઊભી કરી શકે

કાર્યક્રમો માટે પૂર્વ જાહેરાતોમાં પણ સમયશિસ્તના સંકેતો આપવા જોઈએ... જેમ કે-

"Valet Parking માત્ર સાંજે ૫.૪૫ સુધી ઉપલબ્ધ રહેશે." ‘‘કાર્યક્રમ શરૂ થયા પછી પ્રવેશ interval દરમિયાન જ રહેશે.’’ ‘‘દરવાજા નિર્ધારિત સમય પછી બંધ રહેશે,’’ ‘‘કાર્યક્રમ સમયસર શરૂ અને સમયસર પૂર્ણ કરવામાં આવશે.’’ આ સૂચનાઓ દંડ માટે નહીં, પરંતુ નવી સંસ્કૃતિ ઊભી કરવા માટે હોવી જોઈએ.

યુવાનો કેમ દૂર થઈ રહ્યા છે?

આજની પેઢી ઝડપ, સ્પષ્ટતા અને Professional Disciplineમાં વિશ્વાસ રાખે છે. જ્યારે કલાકો સુધી રાહ જોવી પડે, અનિયોજિત ભાષણો સાંભળવા પડે અથવા કાર્યક્રમના અંતનો અંદાજ જ ન હોય - ત્યારે તેઓ સ્વાભાવિક રીતે દૂર થવા લાગે છે.

વરિષ્ઠ નાગરિકો, બાળકો અને Volunteers પર અસર

વરિષ્ઠ નાગરિકો માટે વિલંબ મોટો પ્રશ્ન છે. લાંબો સમય બેસવું, મોડું ભોજન, દવાઓનો સમય ખોરવાવો - આ બધું તેમના માટે અસુવિધાજનક છે. નાનાં બાળકોવાળા પરિવારો માટે પણ મોડા કાર્યક્રમ મુશ્કેલ બને છે. સ્વયંસેવકો માટે પણ વિલંબ થાક વધારતો હોય છે. તેઓ પોતાના કામ, પરિવાર અને આરામનો સમય છોડીને સેવા માટે આવે છે. કાર્યક્રમ અનાવશ્યક ખેંચાય ત્યારે Volunteer fatigue પણ વધી જાય છે.

લગ્ન, સેમિનાર અને Online Meetings બધે એક જ સમસ્યા

લગ્ન સમારંભોમાં સમયનો બગાડ તો ખાસ જોવા મળે છે. મુહૂર્ત નક્કી હોય, પરંતુ વરરાજા તૈયાર થવામાં હોય, કન્યા ફોટોશૂટમાં હોય, ફોટોગ્રાફર Cinematic Entry ફરીથી લેતો હોય, Videographer Angle ગોઠવતો હોય અને મહેમાનો રાહ જોતા હોય.

આપણે શુભ મુહૂર્ત માટે મિનિટો અને સેકન્ડો ગણીએ છીએ, પરંતુ લોકોના સમય માટે એટલી જ કાળજી રાખતા નથી. સેમિનાર, ધાર્મિક કાર્યક્રમ, સાંસ્કૃતિક કાર્યક્રમો, નાટકો, સ્વજનોનાં સ્નેહમિલન, Professional Meetings અને Online Webinars - બધે સમયનું મૂલ્ય છે.

વિશ્વ સમયને કેવી રીતે જુએ છે?

વિશ્વના ઘણા દેશો સમયને માત્ર વ્યવહાર નહીં, પરંતુ સંસ્કૃતિ માને છે. જાપાનમાં ટ્રેન ૨૦ સેકન્ડ વહેલી નીકળી જાય તોપણ કંપની માફી માંગે છે. સ્વિટ્ઝર્લૅન્ડમાં Punctuality તેમની ઓળખ છે. જર્મનીમાં મિટિંગ ૧૦ વાગ્યે હોય તો તેનો અર્થ એ નથી કે લોકો ૧૦ વાગ્યે આવવાનું શરૂ કરે; તેનો અર્થ એ છે કે ચર્ચા ૧૦ વાગ્યે શરૂ થાય, ત્યાં સમયપાલન Professinalism છે. આપણે ત્યાં સમયપાલન હજુ ઘણી વાર Optional ગણાય છે.

બદલાવ બંને તરફથી લાવવો પડશે

આ બદલાવ માટે માત્ર સંસ્થા જવાબદાર નથી અને માત્ર લોકો પણ જવાબદાર નથી. બંનેએ બદલાવ લાવવો પડશે. સંસ્થાએ સમયપત્રક કડક રાખવું પડશે, મંચ પરની દરેક વ્યક્તિને સમયમર્યાદા સમજાવવી પડશે, માઈકના ઉપયોગને નિયંત્રિત કરવો પડશે, દાતાઓ અને મહેમાનોના સન્માનને પણ સમયબંધ ગોઠવવું પડશે અને Delay થાય તો તરત Plan B અમલમાં મૂકવો પડશે. તે જ રીતે સમાજે પણ સમજવું પડશે કે સમયસર આવવું એ માત્ર પોતાની શિસ્ત નથી; તે બીજાના સમયનો આદર છે.

સમાપન

તો ચાલો, સૌ મળીને પ્રયત્ન કરીએ કે કાર્યક્રમ વધુ સમયબદ્ધ, વધુ સુવ્યવસ્થિત અને વધુ સંવેદનશીલ બને, પરંતુ આ પ્રયત્ન સફળ ત્યારે જ થશે જ્યારે સભ્યો, મહેમાનો, વક્તાઓ, દાતાઓ, સ્વયંસેવકો અને આયોજકો - બધા મળીને સમયનો આદર કરશે. આ શરૂઆત સરળ નહીં હોય, પરંતુ જરૂરી છે, કારણકે સમાજમાં બદલાવ મોટાં ભાષણોથી નહીં, પરંતુ નાની નાની શિસ્તોથી આવે છે.

સમયનો આદર એટલે સમાજનો આદર.

ગામ : નવિનાર, મો : ૯૮૨૧૦ ૭૫૭૦૧

પગ મેં ભમરી

✲ લીલાધર હાંસબાઈ માણેક ગડા-અધા ✲

અમે સૌ નિમિત્ત માત્ર

આરોગ્ય, શિક્ષણ, આવાસ, આજીવિકા ભારતીય નાગરિકના મૂળભૂત અધિકારો છે. આ તમામ પ્રશ્નોના હલ માટે રાજ્ય અને કેન્દ્ર સરકાર તરફથી આર્થિક સહાય અથવા સગવડો મળતી રહે છે. એ મેળવવા માટેની પ્રક્રિયા કે સરકારી યંત્રણા એટલે ચક્રવ્યુહના સાત કોઠા પાર કરવા પડે. શાળામાં જતાં બાળકો માટે શાળા આરોગ્ય યોજના છે જે અંતર્ગત વિદ્યાર્થીને ગમે તેવી મોટી બીમારી માટે સારવાર, સર્જરી નિઃશુલ્ક હોય છે. ''શાળા આરોગ્ય તપાસ કાર્યક્રમ'' દરેક શાળા માટે ફરજિયાત છે, પરંતુ એ કાર્યક્રમનું અમલીકરણ વ્યવસ્થિત રીતે થતું નથી. સ્વૈચ્છિક સંસ્થાઓ આ કાર્યક્રમોનું આયોજન કરે છે, પરંતુ એમાં પણ ઘણાં છીંડાં રહી જાય છે. સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓ વચ્ચે યોગ્ય તાલમેલથી આ કાર્યક્રમ ચલાવવામાં આવે તો ઉચિત કાર્યવાહી થઈ શકે.

માનસી સંસ્થાએ આખા લખપત તાલુકાની પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચ-માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની આંખ તપાસનો કાર્યક્રમ ઑગસ્ટ, ૨૦૨૪થી શરૂ કર્યો હતો જેમાં ટૂંકી નજરવાળાં બાળકો માટે નંબર પ્રમાણે ચશ્માં બનાવી આપવાના તથા જરૂરત પ્રમાણે સર્જિકલ ઈન્ટરવેનશન પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ હેઠળ માતાના મઢ પ્રાથમિક શાળામાં તપાસ દરમ્યાન એક શિક્ષિકા બહેને જણાવ્યું કે, એક વિદ્યાર્થિનીની તપાસ બાકી છે, એ ઘરે છે એને બોલાવી છે તો ૨-૫ મિનિટમાં આવશે. દરમ્યાન શિક્ષિકા બહેને વિગતે વાત જણાવી કે મોહિનીને નાનપણથી જ પેશાબની સમસ્યા છે જે મુજબ ટીપેટીપે પેશાબ પડ્યા કરે છે. હવે તે આઠ વર્ષની થઈ, તેને શરમ આવે છે એટલે નિયમિત શાળાએ આવતી નથી. શિક્ષિકા બહેનની મદદથી મોહિનીના વાલીને શાળામાં બોલાવી વિગતે વાત સમજી જે મુજબ જન્મ સમયેથી આ સમસ્યા છે અને છેક, અમદાવાદ સુધી જઈ આવ્યા પણ કંઈ થયું નહીં. મને ત્યાંથી જ ફોન પર સર્વ હકીકત જણાવી આગળ શું કરીએ, એવો પ્રશ્ન પૂછ્યો એટલે મેં ડૉ. કૌશિક શાહની ઍપોઈન્ટમેંટ લીધી. બીજા દિવસે મોહિની તેના પિતા સાથે માંડવી ડૉ. કૌશિક શાહના હૉસ્પિટલ પર આવી એના C.T. Scan તથા લોહીના રિપોર્ટ કરાવવા જણાવ્યું અને મને ફોન કર્યો.

''અધા, મોહિનીનો કેસ બહુ જ અસામાન્ય કેસ છે. પહેલી નજરે એને જન્મથી VVF હોય એવું લાગે છે. એના રિપોર્ટ આવેથી હું ઈન્ટરનેટ પરથી માહિતી મેળવવાની કોશિશ કરીશ.'' આવા અસામાન્ય મેડિકલ કેસીસમાં ડૉ. કૌશિકસાહેબ બહુ રસ લેતા હોય છે. તેમણે જણાવ્યું કે રિપોર્ટ જોયા પછી તેઓ સ્કોપી કરશે અને પેશાબની કોથળીની હાલત કેવી છે તે જાણશે. બધા રિપોર્ટ આવી ગયા પછી ડૉ. શાહનો અભિપ્રાય હતો કે

આ અસામાન્ય કેસ અમદાવાદની યુ.એન.ત્રિવેદી કિડની હૉસ્પિટલમાં જ ઑપરેટ થઈ શકશે. આ ઑપરેશન નિઃશુલ્ક થશે, પરંતુ તે માટે મોહિનીની શાળામાંથી બોનાફાઈડ સર્ટિફિકેટ મેળવવું પડશે, સાથે ભુજની સિવિલ હૉસ્પિટલમાંથી અમદાવાદ સિવિલ પર ભલામણ પત્ર લેવો પડશે. આટલી કાર્યવાહી ૧૬ ઑગસ્ટ, ૨૦૨૪ સુધી થઈ, પરંતુ તે પછી મોહિનીના પિતાએ કોઈ કાર્યવાહી કરી નહીં. એમનો સંપર્ક થતાં એક મહિના પછી કરીશું એવો જવાબ આપી એમણે સામેથી ફોન કરીશું કહીને વાત પૂર્ણ કરી.

બરાબર એક વર્ષ પછી તા. ૧૨.૧૨.૨૦૨૫ના રોજ ફરીથી મોહિનીના પિતા હિમંતભાઈ જાગરિયાનો સાંજના સમયે માનસીનાં ગીતાબેન પર ફોન આવ્યો. બેન હવે હું સમય કાઢીને દોડાદોડી કરીશ પણ મોહિનીનું ઑપરેશન થઈ જાય એમાં અમને મદદ કરો. માનસીના અર્લી ઈન્ટરવેનશન કૅમ્પમાં આવતા વાલીઓના સામાજિક પ્રશ્નોથી વાકેક ગીતાબેને અન્ય કંઈ પણ પૂછ્યા વગર બીજા જ દિવસે શાળામાંથી બોનાફાઈડ સર્ટિફિકેટ લેવા જવાનું સૂચન કર્યું. તા.૧૩.૧૨.૨૦૨૫ના શાળામાં હાજર પૂજાબેને ગીતાબેન સાથે વાત કરી, વિગત જાણીને હકારાત્મક વલણ સાથે તે જ દિવસે દાખલો બનાવીને આપ્યો. શનિ, રવિ આવી જતાં સોમવાર ને ૧૫ ડિસેમ્બરના મોહિનીના બધાં કાગળિયાં લઈ હિમંતભાઈ ભુજ સિવિલમાં પહોંચી ગયા જયાં પહેલેથી હૉસ્પિટલના ડીન સાથે આ કેસ અંગે વાત થઈ હોવાથી ફરજ પરના ડૉક્ટરે ફૉર્મ ભરી આપ્યા અને અમદાવાદ સિવિલ પરનો પત્ર લખીને સહી-સિક્કા કરી આપ્યા. અમદાવાદમાં કરવાની કાર્યવાહી અંગે કોઈ માર્ગદર્શન આપ્યું નહીં. બપોરે આ કાર્ય પૂર્ણ થતા હિમંતભાઈએ ગીતાબેનને જણાવ્યું કે ભલામણ પત્ર મળી ગયો છે. તો હું આવતી કાલે અમદાવાદ પહોંચી જાઉં. ગીતાબેને હા તો પાડી પછી મારી સાથે અમદાવાદમાં કોઈ ઓળખાણ છે કિડની હૉસ્પિટલમાં તે અંગે પૂછપરછ કરી.

અહીં મને એક વિશેષ વ્યક્તિએ કરેલી ગોઠવણ કેટલી કામ લાગી એની કલ્પના પણ ના થઈ શકે. ગામડાનો દરદી અમદાવાદ કે મુંબઈની જનરલ હૉસ્પિટલની ભીડમાં કયાં ખોવાઈ જાય એની એને ગતાગમ પણ ન પડે. દરેક કાઉન્ટર પર ગિર્દી હોય છે અને સેંકડો દરદીઓને સૂચના આપનાર એક કે બે વ્યક્તિઓ હોય છે. દરદી અને જવાબદાર વ્યક્તિઓ દરેક જણ માનસિક ત્રાણમાં હોય છે.

અગાઉની ટર્મમાં રાપરનાં વિધાનસભ્ય સંતોકબેન બચુભાઈ અરેઠિયા હતાં ત્યારથી જ બચુભાઈએ કચ્છથી અમદાવાદ તથા પાટણ સારવાર માટે જતા દરદીઓ માટે સુઆયોજિત વ્યવસ્થા કરી છે. બંને સ્થળે બચુભાઈના પ્રતિનિધિ હાજર રહીને હૉસ્પિટલમાં દરદીઓ માટે માર્ગદર્શન આપે છે, દરદીની નાની-મોટી જરૂરિયાતો પૂરી પાડે છે. બચુભાઈનો મેં ફોન પર સંપર્ક કર્યો અને ગણતરીના સમયમાં તેમણે ગીતાબેનના નંબર પ્રતિનિધિ સંજય ભાનુશાળી (રાપર) અને કૌશિકભાઈ (અમદાવાદ)ને મોકલી આપ્યા અને સંકલન ગોઠવી આપ્યું. ગીતાબેને અમદાવાદ કૌશિકભાઈને પૃછા કરી તો તેમણે કહ્યું કે, આવતી કાલે મંગળવારના ઓ.પી.ડી. છે. તો દરદીને મોકલી દો. એમને અમદાવાદ

સિવિલમાં બારસો બેડના ગેટ પાસે આવીને મને ફોન કરવાનું કહેજો. ગીતાબેને મોહિનીના પિતાને બધી માહિતી, સંપર્ક નંબર વગેરે આપીને સાંજે જ બસમાં નીકળી જવા કહ્યું, સાથે લાંબો સમય રહેવું પડે તો ગણતરી સાથે સામાન લેવાની તાકીદ પણ કરી. અમદાવાદ શાહીબાગમાં તેમને રહેવાની સગવડ થઈ જશે એવું કૌશિકભાઈએ કહેલું એટલે થોડી હાશ થઈ.

૨૬મી ડિસેમ્બરના બારસો બેડના ગેટથી ઓ.પી.ડી. અને તપાસ માટેનાં કાગળીયાં મેળવવા કૌશિકભાઈ સતત હિમંતભાઈ સાથે રહ્યા. વધારાની તપાસ માટે પૈસા ભરવાના હતા એટલે ફરી ગીતાબેને માહિતી મેળવી તો ખબર પડી કે ભલામણ પત્ર તો ભુજ સિવિલમાંથી મળ્યો પણ તેના પર જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગના અધિકારીનો સહી-સિક્કો નથી. આ વાત ભુજ સિવિલમાં કોઈએ કહી નહોતી, હવે શું કરવું તો અમદાવાદ સિવિલમાંથી જવાબ મળ્યો કે આના પર સહી-સિક્કા લાવી દો એટલે ઓનલાઈન ફૉર્મની કોપી પર સહી-સિક્કા કરીને ઓનલાઈન મોકલી આપી શકાય. હવે ગીતાબેન માનસીથી ભુજ જાય તો બપોરના મોડું થાય, ત્યારે આવા કામ માટે હંમેશાં સેતુ અભિયાનનો ઑફિસ બૉય કાંતિ યાદ આવે. સેતુના CEO પાસેથી રજાઓ મેળવીને કાંતિને સમજાવી ઓનલાઈન કૉપીઓ કાઢીને એના પર સહી-સિક્કા લેવા જિલ્લા પંચાયત આરોગ્ય અધિકારી પાસે મોકલ્યો. સરકારી દફતરે કામ કઢાવવાની કુનેહ ધરાવતા કાંતિએ અધિકારીને મળી, મોહિનીની વિગત સમજાવી ઓનલાઈન પ્રોસેસથી મેળવેલ કાગળ બતાવ્યા અને પોણા કલાકમાં આરોગ્ય વિભાગ ભુજે ઓનલાઈન ફૉર્મ અમદાવાદ સિવિલના કિડની ડિપાર્ટમેન્ટમાં મોકલી આપ્યા. કાંતિ, ખરેખર આ ક્ષણો સંકટમોચન હનુમાન પુરવાર થયો.

મોહિનીને ૧૮મી ડિસેમ્બરે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી અને જરૂરી તપાસ કરવામાં આવી, ૬ દિવસ બાદ રજા આપવામાં આવી અને ફરી પાછી ૫મી જાન્યુઆરીના ફરીથી બધા કાગળ, ફાઈલ સાથે દાખલ થવાનું સૂચન કરવામાં આવ્યું. ગીતાબેન અને મોહિનીના પિતા સતત સંપર્કમાં રહીને દરેક પ્રયાસ હકારાત્મક રીતે કરી રહ્યાં હતાં જેમાં દરેક વ્યક્તિઓના હકારાત્મક અભિગમને કારણે મોહિનીના કુટુંબનું મનોબળ મજબૂત થયું હતું.

૫મી જાન્યુઆરીના ફરીથી મોહિની તેના પિતા અને દાદી સાથે અમદાવાદ સિવિલમાં દાખલ થઈ, બીજા દિવસની ઓપીડીમાં સર્જનોએ તમામ રિપોર્ટ જોયા અને પ્રાથમિક નિદાન EPISPADIA આવ્યું. ડૉક્ટરોના કહેવા મુજબ જન્મથી જ આ તકલીફ હોય છે જેમાં પેશાબ નીકળવાની નળીનો રસ્તો યોગ્ય જગ્યાએ હોતો નથી. દુનિયામાં દર ૪,૮૪,૦૦૦ બાળકીઓમાંથી ૧(એક)ને આ તકલીફ હોય છે. અમદાવાદ સિવિલની સંપૂર્ણ ટીમને મોહિનીના કેસમાં રસ પડ્યો, પણ તે છતાં તેને નડિયાદની મૂળજીભાઈ પટેલ યુરોલૉજી હૉસ્પિટલમાં રીફર કરવામાં આવી. હિમંતભાઈને કેવી રીતે હિંમત આપવી એ પણ એક પડકાર હતો. દરમ્યાન અમો બિદડા હૉસ્પિટલમાં વિજયભાઈ અને ભરતભાઈ મારફત આ કેસ માટે નડિયાદ વાત કરી. નડિયાદની ટીમના ડૉ. વિરાજ દેસાઈને મોહિનીના દરેક રિપોર્ટ ઓનલાઈન મોકલી આપ્યા. એમણે ૨૫મી જાન્યુઆરીના નડિયાદ ઓ.પી.ડી.માં આવવાં કહ્યું.

૨૫મી જાન્યુઆરીના હિમંતભાઈ દીકરીને લઈ નડિયાદ પહોંચ્યા, જ્યાં અમેરિકાથી ખ્યાતનામ યુરોલૉજિસ્ટ Dr. Nirtchi આવ્યા હતા. તેમણે મોહિનીનો કેસ તપાસ્યા પછી સર્જરી માટે જાન્યુઆરી, ૨૦૨૭ (એક વર્ષ પછીની) તારીખ આપી. તેઓ દર વર્ષે જાન્યુઆરી મહિનામાં અહીં આવીને સર્જરી કરે છે. તેમનો ભારતમાં ૨૬, જાન્યુઆરી પછીના દિવસો અમેરિકા રવાના થવાનો દિવસ હતો. આ સમય દરમ્યાન મોહિનીની કિડનીના સ્ટ્રક્ચર અને ફંક્શનના ટેસ્ટ પણ કરાવવાના હતા. અમે સૌ મૂંઝવણમાં આવી ગયા. વધુ એક વર્ષ માટે મોહિનીને આ પીડા સહન કરવી પડશે. દરમ્યાન નિર્ણય લેવાયો કે Dr. Nirtchi તથા અમદાવાદ સિવિલના ડૉક્ટરોએ સૂચવેલા તમામ રિપોર્ટ તૈયાર કરી ફાઈલ પૂરી કરવી. ત્યાર પછી આગળની કાર્યવાહી કરવી.

નડિયાદથી ફાઈલ લઈ એ જ રાત્રે હિમંતભાઈ, કિડની હૉસ્પિટલ અમદાવાદ ગયા અને મોહિનીનો ન્યુકલીઅર મેડિસિન DMSA Scan કરાવ્યો. કિડની હૉસ્પિટલના ડૉક્ટરોને વિનંતી કરી હિમંતભાઈ એની દીકરીને એક વર્ષ પછી લાવે એવા સંજોગો ન પણ હોય, આપ સૌ કુશળ ડૉક્ટરો છો. જરૂર પડે તો Dr. Nirtchiનું ઓનલાઈન Guidence મેળવી શકશો. કૌશિકભાઈએ પણ ડૉક્ટરો સાથે વાતચીત કરી અને આખરે મોહિનીને ફરીથી વૉર્ડમાં દાખલ કરવામાં આવી. ૪થી ફેબ્રુઆરી, ૨૦૨૬ના Epispadias repair + BNR (Bladdes Neck Reconstruction) મોહિનીનું ઑપરેશન થયું. ૨૬/૨ થી હળવો ખોરાક આપવામાં આવ્યો અને ૧લી માર્ચના હૉસ્પિટલમાંથી રજા અપાઈ. ફરી ૧૭ માર્ચના ફોલોઅપ માટે આવવા જણાવ્યું. All Okના શેરા સાથે ૯૫ દિવસની કાર્યવાહી પછી જાગરિયા પરિવાર દરેક ક્ષણે દીકરીના ચહેરા પરનું હાસ્ય જોઈ સૌનો ઉપકાર માને છે.

ગીતાબેનો શાળાના શિક્ષિકાથી લઈ, કૌશિકભાઈ સુધી જેમણે જેમણે આ યજ્ઞમાં પુરોહિતોની ભૂમિકા ભજવી હતી, એવા બારેક જણને હૃદયપૂર્વક અભિનંદન આપી આભાર માન્યો. અંદરથી ખૂબ નવાઈ ઊપજી ‘‘આગળ શું થશે? કેમ થશે?’’ને બદલે જાણે કુદરતે સૌને નિમિત્ત બનાવી કેટલી સહજતાથી આ ‘‘થઈ ગયું’’ને પડકારરૂપે પાર પાડી દીધો.

મો.: ૯૮૭૯૫૦૬૦૫૯

શ્રી ક.વી.ઓ. સેવા સમાજનું
બિનધંધાદારી મુખપત્ર

સ્થાપના : ૧૯૪૭ વર્ષ : ૭૯

પગદંડી

અંક : ૪ જુલાઈ ૨૦૨૬

તંત્રી : અશ્વિન લક્ષ્મીબેન પોપટલાલ માલદે

સંકલન : CA સંજય ચંદનબેન વિસનજી છેડા

મુદ્રક -પ્રકાશક : **શ્રી અશ્વિન પી. માલદે**

પ્રકાશન સ્થળ: શ્રી ક.વી.ઓ. દે. નવી મહાજન વાડી, ૩જે માળે, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯.

ફોન નં : ૨૩૭૧ ૪૬૭૪

pagdandi.kvoss.org. - email:pagdandi@kvoss.org

ટાઈપસેટીંગ : **ધીરેન તારાબેન મુરજી ગાલા** (કોટડા(રોહા) - ફોર્ટ)

મોબાઈલ : ૯૮૩૩૫૪૧૦૪૦

મુદ્રણ સ્થાન : **મેઘાર્ટ કલર ક્રાફટર્સ,**

૪૨, આઈડિયલ ઈન્ડ. એસ્ટેટ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ -૪૦૦૦૧૩. ફોન : ૨૪૯૨ ૧૯૬૪

–: લવાજમ :–

૧૦ વર્ષ : રૂા. ૧,૦૦૦/- છૂટક નકલ : રૂા. ૧૫/-

ચેક/ડ્રાફ્ટ શ્રી ક.વી.ઓ. સેવા સમાજને નામે લખવા.

ભોજાય સર્વોદય ટ્રસ્ટનો દર્શક એવૉર્ડ અર્પણ સમારોહ - અહેવાલ

- અશ્વિન લક્ષ્મીબેન પોપટલાલ માલદે

જાણીતા સાહિત્યકાર શ્રી મનુભાઈ પંચોલી ઉર્ફે દર્શકની યાદગીરીમાં રચાયેલ દર્શક ફાઉન્ડેશન દ્વારા સાહિત્ય, શિક્ષણ તથા ગ્રામ પૂનર્રચના ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરનારને પ્રતિવર્ષ એવૉર્ડથી સન્માનિત કરવામાં આવે છે. આ વર્ષે ગ્રામ પૂનર્રચના માટેનો એવૉર્ડ શ્રી ભોજાય સર્વોદય ટ્રસ્ટને અને સાહિત્ય માટેનો એવૉર્ડ જાણીતા સર્જક શ્રી મોહનભાઈ પરમારને એનાયત કરવામાં આવ્યો હતો. આ એવૉર્ડ સમારંભ ભોજાય કચ્છ ખાતે ૧૩મી જુન, ૨૦૨૬ના રોજ આયોજવામાં આવ્યો હતો.

કચ્છની કોઈ વ્યક્તિ અથવા સંસ્થાને ૨૨ વર્ષના લાંબા સમયગાળા બાદ કોઈ એવૉર્ડ એનાયત થઈ રહ્યો હતો, એટલે સ્વાભાવિક રીતે જ એક અનેરો ઉત્સાહ હતો. આ સમારોહના અધ્યક્ષ સ્થાને ખૂબ જ પ્રતિષ્ઠિત, જ્ઞાનપીઠ એવૉર્ડના ગુજરાતના એકમાત્ર વિજેતા અને જાણીતા સાહિત્યકાર શ્રી રઘુવીર ચૌધરી હતા.

શરૂઆત દીપ પ્રાગટ્યથી થઈ હતી. દર્શક ફાઉન્ડેશનના ટ્રસ્ટી શ્રી સંજય ચૌધરીએ આવકાર આપ્યો હતો અને પસંદગીની પ્રક્રિયાની સમજ આપી હતી. જાણીતા સર્જક શ્રી મહેન્દ્રસિંહ પરમારે એવૉર્ડ અને ચયનની માહિતી આપી હતી.

હરેશભાઈ ધોળકિયાએ ભોજાય સર્વોદય ટ્રસ્ટના સર્વેસર્વા શ્રી લીલાધરભાઈ ગડાનો પરિચય આપ્યો હતો અને શ્રી અજય રાવલે શ્રી મોહનભાઈ પરમારનો પરિચય આપ્યો હતો. શ્રી મનસુખભાઈ સલ્લા, શ્રી પ્રકાશભાઈ શાહ, શ્રીમતી સુષ્મા આયંગર, ડૉ. કૌશિક શાહ વગેરેએ પ્રાસંગિક પ્રવચનો આપ્યાં હતાં. અધ્યક્ષશ્રીનુ વક્તવ્ય શ્રી રઘુવીર ચૌધરીએ આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી રમજાન હસણિયાએ કર્યું હતું.

ગ્રામ પૂનર્રચના માટેનો એવૉર્ડ શ્રી ભોજાય સર્વોદય ટ્રસ્ટને ભલે આપવામાં આવ્યો હોય, પરંતુ એની સ્થાપના, એની પરિપકવતા અને એની વિશિષ્ટતા જેને આ એવૉર્ડથી ગૌરવન્વિત કરવામાં આવી હતી એ બધું શ્રી લીલાધરભાઈ ગડા ઉર્ફે અધાનું હતું. આ જ વાત પોતાના પ્રવચનમાં શ્રી હરેશભાઈ ધોળકિયાએ કરી હતી. શ્રી ભોજાય સર્વોદય ટ્રસ્ટની કદર વાસ્તવમાં શ્રી લીલાધરભાઈની અનોખી સેવાની કદર છે. તેમણે શ્રી લીલાધરભાઈની સરખામણી નૉબેલ પુરસ્કાર વિજેતા શ્રી આર્નોલ્ડ સ્વાઈટ્ઝર સાથે કરી હતી. શ્રી આર્નોલ્ડ જ્યારે જરૂરત જણાઈ ત્યારે પોતાની બધી સુખ સાહેબી છોડી આફ્રિકાના જંગલ વિસ્તારમાં જરૂરિયાતમંદો વચ્ચે વસી ગયા હતા, એમ લીલાધરભાઈએ પણ અન્ય ઘણા વિકલ્પો છોડી કચ્છનાં અંતરિયાળ ગામડાંને, નારીની વેદનાને પોતાનું કાર્યક્ષેત્ર બનાવી લીધું હતું. શ્રી રઘુવીર ચૌધરીએ જણાવ્યું હતું કે અધાએ કચ્છની પ્રજાને પિતાનું વાત્સલ્ય આપ્યું છે. ૧૩૦૦ની વસતિ ધરાવતા એક નાનકડા ગામડામાંથી લીલાધરભાઈરૂપી પ્રેમની સરવાણી ફૂટી છે. ‘થઈ જશે’ એ એમના પુસ્તકનું શિર્ષક આત્મવિશ્વાસનો સંદેશ આપે છે.

સન્માનના પ્રત્યુત્તરમાં શ્રી લીલાધરભાઈએ એક નાના આંતરિયાળ ગામડાંમાં થઈ રહેલ સેવાના યજ્ઞની નોંધ લઈ એને સન્માન બક્ષવા, યોગ્ય સમજવા બદલ સર્વેનો ખાસ આભાર માન્યો હતો. તેમણે જણાવ્યું હતું કે સેવા સાથે સ્નેહ, સંવેદના અને કરુણાનું સમિશ્રણ ભોજાય સર્વોદય ટ્રસ્ટને અન્યો કરતાં અનોખું પાડે છે. તેમનું માનવું છે કે દર્દી સાથે જ્યાં સુધી નિસ્બત ન કેળવવામાં આવે ત્યાં સુધી થતું તમામ કાર્ય લુખ્ખું બની રહે છે અને આ જ બાબતને અનુલક્ષીને કાર્યક્રમ બાદ શ્રી લાલ રાંભિયા અને સાથીદારોએ લીલાધરભાઈએ વર્ણવેલી વેદનાની સરવાણી, મહિલાઓની વ્યથાનાં ગીતો મુંગી રે વેદના હતી ક્યાં હતી રજુ કર્યા.

શ્રી સાહિત્યના વિજેતા શ્રી મોહનભાઈ પરમારે પોતાની રચનાઓનો પરિચય આપી દર્શક ફાઉન્ડેશનનો આભાર માન્યો હતો. એમની રચનાઓમાં દલિતો માટેની વેદના, કોમી એખલાસ માટે એમની ઝંખના વિશિષ્ટરૂપે દેખાઈ આવતી હતી.

આ પ્રસંગને શોભાયમાન કરતા ઘણા વ્યક્તિવિશેષ હાજર રહ્યા હતા. શ્રોફ પરિવાર અને પીડીલાઈટ પરિવારના અગ્રણીઓ, ભૂતપૂર્વ નાણામંત્રી બાબુભાઈ શાહ અને ભુજના અને માંડવીના અનેક અગ્રણીઓ અને સાહિત્યરસિકો હાજર રહ્યા હતા. મુંબઈથી સેવા માટે હંમેશાં તત્પર ડૉક્ટરોની ટીમ, અધાના અન્ય ચાહકો અને શુભેચ્છકો પણ હાજર રહ્યા હતા.

રેતાળ નહિ હેતાળ પ્રદેશ કચ્છ



✻ ગુલાબ પાનબાઈ રવજી દેઢિયા ✻

નવા વર્ષનો આરંભ વર્ષાથી થાય એનાથી રૂડું શું! વરસાદને તો સૌ કોઈ ઈચ્છે, ચાહે, પણ કચ્છી પ્રજાએ તો અષાઢ માસને જ પહેલો પૂજ્યો. વર્ષનો આરંભ અને વર્ષાનો આરંભ સાથે થાય એવી ભાવના ભાવી.

કચ્છ બહાર વસનાર કચ્છીઓ મોબાઈલ પર વાતની શરૂઆત શેનાથી કરે છે? 'કચ્છમાં કેટલો વરસાદ થયો?' ભલે એ વાતો કરનારાઓનું કચ્છમાં ઘર કે ખેતર હોય કે ન હોય, પણ કચ્છ માટેની લાગણી જ મુખ્ય વાત છે. વતનની યાદ આવે અને કચ્છી માડુ કચ્છમાં દોડી આવે એ સહજ વાત છે.

એક ચોપડીમાં લખ્યું હતું, 'કચ્છ એ રેતાળ પ્રદેશ છે.' મેં ત્યાં સુધારીને લખ્યું, કચ્છ એ હેતાળ પ્રદેશ છે.' કચ્છની ધરતીએ આપણને જે મોટામાં મોટી ભેટ આપી હોય તો તે છે માણસાઈ.

કચ્છી પ્રજા કચ્છ બહાર એની માણસાઈ માટે વખણાય છે. દુકાનદાર હોય કે પડોશી, કચ્છીને સૌ કોઈ પસંદ કરે છે. ખરે ટાણે કામ આવે એ કચ્છી છે. સરળતા, સાહસ, સંપ અને સમભાવ જેવા સંસ્કારોને લીધે દેશ ને વિદેશમાં કચ્છીઓ પોતપોતાના ક્ષેત્રમાં અવ્વલ રહ્યા છે. 'કચ્છી એટલે ભરોસો', અન્ય પ્રાંતના લોકો આવું પ્રમાણપત્ર આપે છે.

વર્તમાન સમયની વાત કરીએ તો આપણી માતૃભૂમિ કચ્છ માટે શું માગીશું? કચ્છ પાસે ઘણુંબધું છે. ઘણાં સારાં કામો થઈ રહ્યાં છે, છતાં જરૂર માગવાનું મન થાય છે કે, હે પ્રભુ! કચ્છી પ્રજાને વ્યસનોની ચુંગાલમાંથી પૂરેપૂરી બચાવજે. કચ્છી યુવાન ભાઈ-બહેનોને ગુટકા-તંબાકુમાં ફસાયેલાં જોઈ ખૂબ દુઃખ થાય છે.

બીજી વાત, શાળા અને કૉલેજના વિદ્યાર્થીઓને વૃક્ષારોપણ અને જળસંચયનું મહત્ત્વ સમજાવવા જેવું છે. તે વાતો દ્વારા નહિ, કાર્યો દ્વારા. શાળા-કૉલેજના અભ્યાસક્રમમાં જ આ બે કાર્યો આવરી લેવા જોઈએ. શિક્ષણ વિભાગ આ જરૂર કરી શકે છે.

વરસાદનું પાલર પાણી સંચય થયા વગર વહી જતું હોય અને આપણે સૌ જોતા જ હોઈએ એ યોગ્ય નથી. દરેક ગામમાં આ બે કાર્યો નક્કર રીતે થાય એવી ઉમેદ રાખીએ.

કચ્છના કોઈ દૂર દૂરના ગામમાં શાળામાં યોગ્ય શિક્ષકો ન હોય, બાળકોનું ભણતર કાચું હોય તે કેમ ચલાવી લેવાય? સરકારી તંત્ર અને ગ્રામજનોએ જાગૃત થવાનું છે. આજનાં બાળકો એ આવતી કાલના કચ્છના નાગરિકો છે, ઘડવૈયા છે. એમના ઘડતર માટે કોઈ ખમતીધર સંસ્થાએ સખત મહેનત કરવા જેવી છે.

આ કાર્યોમાં દિલ રેડીશું તો નવા વર્ષની ઉજવણી, આવઈ અષાઢી બીજ લેખે લાગશે.

કચ્છ બહાર વસતા કચ્છી કચ્છની જેટલી ચિંતા કરે છે, કચ્છના વિકાસ માટે કંઈક કરી છૂટવા તત્પર છે, કચ્છમાં વસતાં ભાઈબહેનોએ પણ એમાં વિશેષ જોડાવા જેવું છે. કામ ભલે નાનું હોય, પણ ખરા દિલથી થાય છે, ત્યારે ઊગી નીકળે છે. કચ્છીમાં કહી શકાય, 'સાગઈ બીજ ઊગે વગર ન રે'.

કચ્છનાં નાનાં કે મોટાં ગામની વિશેષતા કઈ છે? ત્યાં જે ધાર્મિક ભાઈચારો છે તે અદ્‌ભુત છે. પ્રશંસાપાત્ર છે. ગામમાં બધી જ્ઞાતિનાં, બધા ધર્મનાં ભાઈ-બહેનો જે સંપથી, પરસ્પર સહકારથી રહે છે તે વાતને વંદન કરવા જેવા છે.

કચ્છની પ્રજાએ અનેક અભાવ જોયા છે, સહન કર્યા છે. એનો કોઈ ડંખ રાખ્યા વગર સમભાવ પર આવવું એ પ્રજાનો સમૂહ ગુણ છે.

કચ્છમાં ધરતીના લાડા મેઘરાજા પધારી ચૂક્યા છે. માં અને માધવની કૃપા સદાય રહે એવી પ્રાર્થના કરીએ.

ભારત દેશનો આ અનન્ય, અદ્‌ભુત પ્રદેશ કચ્છ જ્યાં સુફલામ છે, મલય શીતલામ્ છે, સાથોસાથ સુજલામ્ પણ એવી આજના પરમ મંગળકારી અષાઢી બીજના દિવસે પ્રાર્થના કરીએ.

એક એક કચ્છી કચ્છની અસ્મિતાને આત્મસાત કરે, દેશ અને દુનિયામાં કચ્છના ગુણોને ઉજાગર કરે, કચ્છનું નામ દિલમાં રાખે, કચ્છ તરફ સિરો કરીને સૂવે એવી અરદાસ કરું છું. સૌને સાલ મુબારક. નૂતન વર્ષાભિનંદન! જય કચ્છ! જય ભારત.

મો. ૯૮૨૦૬૧૧૮૫૨

ગાલા ભણસાલી
સ્ટોક બ્રોકર્સ પ્રા. લિ.
તરફથી
હાર્દિક શુભેચ્છા

Taare Hamaare

✻ રાજન ભાનુબેન કાંતિલાલ ધરોડ ✻

જ્યારે કળા આત્મવિશ્વાસનું કૅન્વાસ બને...

દરેક માતા-પિતાનું એક સ્વપ્ન હોય છે. તેમનું બાળક હસે, રમે, મિત્રો બનાવે, આત્મવિશ્વાસથી જીવે અને એક દિવસ પોતાના પગ પર ઊભું રહે, પરંતુ કેટલાંક માતા-પિતા માટે આ સ્વપ્ન સુધી પહોંચવાનો રસ્તો થોડો વધુ લાંબો, વધુ કઠિન અને વધુ સંવેદનશીલ હોય છે.

મુલુંડમાં રહેતાં એક બહેનનો પુત્ર આજે ૨૫ વર્ષનો છે. એ એક સ્પેશિયલ ચાઈલ્ડ છે. ફિટ્સની તકલીફને કારણે ઘણી વખત તેને ફરીથી શીખેલી બાબતો યાદ અપાવવી પડે છે. પોતાની શારીરિક મર્યાદાઓને કારણે તે લઘુતાગ્રંથિ અનુભવતો હતો. લોકો સાથે વાત કરવાનું તેને ગમતું નહોતું. આખો દિવસ શાંત બેસી રહેતો યુવાન પોતાના પરિવાર માટે માત્ર ચિંતાનો નહીં, પરંતુ સતત વેદનાનો વિષય હતો.

એક માતા માટે સૌથી મોટી પીડા બીમારી નહોતી. સૌથી મોટી પીડા હતી પોતાના સંતાનની આંખોમાં ધીમે ધીમે ઓગળતો આત્મવિશ્વાસ જોવાની.

વિદ્યાવિહારમાં રહેતા ૨૨ વર્ષના અન્ય યુવાનની વાર્તા પણ કંઈક આવી જ છે. જન્મજાત શારીરિક પડકારોના કારણે એ યુવાન સતત એક લઘુતાગ્રંથિથી ઘેરાયેલો રહેતો. લોકો સામે આવવું, વાત કરવી કે પોતાની વાત વ્યક્ત કરવી પણ તેના માટે સરળ નહોતું.

હકીકતમાં મુંબઈ અને આસપાસના અનેક પરિવારોમાં આવી અસંખ્ય વાર્તાઓ જીવાઈ રહી છે. દિવ્યાંગ સંતાનનાં માતા-પિતા ઘણી વાર એક પ્રશ્ન સાથે જીવે છે - ''આજે તો અમે છીએ, પરંતુ અમારા પછી આ બાળકનું શું ?''

આ પ્રશ્ન કદાચ શબ્દોમાં ન બોલાય, પરંતુ હજારો માતા-પિતાના હૃદયમાં સતત ધબકતો રહે છે. આ જ પ્રશ્ન અને આ જ પીડાએ વર્ષો પહેલાં એક સુંદર વિચારને જન્મ આપ્યો. સમાજના પ્રખર વિચારક અને દ્રષ્ટા આદરણીય વેલજી લખમશી નપુનાં પૌત્રી કોકિલાબહેન ઈસરાણીને બાળપણથી જ કળા પ્રત્યે વિશેષ લગાવ હતો. તેમણે જે. જે. સ્કૂલ ઑફ આર્ટ્સમાંથી અભ્યાસ કર્યો હતો. કળાને માત્ર શોખ તરીકે નહીં, પરંતુ માનવીના વ્યક્તિત્વ વિકાસના શક્તિશાળી માધ્યમ તરીકે તેઓ જોતાં હતાં.

જ્યારે તેમણે આવાં અનેક બાળકો અને તેમના પરિવારોની મનોવ્યથા નજીકથી જોઈ, ત્યારે તેમના મનમાં એક પ્રશ્ન ઊભો થયો - શું આ બાળકોની અંદર રહેલી સર્જનાત્મક શક્તિને યોગ્ય દિશા આપી શકાય ?

આ વિચારને બળ મળ્યું તેમના પતિ શ્રી દિનેશભાઈ ઈસરાણી પાસેથી. તે સમયે તેઓ સમાજની ૧૧૪ વર્ષ જૂની શૈક્ષણિક સંસ્થા શેઠ ધનજી દેવશી કેળવણી ફંડ (DDKF)માં પ્રમુખ તરીકે સેવા આપી રહ્યા હતા. ચર્ચાઓ અને વિચારમંથન પછી એક નાનો પ્રયોગ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.

આજથી લગભગ ચાર વર્ષ પહેલાં માટુંગાના નપુ હૉલ ખાતે દર શનિવારે એક નાનું આર્ટ વર્કશોપ શરૂ થયું. શરૂઆતમાં માત્ર પાંચ કે છ બાળકો આવતાં. કોઈને પેન્સિલ યોગ્ય રીતે પકડતાં આવડતું નહોતું. કોઈને બ્રશ હાથમાં લેતા અચકાટ થતો. કોઈ પાંચ મિનિટથી વધુ ધ્યાન કેન્દ્રિત કરી શકતું નહોતું, પરંતુ ત્યાં કોઈ સ્પર્ધા નહોતી. કોઈ ગુણપત્રક નહોતું. કોઈ નિષ્ફળતા નહોતી. હતાં તો માત્ર ધીરજ, પ્રેમ અને સ્વીકાર.

સમાજના જાણીતા કલાકારો, સ્વયંસેવકો અને માર્ગદર્શકો ધીમે ધીમે બાળકોને રંગો સાથે મિત્રતા કરાવતા ગયા. બ્રશ પકડવાથી શરૂઆત થઈ. પછી રેખાઓ દોરાઈ. પછી રંગો ભરાયા અને ધીમે ધીમે કૅન્વાસ પર માત્ર ચિત્રો જ નહીં, પરંતુ આત્મવિશ્વાસ પણ દેખાવા લાગ્યો. આજે આ વર્કશોપમાં ૩૦થી વધુ બાળકો નિયમિત રીતે જોડાય છે.

આ બાળકો હવે માત્ર ચિત્રો બનાવતાં નથી. તેઓ સર્જન પણ કરે છે. તેઓ પોતાની અંદરની લાગણીઓને રંગોમાં વ્યક્ત કરે છે. ઘણાં બાળકો માટે શબ્દો કરતાં રંગો વધુ સરળ ભાષા બની ગયા છે. તેમના માટે કૅન્વાસ માત્ર કાગળ નથી. તે તેમની લાગણીઓનું દર્પણ છે.

બાળકો દ્વારા તૈયાર થયેલા આર્ટવર્કને હાઈ રિઝોલ્યુશનમાં સ્કેન કરવામાં આવે છે અને પછી તેમાંથી વિવિધ ઉત્પાદનો તૈયાર થાય છે. સિરેમિક મગ, ટ્રે, કોસ્ટર્સ, જ્યૂટ બૅગ, ટ્રાવેલ પાઉચ, મોબાઈલ સ્લિંગ બૅગ, ગિફ્ટ આઈટમ્સ અને અન્ય અનેક ઉપયોગી ઉત્પાદનો પર તેમની કળાને સ્થાન આપવામાં આવે છે.

સાદા કાપડ પર બાળકો દ્વારા કરવામાં આવતું બ્લૉક પ્રિન્ટિંગ પછી અન્ય મહિલા મંડળો અને એનજીઓ દ્વારા સીવણ અને ફિનિશિંગ માટે ઉપયોગમાં લેવામાં આવે છે. આ પ્રક્રિયામાં એક સુંદર સામાજિક ઈકોસિસ્ટમ ઊભી થઈ છે. એક તરફ આ બાળકોને તેમની મહેનતનું વળતર મળે છે. બીજી તરફ અન્ય સંસ્થાઓ સાથે પણ રોજગારી અને સહકારનું જાળું બને છે.

અહીં એક વાત ખાસ નોંધવા જેવી છે. આ સમગ્ર પ્રવૃત્તિનો ઉદ્દેશ દાન આપવાનો નથી. ઉદ્દેશ આત્મસન્માન જગાડવાનો છે. અહીં બાળકોને સહાનુભૂતિ નહીં, તક આપવામાં આવે છે. કારણકે આત્મનિર્ભરતા દાનથી નહીં, પરંતુ સર્જનથી જન્મે છે. આ પ્રયત્નની નોંધ માત્ર સમાજે જ નહીં, પરંતુ કળાજગતે પણ લીધી.

આ વર્ષે મુંબઈના પ્રતિષ્ઠિત કાલા ઘોડા આર્ટ ફેસ્ટિવલમાં આ બાળકોને પોતાનું સર્જન રજૂ કરવાની તક મળી. સામાન્ય રીતે લાખો રૂપિયાના સ્ટૉલ ભાડા ધરાવતા આ આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠાના ઉત્સવમાં તેમને વિશેષ સ્થાન આપવામાં આવ્યું. બાળકો અને સ્વયંસેવકો માટે આ માત્ર એક સ્ટૉલ નહોતો. આ તેમની સ્વીકૃતિનો ઉત્સવ હતો. તેમને શીખવવામાં આવ્યું કે મુલાકાતીઓ સાથે કેવી રીતે વાત કરવી, પોતાનાં ઉત્પાદનો કેવી રીતે રજૂ કરવા અને આત્મવિશ્વાસથી પોતાની કૃતિઓ વિશે કેવી રીતે સમજાવવું.

લોકો તરફથી મળેલો પ્રેમ અને પ્રતિસાદ તેમના માટે જીવનભરની યાદ બની ગયો. જ્યારે આ પ્રવૃત્તિ ધીમે ધીમે એક ચળવળનું સ્વરૂપ ધારણ કરવા લાગી, ત્યારે તેને એક ઓળખ આપવાની જરૂરિયાત અનુભવાઈ.

આ બાળકો કોઈ સામાન્ય બાળકો નથી. તેઓ પોતાની રીતે અનોખાં છે. તેઓ પોતાની રીતે તેજસ્વી છે. તેઓ પોતાની રીતે ચમકે છે. આ જ વિચારમાંથી જન્મ્યું નામ - ''તારે હમારે''

આકાશમાં ચમકતા તારલાઓની જેમ આ બાળકો પણ પોતાની કળા, પોતાની મહેનત અને પોતાના આત્મવિશ્વાસથી સમાજને પ્રકાશિત કરે છે.

અને એમનો લોગો પણ ખાસ છે. તે કોઈ કૉમ્પ્યુટર સોફ્ટવેરથી તૈયાર કરવામાં આવ્યો નથી. તે હાથથી દોરવામાં આવ્યો છે, કારણકે આ સંસ્થાની દરેક રચનામાં બાળકોના હાથનો સ્પર્શ અને તેમની મહેનત જોડાયેલી છે.

આ કોઈ એક વર્કશોપ નથી. તે આશાનું સરનામું છે. તે માતા-પિતાને વિશ્વાસ આપે છે. તે બાળકોને આત્મસન્માન આપે છે. તે સમાજને સંવેદનશીલ બનાવે છે અને તે આપણાને યાદ અપાવે છે કે શારીરિક કે માનસિક મર્યાદા પ્રતિભાની મર્યાદા નથી.

યોગ્ય માર્ગદર્શન, પ્રેમ અને તક મળે તો દરેક બાળક પોતાના આકાશમાં ઝળહળી શકે છે. મહિનાના દર બીજા અને ચોથા શનિવારે બપોરે ૩ થી ૫ વાગ્યા દરમિયાન માટુંગાના નપુ હૉલમાં યોજાતો આ વર્કશોપ માત્ર જોવા જેવો નથી, અનુભવવા જેવો છે. કદાચ ત્યાં જઈને આપણે બાળકોને કંઈ શીખવાડી ન શકીએ, પરંતુ એટલું ચોક્કસ છે કે ત્યાંથી પાછા ફરીએ ત્યારે જીવન વિશે કઈક નવું શીખીને જરૂર આવીએ કારણકે આ બાળકોને આપણી સહાનભૂતિની જરૂર નથી. જરૂર છે તો માત્ર એક તકની અને તક મળે ત્યારે તેઓ પણ તારલાઓની જેમ ઝળહળી શકે છે.

આખરે ''તારે હમારે'' માત્ર એક નામ નથી, તે એક વિશ્વાસ છે - કે દરેક બાળકમાં એક તારો છુપાયેલો છે. બસ તેને ચમકવા માટે થોડું આકાશ જોઈએ.

ગામ : લુણી,
મો.: ૯૮૨૦૫ ૩૫૨૭૧

સોનગઢ રત્નાશ્રમ

✲ વસંત મોંઘીબાઈ ઉમરશી મારુ ✲

અમેરિકાની જગપ્રસિદ્ધ નાસા નામની વૈજ્ઞાનિક સંસ્થામાં મંગળ મિશનનું કાર્ય જોરશોરથી ચાલી રહ્યા છે. ઈ.સ. ૨૦૩૦માં અમેરિકા પોતાનું પ્રથમ સહમાનવયાન મંગળ પર મોકલશે. આ મિશનમાં ચાવીરૂપે ભાગ ભજવનાર વૈજ્ઞાનિક ભારતના કચ્છીમાડુ પણ હતા જેમનું નામ હતું અમર સાવલા. અમર કાનજી આસધીર સાવલા કોડાય ગામના હતા. અમરભાઈએ ૧૯૭૮માં અમેરિકામાં કમ્પ્યુટર સાયન્સમાં એમ.એસ. કરી સીધા નાસામાં જોડાઈ જઈ ભારતીયોનાં શિર ગર્વથી ઊંચાં કરી દીધાં. નાસાના વિવિધ વિભાગોમાં એમણે સેવા આપી. થોડાક સમય પહેલાં એમનું અવસાન થયું.

બીજા એક કચ્છીમાડુ નાનજી હીરજી કુરિયા (બિદડા) પુનાની ફૂટપાથો પરથી નિરાધાર, અશક્ત, બીમાર લોકોને ગોતી પોતાની સંસ્થા 'જન સેવા ફાઉન્ડેશન''ના 'જ્યેષ્ઠ' આશ્રમમાં લઈ જઈ સેવા કરે છે. અશક્ત, નિરાધાર વડીલોને નવડાવે, જમાડે, એમનાં મળમૂત્ર સુધ્ધાં સાફ કરી એમને શાતા બક્ષે છે. આ જ્યેષ્ઠ આશ્રમ પુનાથી ચાલીસ કિલોમીટર દૂર છે. પુના પાસેના કાત્રજમાં એમણે બે થી દસ વર્ષની નિરાધાર કન્યાઓ માટે અનાથ આશ્રમ સ્થાપ્યો છે. એમની સંસ્થાની નવેક એમ્બ્યુલન્સ પુના અને આસપાસના વિસ્તોરોમાં સતત ચોવીસ કલાક સેવા આપે છે. નાનજીભાઈએ નિરાધાર બહેનો માટે નર્સિંગ કૉલેજ પણ સ્થાપી છે. માનવતાના મશાલચીની આ સંસ્થા ''જન સેવા ફાઉન્ડેશન''ને રાષ્ટ્રપતિ એવૉર્ડ પણ મળી ચૂક્યો છે.

એ જ રીતે મુંબઈ ક્રિકેટ ઍસોસિયેશન સાથે સંકળાયેલી એકમાત્ર કચ્છી ક્રિકેટ કલબના સુત્રધાર શ્રી પ્રવીણભાઈ ગોગરીએ ક્રિકેટ ક્ષેત્રે કચ્છીઓને ગર્વ થાય એવી કામગીરી બજાવી છે. એમની ''દહિંસર સ્પોર્ટ કલબ' આ વર્ષ ૫૦મું વર્ષ ઉજવી રહી છે. પ્રવીણભાઈ એમ.સી.એ.માં એટલા લોકપ્રિય છે કે ચાર વખત મૅનેજિંગ કમિટીમાં ચૂંટાયા હતા. રણજી ટ્રોફી ઈત્યાદી ટૂર્નામેન્ટસમાં મુંબઈ ટીમના મૅનેજરપદે રહી, મુંબઈ ટીમને ટોપ પર રાખી છે. તેઓ કાંગાલીગમાં સતત પચાસ વર્ષથી ક્રિકેટ રમે છે. આજના અસંખ્ય ક્રિકેટરોને તૈયાર કરનાર આ અલગારી માણસ સંગીત અને લેખન સાથે ઘરોબો રાખી શકે એ માટે મોબાઈલ સુધ્ધાં વસાવ્યો નહોતો. મુંબઈ શહેરમાં સાંજે સાત વાગે સૂઈ સવારે ત્રણ વાગે ઊઠી જવાના એમના નિત્યક્રમથી આજના યુવાનો અચંબિત થઈ જાય છે.

વિવિધ ક્ષેત્રોમાં ટોપ પર ઝળહળતા આ કચ્છી હીરલાઓનું આલેખન એટલા માટે મેં કર્યું છે કે એમનું ઘડતર કરનાર 'શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ, સોનગઢ'નો પરિચય વાચકોને મળી રહે. કચ્છીઓમાં સોનગઢ રત્નાશ્રમ તરીકે પ્રખ્યાત આ સંસ્થાનમાં શિક્ષણ અને સંસ્કાર

પામનાર અસંખ્ય કચ્છી વિદ્યાર્થીઓ આજે વિવિધ ક્ષેત્રમાં નેત્રદીપક કામગીરી કરી રહ્યા છે. હિન્દી ફિલ્મોના કોરિયોગ્રાફર કિરણ શાહ, રાજનેતાઓ અને ફિલ્મી દુનિયાનાં સંતાનોને સંગીત શીખવનાર સંગીતગુરુ સ્વ. વસંત ગડા, જેમણે સમગ્ર જીવન રત્નાશ્રમને આપ્યુ. અને ૧૯૫૦માં સી.એ. થનાર શિવજી વિકમસી (વારાપધ્ધર) (જેમના પુત્ર કમલેશભાઈ વિકમસી Confederation of Asian and Pacific Accountants (CAPA) ના પ્રમુખ રહી ચુક્યા છે.) સંસ્થાના હાલના મંત્રી તથા આધ્યાતમીક ઊંચાઈ પ્રાપ્ત કરનાર સી.એ. પંકજભાઈ ગોસર, પ્રબુદ્ધ જીવનના તંત્રી સ્વ. ધનવંત શાહ ઈત્યાદિના નામો આ યાદીમાં ઉમેરી શકાય. બધાને સોનગઢ રત્નાશ્રમ અને એના સ્થાપક જૈન સાધુ કલ્યાણચંદ્રબાપા અને ચારિત્રવિજયજીબાપા પ્રત્યે અન્યોન્ય પ્રેમ છે.

આ લેખના નાયક જૈન મુનિ કલ્યાણબાપા (કલ્યાણચંદ્રજી) કચ્છના ગેલડા ગામના હતા. માંડ પાંચ વર્ષના કલ્યાણજીના પિતાનું જ્યારે અવસાન થયું ત્યારે માતા સાથે નાનાના ગામ ભુજપુર રહેવા આવ્યા. ભુજપુરમાં એ વખતે રત્નચંદ્ર મુનિનુ ચોમાસું હતું. મૃગાપુત્રનો રાસ વાંચતા મુનિરાજને જોઈ કલ્યાણજીને દીક્ષા લેવાના ભાવ જાગૃત થયા.પરંતુ ગરીબ વિધવા માતાએ સાત વર્ષ સુધી દીક્ષાની પરવાનગી ન આપી. છેવટે કલ્યાણજીની જીદ સામે નમતું જોખી સંસાર ત્યાગવાની રજા તેમનાં માતાએ આપી ત્યારે તેમની ઉંમર બાર વર્ષની હતી અને બાળક કલ્યાણજી બની ગયા સાધુ કલ્યાણચંદ્ર. એમને નાની વયમાં જ ખૂબ પરિપકવતા હતી. સ્કૂલમાં ખાસ કાંઈ ભણ્યા નહોતા, પણ એમની અંદર એક મહામાનવ જીવંત હતો. એટલે જ વર્ષો પછી અસંખ્ય એન્જિનિયરો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ, ડૉકટર્સ બનનારા વિદ્યાર્થીઓના ભાગ્યવિધાતા બન્યા એ કુદરતની કેવી યોજના કહેવાય.

કલ્યાણચંદ્ર મહારાજસાહેબ ગુરુ રત્નચંદ્ર અને દાદાગુરુ વ્રજપાળજીસ્વામીના લાડકા શિષ્ય હતા. એમને વાંચનનો ઘણો શોખ હતો. એ વખતે મુંબઈમાં દેરાવાસી સંપ્રદાયના મુનિરાજ ચારિત્રવિજયજીનાં વ્યાખ્યાનો ખૂબ પ્રસિધ્ધ હતાં.

એક વખત ચારિત્રવિજયજી મહારાજસાહેબનું ચોમાસું મસ્જિદ બંદરમાં હતું. ક.વિ.ઓ. દેરાવાસીની પાલા ગલી હાઈ સ્કૂલમાં એમનાં વ્યાખ્યાનો યોજાતાં. એમને સાંભળવા જનમેદની ઊમટી પડતી. એ વખતના ધુરંધર સર ફિરોજશાહ મહેતા, અખબારનવીસ કામા શેઠ ઈત્યાદિ મહાનુભાવો પણ એમનાં વ્યાખ્યાન સાંભળવા આવતા. મુનિરાજનાં ક્રાંતિકારી વ્યાખ્યાનો બીજા દિવસે અખબારોમાં છપાતાં. અને ત્રણ-ચાર દિવસે અખબારો કચ્છમાં પહોંચતાં. કચ્છમાં વિચરતા કલ્યાણચંદ્રજી એમનાં વ્યાખ્યાનો છાપામાં વાંચવા સદાય તલપાપડ રહેતા. ધીરે ધીરે બંને મુનિરાજનો પત્રવ્યવહાર શરૂ થયો. ચારિત્રવિજયજી દેરાવાસી સંપ્રદાયના હતા અને કલ્યાણચંદ્રજી સ્થાનકવાસી હતા. કલ્યાણચંદ્રજી ચારિત્રવિજયજી કરતાં પાંત્રીસ વર્ષ નાના હતા છતાં બંને વચ્ચે મૈત્રીનો માંડવો રચાયો. છેવટે બંને મુનિરાજોએ પ્રત્યક્ષ મળવાનું નક્કી કર્યું. બંનેએ વિહાર કરી જૂનાગઢના વંથલી ગામમાં મળ્યા. અત્યંત સહજતાથી ધર્મ અને માનવધર્મની ચર્ચાઓ થઈ. સ્વતંત્રતાની આરે આવીને ઉભેલા ભારતના ભવિષ્ય માટે શિક્ષણ દ્વારા શ્રેષ્ઠ નાગરિકો તૈયાર કરવાની યોજનાઓ ઘડાઈ અને બંને એક વાતથી સહમત થયા કે ચારિત્ર અને સંસ્કૃતિના ઘડતર માટે એક છાત્રાલય શરૂ કરવી.

બંને સાધુઓએ ગિરનાર જઈ તીર્થંકર દેવ નેમીનાથ સામે પ્રતિજ્ઞા કરી કે 'આજ પછી કોઈને શિષ્ય નહીં બનાવીએ, આજથી અમે સેવ્યમાંથી સેવક બનીએ છીએ, પ્રસિદ્ધિના મોહમાં કોઈ કામ નહીં કરીએ. ચારિત્રવિજયજીના અનુયાયીઓની મદદથી પાલિતાણા નજીક સોનગઢ ગામમાં જગ્યા લેવાઈ અને તેર વિદ્યાર્થીઓથી ''સોનગઢ રત્નાશ્રમ''ની શરૂઆત થઈ, ત્યાં હવે દર વર્ષે ચારસો જેટલાં વિદ્યાર્થીઓ વિનામૂલ્યે રત્નાશ્રમમાં રહી રત્નાશ્રમની સ્કૂલમાં ભણે છે. આજથી ૯૭ વર્ષ પહેલાં કોઈ જૈન સાધુ સંસ્થા શરૂ કરે એ સામે પૂરે તરવા જેવી વાત હતી, પણ બંને મહાત્માઓ વિરોધની પરવા કર્યા વગર મિશનમાં મચી પડ્યા. સામાન્ય રીતે ચારિત્રવિજયજી ગુજરાત-મહારાષ્ટ્રમાં વિહાર કરી રત્નાશ્રમનો પ્રચાર-પ્રસાર કરતા અને કલ્યાણચંદ્રજી રત્નાશ્રમમાં આજીવન સ્થાયી થયા.

બંને મુનિરાજ પ્રખર દેશભક્ત હતા. રોજ રેંટિયો ચલાવતા, એમની વાતો સાંભળી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ સોનગઢ આવીને એમની સાથે સમય વિતાવ્યો. માભોમની મુક્તિ ઈચ્છતા સાધુઓની દેશભક્તિ જોઈ ગાંધીજી ગદગદ થઈ ગયા અને યાદગીરીરૂપે ભારતમાતાની મૂર્તિનું અનાવરણ કર્યું. આજે પણ એ મૂર્તિ અને અખંડ ભારતનો દુર્લભ નકશો રત્નાશ્રમમાં મોજૂદ છે. સમય જતા ચારિત્રવિજયજી કાળધર્મ પામ્યા અને સમગ્ર સંસ્થાનો ભાર કલ્યાણચંદ્રબાપા મહારાજ પર આવી પડ્યો.

કલ્યાણબાપાનું વૈદ્યકીય જ્ઞાન ખૂબ હતું. વૈદ તરીકે સોનગઢ વિસ્તારમાં ખૂબ પ્રસિદ્ધ હતા. ભાવનગરના રાજવી કૃષ્ણકુમારજી પથરીના દર્દનો શિકાર બન્યા ત્યારે ડૉક્ટરોએ લંડન જઈ પથરીનું ઑપરેશન કરાવવાનું સૂચન કર્યું. પણ કોઈક દરબારીએ કૃષ્ણકુમારજીને મુનિ કલ્યાણબાપા પાસે ઉપચાર કરવાનું સૂચન કર્યું; રાજવી કૃષ્ણકુમારજીએ મુનિ કલ્યાણબાપા પાસે આવી આર્યુવૈદિક ઉપચાર કરાવ્યા અને પથરી દૂર થઈ ગઈ. ત્યારથી મુનિ કલ્યાણબાપા અને રાજવી વચ્ચે મૈત્રી બંધાઈ. એ વખતે અલભ્ય કહેવાય એવી એમ્બેસેડર ગાડી રત્નાશ્રમને ભેટ આપી. એમની સાથે અનેક રાજવીઓ અવારનવાર સોનગઢ બાપાની મુલાકાતે આવતા. ત્યારે આધુનિક દવાખાનાં ઓછાં હોવાથી આજુબાજુના વિસ્તારના લોકો બાપા પાસે વિના મૂલ્યે દવા કરાવવા આવતા અને આ કચ્છી સાધુ ''બારે આલમના બાપા'' તરીકે પ્રખ્યાત થઈ ગયા.

મુનિ કલ્યાણબાપાની આયોજનશક્તિ કાબિલેતારીફ હતી. એના ઉત્તમ ઉદાહરણ આજે પણ રત્નાશ્રમની ૫૦ એકર જમીનમાં ઑર્ગેનિક ખેતી કરવામાં આવે છે જેનાં શાકભાજી ઈત્યાદી વિદ્યાર્થીઓ માટે વપરાય છે. રત્નાશ્રમના બાળકોને સ્વાવલંબી બનાવવા અથાણાં, સાબુ, વેસેલીન ઈત્યાદિ બનાવતા શીખવાડીને કિફાયતી ભાવે વેચાણ કરાય છે. રત્નાશ્રમની શરૂઆતથી જ ગૌશાળા બંધાઈ હતી જેમાં અત્યારે સોથી વધુ ગાયો છે. એ સમયે હાજા રબારી નામના પશુપાલક ગાયોની સંભાળ લેવા રત્નાશ્રમ સાથે જોડાયા. હાજા રબારીની પાંચમી પેઢી અત્યારે રત્નાશ્રમમાં કાર્યરત છે. એમના પ્રપૌત્ર ભરતભાઈ અત્યારે રત્નાશ્રમના સુપરિન્ટેડંટ તરીકે સેવા આપે છે. કલ્યાણબાપા ''બાળકોની મુછાળીમાં'' બનીને સ્વાવલંબન સ્વચ્છતાના પાઠ ભણાવતા. એમણે કલા-કારીગીરી માટે પણ જબરું કાર્ય કર્યું. પરિણામે ૧૪૦ જેટલા સંગીત વિશારદ, ૨૦૦ જેટલા ચિત્રકારો, ૧૦૦ જેટલા રાષ્ટ્રીય કક્ષાના રમતવીરો તૈયાર થયા છે.

મુનિ કલ્યાણબાપાને સાહિત્યકારો માટે વિશેષ લાગણી હતી. રમણલાલ વસંતલાલ દેસાઈથી માંડી ચં.ચી. મહેતા સુધીના અસંખ્ય સાહિત્યકારોએ સોનગઢ રત્નાશ્રમની આંબાવાડીમાં મહિનો-મહિનો રહીને મબલક સાહિત્યનું સર્જન કર્યું છે. કચ્છના ધુરંધર સાહિત્યકાર દુલેરાય કારાણીએ કચ્છના શિક્ષણ અધિકારી તરીકે નિવૃત્ત થઈ છેલ્લાં ૩૫ વર્ષ સુધી રત્નાશ્રમમાં સ્થિરવાસ કર્યો. દુલેરાય કારાણીએ કચ્છની લોકકથાઓ, કાવ્યો, વાર્તાઓ,નાટકોનું લેખન કરી જગત આખાને ''કચ્છીયત''નો અદ્ભુત પરિચય કરાવ્યો. કલ્યાણબાપાના કાળધર્મથી થોડાંક વર્ષો પહેલાં જ રત્નાશ્રમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ માતૃ સંસ્થાના સંચાલનનો પડકાર ઝીલી લીધો. આ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ રત્નાશ્રમને હજી વધુ ઊંચાઈએ લઈ જવા તનતોડ મહેનત કરે છે. એનું શ્રેષ્ઠ ઉદાહરણ એટલે ગુજરાતની પહેલી રોબોટિક લૅબ ત્યાં આકાર પામી છે. સોનગઢ રત્નાશ્રમના સર્જક બે જૈન સાધુ ચારિત્રબાપા અને કલ્યાણબાપાની વાતોથી ગદગદિત થઈ, પગદંડી વતીથી આ મહાન આત્માઓને વંદન.

કોડાય

મો. : ૯૭૫૭૪૦૫૮૭૨

લોકભવનની મુલાકાતે

✻ ડૉ. શિરીષ ભાનુમતીબેન ચુનીલાલ માલદે ✻

લોકભવન એ પ્રત્યેક રાજ્યના રાજ્યપાલ/ગવર્નરનું સેક્રેટરીએટ અને સત્તાવાર નિવાસસ્થાન હોય છે. ૨૦૨૪માં કેન્દ્ર સરકારે તેનું નામ રાજભવનથી બદલીને લોકભવન કરેલ છે. મહારાષ્ટ્રનું લોકભવનનું મુખ્ય મથક મુંબઈમાં વાલ્કેશ્વર મલબાર હિલના સૌથી દક્ષિણ છેડે આવેલ છે. ત્રણે બાજુ સમુદ્રથી ઘેરાયેલ આ લોકભવન વ્યૂહાત્મક લોકેશન, સુંદરતા અને લગભગ ૧૫૦ વર્ષના ભવ્ય વારસાને લીધે ભારતનાં બધાં રાજ્યોના લોકભવનથી અલગ તરી આવે છે.

મુલાકાત માટે ઓનલાઈન બુકિંગ ફરજિયાત છે. છેલ્લા બે મહિનાથી ટાંપીને બેઠો હોવા છતાં તક હાથમાંથી સરી જતી હતી. છેવટે ૧૦ એપ્રિલના મે મહિનાનું બુકિંગ ઓપન થયું ત્યારે ૩૦ મે, ૨૦૨૬નું બુકિંગ મળ્યું. એક દિવસમાં ૩૦ મુલાકાતીઓની સંખ્યા મર્યાદા છે. આખરે ૩૦ મેનો દિવસ આવ્યો મુલાકાત માટે સવારના ૬ વાગે લોકભવન પહોંચવું ફરજિયાત છે. મળસ્કે ૪ વાગે ઊઠીને પોણા છ વાગ્યે અમે લોકભવનના ગેટમાં હાજર થઈ ગયા. પ્રવેશ માટે જરૂરી ઓળખવિધિ અને સિક્યુરિટી ચેક પસાર કરીને જ્યારે ૩૦ મુલાકાતીઓ આવી ગયા ત્યારે લગભગ ૬:૧૫ વાગે લોકભવનના ગાઈડ સાથે અમારી મુલાકાત શરૂ થઈ.

૪૭ એકરમાં ફેલાયેલ લોકભવનમાં પ્રવેશદ્વારની જમણી બાજુએ પોસ્ટઑફિસ આવેલ છે. અંદર વસતા કર્મચારીઓ માટે કાર્યરત એવી આ પોસ્ટઑફિસ હાઈસિક્યોરિટી ઝોનમાં આવેલ હોવાથી બહારની સામાન્ય જનતા માટે કેટલી ઉપયોગી છે તે ખબર નથી. ત્યાર બાદ એક મોટા સમતલ અને ઓપલ ગ્રાસ લૉન અને હેલીપેડ આવ્યું. એક જમાનામાં આ નાનકડું મેદાન સુરક્ષા માટે નાનીમોટી તોપ અને ગન માટેનું પ્લૅટફૉર્મ હતું.

આગળ જતા લોકભવનનું કેન્દ્રબિંદુ એટલે કરંજા સર્કલ આવે છે. અહીંયાંથી વિવિધ વસ્તુઓ તરફ જઈ શકાય છે. સવારના સૂર્યોદયનો સમય થયો હોવાથી અમને સીધા પૂર્વ દિશા તરફ સનરાઈઝ ગૅલેરીમાં લઈ જવામાં આવ્યા. આપણે મોટે ભાગે સૂર્યોદય જોવા હિલ સ્ટેશને ટોચ ઉપર જતા હોઈએ. જ્યારે અહીંયાં મુંબઈનાં મરીન ડ્રાઈવની ગગનચુંબી ઈમારતો વચ્ચે જગ્યા બનાવીને આકાશમાં ઊંચો જતા સૂર્યને નિહાળવાનો લહાવો મળ્યો. મરીન ડ્રાઈવ પરથી સામે મલબાર હિલનો છેડો ઘણી વાર જોયો હતો પણ આજે તે છેડા પરથી સામે મરીન ડ્રાઈવ અને નરીમાન પૉઈન્ટની હાઈ રાઈઝ જોવાની ઘણી મજા પડી ગઈ.

સૂર્યોદયનો લહાવો માણ્યા પછી ત્યાંથી થોડું આગળ શ્રી ગુંડી માતાજીના મંદિર તરફ ગયા. મંદિર આમ તો લગભગ ૧૫૦ વર્ષ જૂનું છે,

પણ ૨૦૨૧માં તત્કાલીન ગવર્નર શ્રી ભગતસિંહ કોશિયારીના પ્રયત્નોથી જીર્ણોદ્ધાર કરીને તેને મહારાષ્ટ્રીયન મંદિરની સ્થાપત્ય કલા અનુરૂપ કાળા પથ્થરનું હેરિટેજ રૂપ આપવામાં આવ્યું છે.

અષાઢી પૂનમ ગુરુપૂર્ણિમાના પછી આવતા મંગળવારના દિવસે અહીં દર વર્ષે મેળો (મરાઠીમાં જત્રા) ભરાય છે. જોડાજોડ એક નાનું ભૈરવનાથ (મ્હસોબા) મંદિર પણ આવેલ છે.

આ બંને મંદિરની સામે ભગવાન મહાદેવનાં સાકાર અને નિરાકાર સ્વરૂપ જોવા મળે છે. એક ખડક ઉપર લગભગ ૧૫ ફૂટ ઊંચી શંકર ભગવાનની કાળા પથ્થરમાંથી કોતરેલી ધ્યાન મુદ્રામાં આકર્ષક વિશાળકાય મૂર્તિ આવેલ છે. તે ખડકમાં એક નાની ગુફા કોતરેલ છે જેમાં શિવલિંગની સ્થાપના કરવામાં આવેલ છે. તેની બરાબર સામે એક બીજા ખડક ઉપર વિશાળકાય નંદી જોવા મળે છે. શંકર ભગવાનની બાજુમાં જ લગભગ ૧૨ ફૂટ ઊંચો ધ્યાનાકર્ષક સફેદ શંખ છે. સમુદ્રના ખૂબ નજીક સાંનિધ્યમાં આવેલું આ પરિસર અને વ્યુઈંગ ડૅક બહુ જ રમણીય લાગે છે.

ત્યાર બાદ અમારું નેક્સ્ટ ડેસ્ટિનેશન હતું ઐતિહાસિક ભૂગર્ભ બંકર. બ્રિટિશકાળમાં તેનો ઉપયોગ કટોકટીના સમયમાં ગવર્નરની સુરક્ષા તેમ જ શસ્ત્રસરંજામનો સંગ્રહ કરવા માટે થતો હતો. ૨૦૧૬ની સાલમાં આકસ્મિકપણે શોધાયેલ આ બંકરનું સંપૂર્ણ રિનોવેશન કરીને તેને એક સંગ્રહાલય અને ફોટો ગૅલેરીમાં ફેરવીને ૨૦૧૯માં વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ખુલ્લું મુકવામાં આવ્યું છે. લગભગ સાત ફૂટ પહોળા અને ૮૦૦ મીટરની લંબાઈમાં પથરાયેલ પ્રશસ્ત બંકરમાં બ્રિટિશ ગવર્નર અને અન્ય ઉચ્ચ અધિકારીઓની સુરક્ષા માટે લગભગ ૮ થી ૧૦ રૂમો બનાવેલ હતી.

હાલમાં ત્યાં વિવિધ મ્યુરલ્સ, સ્કલપ્ચર અને દુર્લભ આર્કાઈવ ફોટોગ્રાફ્સ ખૂબ સરસ રીતે ગોઠવવામાં આવેલ છે. એક વિભાગમાં છેલ્લાં ૨૦૦ વર્ષમાં પોર્ટુગીઝ, બ્રિટિશ અને હવે મૉડર્ન મુંબઈની કાયાપલટ બહુ આકર્ષક રીતે દર્શાવવામાં આવેલ છે.

''ક્રાંતિ ગાથા'' નામની ફોટો ગૅલેરી દ્વારા ભારતના ૧૮૫૭ના બળવાથી માંડીને ૧૯૪૭ સુધીના સ્વતંત્ર સંગ્રામમાં ભોગ આપનાર નામી-અનામી અનેક ક્રાંતિકારીઓને શ્રદ્ધાંજલિ આપીને તેમનાં નામ અમર રાખવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. આંદામાનની પ્રસિદ્ધ સેલ્યુલર જેલની વીર સાવરકરની કાલ કોટડીની રેપ્લીકા પણ બનાવવામાં આવી છે. એક નાનકડા વિભાગમાં મહારાષ્ટ્રના સામાજિક ક્રાંતિકારીઓના લખાણ તેમજ પેઈન્ટિંગ પણ માહિતી સાથે ખૂબ સરસ રીતે ગોઠવવામાં આવેલ છે. સાથે છત્રપતિ શિવાજી મહાલોકની સિંહાસન પર સ્થિત રુઆબભરી પ્રતિમા તો ખરી જ.

બંકરમાંથી બહાર નીકળતા જ લગભગ ડઝનેક ઢેલ અને બે મોર અમારું સ્વાગત કરવા તૈયાર હતાં. સમગ્ર લોકભવનમાં લગભગ ૪૦ ઢેલ અને ૧૪ મોર વસવાટ કરે છે. મુંબઈ શહેરમાં આ પક્ષીનું અસ્તિત્વ જોતા આનંદ સાથે અચરજ પણ થયું અને આપણા કચ્છનાં ગામોની મીઠી યાદ પણ આવી ગઈ. મનુષ્યની ઉપસ્થિતિથી ટેવાયેલ આ પક્ષીઓ સમગ્ર લોકભવનમાં બિન્દાસ હરે-ફરે અને ચરે છે.

હવે અમે આગળ વધ્યા લોકભવનના બૅન્કવે હૉલ (જલવિહાર) તરફ. પ્રવેશદ્વાર પાસે જ (ગન પ્લૅટફૉર્મની નીચે ખોદકામ કરતાં મળેલ) ૨૨ ટનની બે તોપ બંને તરફ ગોઠવવામાં આવી છે. અન્ય દેશોના વડા કે સાંસદોના પ્રતિનિધિ મંડળના સન્માનમાં અહીંયાં બૅન્કવેટનું આયોજન કરવામાં આવે છે. એક તરફ ઔપચારિક વાતચીત, વાટાઘાટો માટે રેડ કાર્પેટ બિછાવેલ બ્રિટિશકાલીન સજાવટ ધરાવતો અત્યંત જાજરમાન હૉલ છે અને બીજી તરફ લગભગ ૪૦ વ્યક્તિ એકસાથે ડાઈન કરી શકે તેટલો લાંબો ડાઈનિંગ હૉલ છે. સમુદ્રનાં મોજાંનો ઘુઘવાટ સાથે હવાની લહેરખીના આનંદ માટે બહાર પ્રશસ્ત પોર્ચ આ જગ્યાને અદ્‌ભુત બનાવે છે. વચ્ચેની પરસાળમાં ટેક્સીડર્મીથી સચવાયેલ મોર એકદમ જીવંત લાગે છે. સાથે દીવાલમાં આ ગવર્નર હાઉસ (લોકભવન)માં વસવાટ કરી ગયેલ બધા બ્રિટિશ ગવર્નર અને મહારાષ્ટ્રના ગવર્નરોનું લિસ્ટ પણ જોવા મળે છે. આ વાસ્તુનું નિર્માણ ૧૮૭૫માં પ્રિન્સ ઑફ વેલ્સ અને રાજા એડવર્ડ સાતમો (જેના નામ પરથી KEM હૉસ્પિટલ બની)ના સ્વાગત માટે થયું હતું.

જલવિહારની બરાબર સામે દરબાર હૉલ (જલ સભાગ્રહ) આવેલ છે. મહારાષ્ટ્રના મુખ્ય મંત્રી અને અન્ય મંત્રીઓની તેમ જ મુંબઈ હાઈ કોર્ટના જસ્ટિસની શપથવિધિ તથા ગવર્નર જેમાં પ્રમુખ સ્થાને હોય તેવા સાંસ્કૃતિક કાર્યક્રમનો સાક્ષી છે આ દરબાર હૉલ. અહીંયાં ચા, કૉફી તથા બિસ્કિટની મહેમાનગતિ માણીને અમે આગળ વધ્યા લોકભવનના કેન્દ્ર એટલે જલભૂષણ નામની ભવ્ય વાસ્તુ તરફ જે ગવર્નરની સત્તાવાર ઑફિસ તથા રહેઠાણ છે. ગવર્નર શ્રી જીષ્ણુ દેવ વર્મા ત્યારે પોતાના ઘરે ત્રિપુરા ગયા હતા. તેમના મકાનની અંદર પ્રવેશ સ્વાભાવિકપણે વર્જિત હતું.

જલભૂષણને બહારથી જોયા બાદ છેલ્લો પડાવ હતો અટલ ઉદ્યાન. ભૂતપૂર્વ વડા.પ્રધાન શ્રી અટલબિહારી વાજપેઈનું નામ આપીને આ એક જાપાની સ્ટાઈલનું પ્રોમેનેડ ગાર્ડન ડેવલપ કરવામાં આવ્યું છે. એક નાનકડું પોન્ડ જેના પર વુડન બ્રિજ અને બાજુમાં જ નેચરલ સ્ટોન પર કૃત્રિમ વૉટરફૉલ તૈયાર કરીને આખું ગાર્ડન આકર્ષક બનાવવામાં આવ્યું છે. સમુદ્રમાં થતા સૂર્યાસ્તનું રમણીય દ્રશ્ય જોવા માટે લૉન ઉપર એક ગજીબો શોભા વધારી રહ્યું હતું. સાથે એક સરસ મજાનો સેલ્ફી પૉઈન્ટ પણ ખરો જ.

બાયો ડાઈવર્સિટી પ્રોજેક્ટ અંતર્ગત આખા લોકભવનમાં યશવંતરાય ચૌહાણ મહારાષ્ટ્ર ઓપન વિદ્યાપીઠ અને મહાત્મા ફૂલે કૃષિ વિદ્યાપીઠ, રાહુરીના સહયોગથી સમગ્ર લોકભવનના પ્રિમાઈસીસમાં ૬૦૦થી વધુ વિવિધ ફૂલોનું તેમ જ ઔષધીય વનસ્પતિનું સંવર્ધન કરવામાં આવે છે.

હવે લગભગ સવારના ૮.૩૦ વાગ્યા હતા. મુલાકાતની છેલ્લી પ્રવૃત્તિ એટલે વિશ્રાંતિની સાથે લોકભવનના PRO શ્રી ઉમેશ કાશીકર દ્વારા લોકભવન ગવર્નર હાઉસનો રસપ્રદ ઈતિહાસ શેર કરવામાં આવ્યો હતો. રમૂજી અને હળવી શૈલીમાં તેમણે ભારતીય લોકશાહી પર કટાક્ષની સાથે બ્રિટિશ ગવર્નરોની રસપ્રદ વાતો તથા આઝાદ ભારતના ગવર્નરો સાથેનાં સંસ્મરણો વાગોળ્યા હતા. મુંબઈ, પુણે, નાગપુર અને મહાબળેશ્વર એમ મહારાષ્ટ્રમાં કુલ ચાર લોકભવન આવેલ છે.

ગવર્નર હાઉસ પણ સમયાંતરે બદલાતું રહ્યું છે. ૧૬૬૫ થી ૧૭૫૭ સુધી બૉમ્બે કેસલમાં હતું, જે અત્યારે ટાઉન હૉલ (એશિયાટિક લાઈબ્રેરી) અને ઓલ્ડ કસ્ટમ હાઉસની વચ્ચે છે. ૧૭૫૭થી ટૂંક સમય માટે ગવર્નરનું રહેઠાણ એપોલો સ્ટ્રીટ સ્થિત ગ્રેટ વેસ્ટર્ન બિલ્ડિંગમાં રહ્યું. ત્યાર બાદ ૧૭૭૫થી ૧૮૮૪ દરમિયાન ગવર્નર હાઉસ પરેલમાં હાલ જ્યાં હાફકીન ઈન્સ્ટિટ્યૂટ છે તે જગ્યાએ રહ્યું હતું. ૧૮૮૦માં કૉલેરાનો રોગચાળો ફાટી નીકળતા ગવર્નર હાઉસને ૧૮૮૪માં હાલના મલબાર હિલના દક્ષિણ છેડા પર સ્થળાંતરિત કરવામાં આવ્યું. જે આજ લોકભવન કહેવાય છે. મુંબઈના લોકભવનમાં ૧૯૪૭માં યુનિયન જેક હટાવીને ભારતીય તિરંગો ફરકચો હતો અને ૧૯૬૦માં સંયુક્ત મુંબઈ રાજ્યમાંથી મહારાષ્ટ્ર અને ગુજરાત એમ બે રાજ્ય અસ્તિત્વમાં આવ્યાં ત્યારે આ લોકભવન મહારાષ્ટ્રના ગવર્નરનું સત્તાવાર નિવાસ્થાન બન્યું.

બૉમ્બે પ્રેસિડેન્સીના અમુક ગવર્નરોનાં નામ આજે પણ મુંબઈમાં ઘણી જગ્યાએ જીવંત છે.

- ❑ ઈવાન નેપીયન (૧૮૧૨-૧૮૧૯) : નેપિયન સી રોડ
- ❑ માઉન્ટ સ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટન (૧૮૧૯-૧૮૨૭): એલ્ફિન્સટન કૉલેજ અને રેલવે સ્ટેશન
- ❑ અર્લ ઑફ ક્લેર (૧૮૩૧-૧૮૩૫) : ક્લેર રોડ
- ❑ રોબર્ટ ગ્રાન્ટ (૧૮૩૫-૧૮૩૮) : ગ્રાન્ટ રોડ રેલવે સ્ટેશન અને ગ્રાન્ટ મેડિકલ કૉલેજ
- ❑ જ્યોર્જ આર્થર (૧૮૪૧-૧૮૪૬) : આર્થર રોડ અને આર્થર જેલ
- ❑ વિસ્કાઉન્ટ ફોકલૅન્ડ (૧૮૪૮-૧૮૫૩) : ફોકલૅન્ડ રોડ
- ❑ વૂડ હાઉસ (૧૮૦૨-૧૮૭૭) : વૂડ હાઉસ રોડ
- ❑ લૉર્ડ રે (૧૮૮૫-૧૮૯૦) : રે રોડ રેલ્વે સ્ટેશન
- ❑ લૉર્ડ હેરીસ (૧૮૯૦-૧૮૦૫) : હેરીઝ કપ ક્રિકેટ ટૂર્નામેન્ટ
- ❑ લૉર્ડ સેન્ડહર્સ્ટ (૧૮૯૫-૧૯૦૦) : સેન્ડહર્સ્ટ રોડ રેલવે સ્ટેશન
- ❑ લૉર્ડ લેમિન્ગટન (૧૯૦૩-૧૯૦૭) : લેમિન્ગટન રોડ
- ❑ લેઝલી વિલ્સન (૧૯૨૩ - ૧૯૨૮) : વિલ્સન કૉલેજ
- ❑ ફેડરિક હ્યુઝ (૧૯૨૮ - ૧૯૩૩) : હ્યુજીસ રોડ
- ❑ લૉર્ડ બ્રેબોર્ન (૧૯૩૩-૧૯૩૭) : બ્રેબોર્ન સ્ટેડિયમ

દર મહિનાની ૧૦ તારીખે નેક્સ્ટ મહિનાની તારીખો માટે બુકિંગ ખૂલે છે. વરસાદમાં જુલાઈ અને ઑગસ્ટ મહિનામાં મુલાકાત બંધ હોય છે. સપ્ટેમ્બર મહિના માટે ૧૦ ઑગસ્ટના બુકિંગ ખૂલશે. મુલાકાત માટે વ્યક્તિદીઠ ૧૫૦ની ફી બુકિંગ વખતે ભરવાની રહે છે. લોકભવનની મુલાકાત માટે ઓનલાઈન બુકિંગની લીંક : https://lokbhavanvisit.maharashtra.gov.in/Login

મહારાષ્ટ્રના રાજકારણના ઉતાર-ચઢાવ કાવાદાવા અને ઊથલપાથલના સાક્ષી રહેલા લોકભવનની મુલાકાત સદાય યાદ રહેશે.

(ભુજપુર)

મો. : ૯૮૬૯૦૩૦૮૦૯

પગદંડીના આ અંક જુલાઈ, ૨૦૨૬ના મુખપૃષ્ઠ પર મહારાષ્ટ્રના લોકભવનનું ચિત્ર આલેખાયું છે. તે મુંબઈ શહેરની સૌથી સુંદર ઈમારતોમાંની એક છે.

વિશ્વપ્રવાસી તરીકે આપણે...

પરેશ કેસરબેન ગાંગજી શાહ (નિ:શબ્દ)

તાજેતરમાં આરપીજી ગ્રુપના ચૅરમૅન હર્ષ ગોએન્કાએ એક વાયરલ વીડિયોને લઈને કડક પ્રતિક્રિયા આપી હતી. વિયેતનામની પ્રખ્યાત ''ટ્રેન સ્ટ્રીટ'' પર કેટલાક ભારતીય પ્રવાસીઓ રેલવે ટ્રેક પર નાચતા-ગાતા અને વીડિયો બનાવતા જોવા મળ્યા હતા. આ વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી ફેલાયો. હર્ષ ગોએન્કાએ તેને સ્પષ્ટ શબ્દોમાં "Nuisance" એટલે કે જાહેર ઉપદ્રવ ગણાવ્યો.

તેમની ટિપ્પણીનો સાર એટલો જ હતો કે પ્રવાસી, તરીકે કોઈ પણ દેશમાં જવું માત્ર સ્થળો જોવાનો વિષય નથી; તે આપણા દેશનાં સંસ્કાર, નાગરિકતા અને જાહેર વર્તણૂકનું પ્રતિનિધિત્વ કરવાની જવાબદારી પણ છે. રેલવે ટ્રેક પર ઊતરીને વીડિયો બનાવવો કે સોશિયલ મીડિયા માટે જોખમી સ્ટંટ કરવો માત્ર વ્યક્તિગત પસંદગીનો વિષય નથી તે સુરક્ષા, શિસ્ત અને સ્થાનિક નિયમોના સન્માન સાથે પણ જોડાયેલો મુદ્દો છે.

આ ઘટના કદાચ એકલદોકલ હોય, પરંતુ પ્રશ્ન એ છે કે જ્યારે આવી ઘટનાઓ વારંવાર જોવા મળે, ત્યારે શું તે ધીમે ધીમે સમગ્ર દેશની છબી પર અસર કરતી નથી?

વર્ષો પહેલાં સ્વિટ્ઝરલૅન્ડની એક હોટલમાં ભારતીય મહેમાનો માટે ખાસ સૂચનાઓ મૂકવામાં આવી હતી. બ્રેકફાસ્ટ ટેબલ પરથી ખાદ્યવસ્તુઓ સાથે ન લઈ જવી, સર્વિંગનાં સાધનોનો યોગ્ય ઉપયોગ કરવો, કૉરિડૉર અને રેસ્ટોરન્ટમાં શાંતિ જાળવવી જેવી બાબતો ખાસ નોંધવામાં આવી હતી. કોઈ પણ હોટલ આવા નિયમો એક દિવસમાં બનાવતી નથી. જ્યારે કોઈ ચોક્કસ પ્રકારની વર્તણૂક વારંવાર જોવા મળે ત્યારે જ આવી સૂચનાઓ જરૂરી બને છે.

પ્રાચીન અને મધ્યકાલીન સમયથી જ ભારત વિદેશી યાત્રિકોના આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે. ભારતના સાંસ્કૃતિક વારસા અને ઐતિહાસિક સ્થળોને જોવા માટે વિશ્વભરમાંથી પ્રવાસીઓ આવે છે, મંત્રમુગ્ધ થઈ એનું સુંદર વર્ણન પણ કરે છે. મેગેસ્થનીસ (Megasthenes) - ગ્રીક રાજદૂત, જેઓ ચંદ્રગુપ્ત મોર્યના શાસનકાળ દરમિયાન ભારત આવ્યા હતા. ફાહિયાન (Fa-Hien) ચીની બૌદ્ધ સાધુ. જેઓ ગુપ્ત વંશ દરમિયાન (૪૦૦-૪૧૧ એડી) ભારત આવ્યા હતા. હ્યુઅન શ્વાંગ (Huen Tsiang): ચીની પ્રવાસી, જેઓ સમ્રાટ હર્ષવર્ધનના સમયમાં ભારતની યાત્રાએ આવ્યા હતા. એમના લખેલાં ભારતના પ્રવાસ વર્ણનો સરસ રીતે દસ્તાવેજીકરણ થયાં છે. એજ રીતે ભારતીયોએ પણ દેશ અને વિદેશમાં પ્રવાસ કરી એક અલગ ઓળખ બનાવી છે.

ભારતીય પ્રવાસીઓની પ્રવાસ-પ્રાથમિકતા મુખ્યત્વે પરિવાર કેન્દ્રિત (Family-centric), બજેટ આધારિત (Value-for-mondy) અને ખાન-પાન આધારિત (Food-centric) વધુ હોય છે. તેઓ સગવડસભર, આરામદાયક અને માનસિક પળોજણ વગરના ટ્રાવેલિંગ સાથે સાથે સંસ્કૃતિ, ધર્મ અને સામાજિક દરજ્જાને પ્રવાસમાં ખૂબ મહત્ત્વ આપે છે.

ભાગ્યે જ કોઈ ભારતીય સોલો (Solo) ટ્રીપ્સ પ્લાન કરે છે. સામાન્ય રીતે મિત્રો કે નાના જૂથમાં પ્રવાસ કરવાનું વધુ પસંદ કરે છે. ક્યારેક પ્રવાસ સામાજિક જોડાણને વધુ મજબૂત કરવા પણ થતો હોય છે. બજેટ પ્રમાણે પ્રવાસનું આયોજન કરવું ખોટું નથી, પણ પ્રવાસને Value-Seeking અનુભવ તરીકે જોવાય ત્યારે પ્રશ્નો ઊભા થાય. પૈસાનું પૂરું વળતર શોધતા આપણે ક્યારેક પ્રવાસના મૂળ હેતુને વિસારી પાડીએ છીએ.

પ્રવાસમાં ઘર જેવો ખોરાક ખાવા ટેવાયેલા આપણે સ્વદેશ કે વિદેશમાં થેપલાં, અથાણાં કે ઈન્સ્ટન્ટ ફૂડનાં પૅકેટ્સ અચૂક સાથે રાખીએ છીએ. લોકલ ડેલિકસી કે પારંપરિક વાનગીઓ અજમાવવાના બદલે ભારતીયોની મુખ્ય પ્રાથમિકતા પ્રવાસ દરમિયાન ઘર કા ખાના શોધવાની હોય છે.

વિદેશી પ્રવાસીઓની જેમ મહિનાઓ આગાઉ પ્લાનિંગ કરવાને બદલે ભારતીયો ઘણી વાર વૅકેશન કે તહેવારોના સમયે છેલ્લી ઘડીએ પ્રવાસનું આયોજન કરે છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં પ્રવાસનાં સ્થળોની તસવીરો અને વીડિયો/રિલ્સ સોશિયલ મીડિયા પર શેર કરવાનો ક્રેઝ વધ્યો છે, જે પ્રવાસ પસંદગીમાં મોટો ભાગ ભજવે છે.

ઉનાળુ વૅકેશનની શરૂઆત પહેલા મુંબઈ સમાચાર જેવા માતબર અખબારના પહેલા પાના ઉપર પ્રખ્યાત ટ્રાવેલ કંપનીની જાહેરાત આવતી હતી. આપણે આપણા પ્રવાસો જાતે પ્લાન કરવાને બદલે ટૂર્સમાં જવાનું વધુ પસંદ કરીએ, કારણ પ્રવાસમાં પ્રાથમિકતા ખાન-પાનની વધુ હોય છે. ફેસબુક કે ઈન્સ્ટાગ્રામ પર મુકાતી સ્ટોરીઓમાં પ્રવાસના ફોટા કે રિલ વધુ હોય છે ક્યારેક પ્રવાસ વર્ણનો કે ફોટાઓ સાથે ટૂંકી વિગતો અપલોડ કરીએ છીએ?

કેદારનાથ બાબાનાં દર્શને પહાડી રસ્તે જતા લોકોમાં ઘોડા, ખચ્ચર, પાલખી કે અન્ય સાધનોનો ઉપયોગ કરી યુવાનોને જતા જોઈ અચરજ થાય કે સાહસિકતા કે શરીર સૌષ્ઠવની કસોટીથી પલાયન થવાની સાથે મનુષ્ય-પ્રાણીઓ પ્રત્યે સંવેદન-શીલતાનો અભાવ પણ છતો થાય.

આપણાં ઐતિહાસિક સ્મારકો કે મોન્યુમેન્ટસને બિસ્માર કરવામાં સરકારી તંત્ર કરતાં પણ આપણો વધુ ફાળો હોય છે. કાળા કોલસા કે લાલ ઈંટોળાથી કરેલાં ભીંતચિત્રો કે લખાણો જોઈ પીડા થવી સ્વાભાવિક છે. આ સ્મારકો આપણી સંસ્કૃતિની ધરોહર છે. એ પ્રત્યેનો આદરભાવ કેવી રીતે છતો થાય? સમૂહ પ્રવાસ એ આપણી વરવી બાજુ છતી કરે છે. ગમે ત્યાં સમૂહ ભોજન કરી વપરાયેલી ડિશો-વાટકીઓ-ચમચીઓ-પ્લાસ્ટિક બૉટલ્સ કે થેલીઓનો યોગ્ય રીતે નિકાલ ન કરી ખુલ્લામાં છોડી દેવાને શું આપણે સાચો પ્રજા પ્રેમ કહીશું? 'ફરી આવ્યા' એ કહેવાને બદલે શું મેળવીને આવ્યા? પ્રવાસવર્ણનો કે અભિવ્યક્તિ કે અભિપ્રાયો મૂકવાની ટેવ ક્યારે પાડશું?

વિશ્વપ્રવાસી તરીકે આપણે કેટલીક બાબતોને ચોક્કસ ધ્યાનમાં લેવી જોઈએ. જાહેર સ્થળોએ ઊંચા અવાજમાં વાત ન કરવી, સ્થાનિક નિયમો અને પરંપરાઓને માન આપવું, લાઈન ઓળંગવી નહિ, જાહેરમાં કચરો ન ફેંકવો અને જાહેર સ્થળોનો ખોટો ઉપયોગ ન કરવો, રેલવે સ્ટેશનો, ઍરપોર્ટ કે ઍરક્રાફ્ટ જેવી જગ્યાઓને પિકનિક સ્પોટ તરીકે ઉપયોગમાં ન લેવી કારણ વિશ્વપ્રવાસી તરીકે આપણે ભારતીય હોવાનું ગર્વ શિરે ધરી રાખ્યું છે એ ફલિત થવું એક અફર સત્ય છે.

વિશ્વગુરુ તરીકે પ્રસ્થાપિત થવાનાં સઘળા સકારાત્મક પાસાં આપણી તરફેણમાં છે જે વિશ્વભરના લોકોનું ધ્યાન આકર્ષિત કરે છે. એ માટે જગતભરમાં આપણે પ્રશંસા પણ મેળવીએ છીએ. ટેક, શિક્ષણ, મેડિકલ, બિઝનેસમાં ભારતીયોને પ્રાપ્ત થયેલ વૈશ્વિક સફળતા અપારાવાર છે. સંસ્કૃતિના સકારાત્મક વિનિમયમાં પણ આપણે અવ્વલ છીએ. મૂળ ભારતીય, પણ વિદેશમાં વસેલા નાગરિકો ઉચ્ચ હોદ્દાઓને શોભાવી રહ્યા છે ત્યારે મારી દૃષ્ટિએ સમસ્યા ક્ષમતામાં નહીં વર્તણૂકમાં છે.

જો ભારતીય તરીકે વિશ્વ જીતવા માંગતા હોઈએ, તો પહેલાં લોકોના દિલ જીતવા પડશે અને એ શક્ય ત્યારે જ બનશે જ્યારે મુલાકાત લેતા દેશોના લોકો કે વ્યવસ્થા પ્રત્યે આદર હોય, વર્તણૂકમાં સંયમ અને શાલીનતા હોય કે એ દેશના તમામ કેન્દ્રીય મુદ્દે જાગૃતતા હોય. સફળતા માટે ફક્ત બુદ્ધિ કે પ્રતિભા તો મહત્ત્વપૂર્ણ છે જ, પણ એટલી જ મહત્ત્વપૂર્ણ છે આપણી વર્તણૂક.

અહીં મુદ્દો છે વિશાળ દૃષ્ટિકોણનો... કોઈ અપવાદરૂપ સમૂહને છોડીએ તો મોટા ભાગના ભારતીય પ્રવાસીઓ સુંદર છાપ છોડી જાય છે. અન્ય દેશોના પ્રવાસીઓમાં પણ આવી સમસ્યાઓ જોવા મળે છે. વાયરલ વીડિઓ ઘણી વખત અતિશયોક્તિવાળી ઘટનાઓને જ બતાવે છે, પરંતુ જરૂર છે આત્મજાગૃતિની, આત્મટીકાની નહીં.

અહીં એક દેશનું વારેઘડીએ સ્મરણ થાય છે એ દેશ છે જાપાન... જાપાનના પ્રવાસીઓ એમનાં શિસ્ત, સ્વચ્છતા અને જાહેર વ્યવસ્થા માટેના આદર માટે સુવિખ્યાત છે. જાપાનના નાગરિકો ફક્ત આર્થિક પ્રગતિ માટે નહિ, પણ નાગરિક સંસ્કાર માટે એટલા જ જાગૃત છે.

ભારતીયો આજે વિશ્વના સૌથી મોટા પ્રવાસી સમુદાયોમાંથી એક છે. દુનિયાના લગભગ દરેક ખૂણે ભારતીય પ્રવાસીઓ, વિદ્યાર્થીઓ ઉદ્યોગપતિઓ અને વ્યાવસાયિકો જોવા મળે છે. આપણી આર્થિત શક્તિ વધી રહી છે, આંતરરાષ્ટ્રીય ઉપસ્થિતિ વધી રહી છે અને વિશ્વમાં ભારતીયોની પ્રતિષ્ઠા પણ વધી રહી છે, પરંતુ સાથે સાથે એક પ્રશ્ન પણ ઊભો થાય છે - શું વૈશ્વિક સ્તરે આપણી જાહેર વર્તણૂક, સિવિક સેન્સ અને નાગરિક સંસ્કાર પણ એટલી જ ઝડપથી વિકસી રહ્યાં છે?

વિશ્વની અગ્રણી કંપનીઓના વડા ભારતીય છે, વૈશ્વિક સંસ્થાઓમાં ભારતીયો મહત્ત્વપૂર્ણ હોદ્દા પર છે, વિજ્ઞાન, ટેક્નૉલૉજી અને ઉદ્યોગમાં ભારતીયો આગવું સ્થાન ધરાવે છે, પરંતુ વિશ્વ માત્ર આપણી વ્યાવસાયિક સફળતાથી જ પ્રભાવિત થતું નથી. તે ઍરપૉર્ટ પરની લાઈનમાં ઊભા રહેવાની રીત, જાહેર સ્થળોની સ્વચ્છતા, સ્થાનિક નિયમોનું પાલન, હોટલ સ્ટાફ સાથેનો વ્યવહાર અને જાહેર સ્થળોએ આપણી શિસ્ત પણ નોંધે છે.

કારણકે આખરે આપણે જ્યાં જઈએ છીએ ત્યાં વ્યક્તિ તરીકે નહીં, પરંતુ એક દેશના પ્રતિનિધિ તરીકે પણ જોવામાં આવીએ છીએ અને કદાચ એટલા માટે હર્ષ ગોએન્કાની ટિપ્પણી માત્ર એક વાયરલ વીડિયોની પ્રતિક્રિયા નહોતી, તે એક મોટા પ્રશ્ન તરફ ઈશારો કરતી હતી - વિશ્વમાં સફળ ભારતીય બનવું મહત્ત્વનું છે, પરંતુ વિશ્વમાં સન્માનિત ભારતીય પ્રવાસી બનવું પણ એટલું જ મહત્ત્વનું છે.

મોટા આસંબિયા, -નિઃશબ્દ
૯૮૨૦૧૪૫૧૪૩

વૈભવ સૂર્યવંશી

દિપેશ વિમળાબેન ચંદ્રકાંત છેડા

મોટાં સપનાં માટે મોટી ઉંમર જરૂરી નથી

બિહારના સમસ્તીપર જિલ્લાના તાજપુરમાં કદાચ એક સામાન્ય સવાર હતી. સૂર્ય ઊગતો હતો, લોકો પોતાના રોજિંદા કામે લાગી રહ્યા હતા અને એક કિશોર હાથમાં બૅટ લઈને મેદાન તરફ જઈ રહ્યો હતો. આસપાસના લોકો માટે તે એક સામાન્ય છોકરો હતો, પરંતુ તેના મનમાં એક અસામાન્ય સ્વપ્ન ઊગતું હતું. કોઈએ વિચાર્યું પણ નહીં હોય કે વર્ષો પછી એ જ છોકરો ભારતીય ક્રિકેટની ચર્ચાઓના કેન્દ્રમાં આવશે, દેશભરના ક્રિકેટપ્રેમીઓના હોઠ પર તેનું નામ હશે અને લાખો યુવાનો માટે તે પ્રેરણાનું પ્રતીક બનશે - આજે વૈભવ સૂર્યવંશી માત્ર એક પ્રતિભાશાળી ક્રિકેટર જ નહીં પણ એવા વિશ્વાસનું નામ છે જે કહે છે કે પરિસ્થિતિઓ સામાન્ય હોય તો પણ સપનાં અસામાન્ય હોઈ શકે છે.

સપનાંની શરૂઆત

દરેક મોટી સફર એક નાનકડા પગલાથી શરૂ થાય છે. વૈભવ માટે પણ ક્રિકેટ શરૂઆતમાં માત્ર એક રમત હતી, પરંતુ ધીમે ધીમે એ રમત તેની ઓળખ, તેનું સ્વપ્ન અને તેનું જીવનધ્યેય બનતી ગઈ. ઘણાં બાળકો મેદાનમાં રમે છે. ઘણાં બાળકો ક્રિકેટર બનવાનાં સપનાં પણ જુએ છે, પરંતુ સપનું જોવું અને સપનાને જીવનનું કેન્દ્ર બનાવવું - આ બંનેમાં ઘણો ફરક છે.

નાનકડું ગામ, મોટું વિઝન

વૈભવ સૂર્યવંશીની સફર એ વાતનો જીવંત પુરાવો છે કે પ્રતિભાને મોટા શહેરના સરનામાની જરૂર પડતી નથી. દેશનાં મોટાં ક્રિકેટ કેન્દ્રોથી દૂર આવેલા આ વિસ્તારથી નીકળેલો એક કિશોર આજે ભારતીય ક્રિકેટના ભવિષ્ય વિશેની ચર્ચાનો ભાગ બની ગયો છે. ભારતમાં હજુ પણ ઘણી જગ્યાએ પ્રતિભા કરતાં તક ઓછી હોય છે. મોટાં શહેરોમાં ઉપલબ્ધ સુવિધાઓ, કોચિંગ સ્પર્ધા અને સંસાધનો દરેક બાળકને મળતાં નથી, પણ વૈભવની સફર એ જ વાત સાબિત કરે છે કે સપનાંનું કદ તમારા ગામના કદથી નક્કી થતું નથી.

પરિવારની પણ એટલી જ મોટી ઈનિંગ

કોઈ પણ સફળતાની પાછળ એક પરિવારની અદ્રશ્ય મહેનત છુપાયેલી હોય છે. વૈભવની સફળતા માત્ર એક યુવાન ખેલાડીની સફળતા નથી. તે એક એવા પરિવારની સફળતા પણ છે જેણે પોતાના બાળકના સપનામાં વિશ્વાસ મૂક્યો. વહેલી સવારે પ્રેક્ટિસ માટે જવું, સમય પૈસા અને સુવિધાઓની મર્યાદાઓ વચ્ચે સતત પ્રયત્નો ચાલુ રાખવા, અભ્યાસ અને રમત વચ્ચે સંતુલન જાળવવું - આ બધું માત્ર એક બાળકનું કામ નહોતું.

વૈભવની પ્રતિભા પર વિશ્વાસ રાખીને તેના પિતા સંજીવ સૂર્યવંશીએ માત્ર પ્રોત્સાહન જ આપ્યું નહોતું, પરંતુ મોટા આર્થિક ત્યાગ પણ કર્યા હતા. વિવિધ અહેવાલો મુજબ તેમણે પોતાના પુત્રની ક્રિકેટ તાલીમ અને વિકાસ માટે ખેતીની જમીનનો એક ભાગ વેચવાનો કઠિન નિર્ણય લીધો હતો. ગામડાના પરિવાર માટે જમીન

માત્ર મિલકત નથી હોતી; તે લાગણી, સુરક્ષા અને વારસાનું પ્રતીક હોય છે. છતાં તેમણે પુત્રના સપનાને વધુ મહત્ત્વ આપ્યું.

જ્યારે લોકો મેદાનમાં વૈભવને બૅટિંગ કરતાં જુએ છે, ત્યારે કદાચ તેમને માત્ર એક ખેલાડી દેખાય છે, પરંતુ હકીકતમાં તેની પાછળ માતા-પિતાનો વિશ્વાસ, પરિવારનો ત્યાગ અને વર્ષોનો સહયોગ પણ બૅટિંગ કરી રહ્યો હોય છે.

વૈભવની માતા આરતી સૂર્યવંશીનું યોગદાન પણ એટલું જ મહત્ત્વનું રહ્યું છે. અહેવાલો મુજબ તેઓ વહેલી સવારે ઊઠીને વૈભવ માટે ભોજન તૈયાર કરતાં જેથી લાંબી મુસાફરી અને તાલીમ દરમિયાન તેને કોઈ તકલીફ ન પડે. ઘણી વખત સફળતાની પાછળ માતાની નિઃશબ્દ મહેનત હોય છે, જે સમાચારની હેડલાઈન બનતી નથી, પરંતુ સફળતાનો પાયો ચોક્કસ બને છે.

ઉંમર કરતાં મોટી પરિપકવતા

વૈભવની સૌથી મોટી વિશેષતા માત્ર તેની પ્રતિભા નથી, તેની સૌથી મોટી વિશેષતા એ છે કે જે ઉંમરે મોટા ભાગનાં બાળકો હજુ પોતાના ભવિષ્ય વિશે વિચારવાનું શરૂ કરે છે, તે ઉંમરે વૈભવ પોતાનાં સપનાંને સાકાર કરવા માટે અસાધારણ એકાગ્રતા અને શિસ્ત સાથે કામ કરી રહ્યો હતો. ઘણી વાર ઉંમર વર્ષોથી માપવામાં આવે છે, પરંતુ કેટલીક વ્યક્તિઓની પરિપકવતા તેમની જવાબદારી અને સમર્પણથી માપવામાં આવે છે. વૈભવ એવી જ એક વ્યક્તિ છે.

તાળીઓ પાછળનો સન્નાટો

સફળતા કોઈ એક દિવસમાં મળતી નથી. અહેવાલો મુજબ વૈભવ અને તેના પિતા વર્ષો સુધી દર બીજા દિવસે વહેલી સવારે તાજપુરથી પટણા સુધી આશરે ૯૦ કિલોમીટરનો પ્રવાસ કરતા હતા જેથી તેને વધુ સારી ક્રિકેટ તાલીમ મળી શકે. ઘણી વખત સૂર્યોદય પહેલાં જ તેમનો દિવસ શરૂ થઈ જતો હતો. આ પ્રવાસ માત્ર અંતરનો નહોતો; તે એક સપનાની શોધમાં કરાતી યાત્રા હતી.

પોતાના પુત્રની પ્રેક્ટિસ સતત ચાલુ રહે તે માટે સંજીવ સૂર્યવંશીએ ઘરની નજીક પ્રેક્ટિસ પિચ અને નેટની પણ વ્યવસ્થા કરી હતી. સ્થાનિક તથા યુનિવર્સિટીના બૉલરોને બોલાવીને વૈભવને વધુ સારી પ્રેક્ટિસ મળે તેની ખાસ કાળજી લેવામાં આવતી હતી.

દરેક સફળ શોટ પાછળ વર્ષોની તૈયારી છુપાયેલી હોય છે. દરેક સિક્સર પાછળ હજારો કલાકોની પ્રેક્ટિસ હોય છે. દરેક રેકોર્ડ પાછળ અસંખ્ય નિષ્ફળતાઓ હોય છે અને દરેક સફળતા પાછળ એવી ઘણી સવાર હોય છે જ્યારે દુનિયા હજુ સૂતી હોય અને સપનાંનો પીછો કરનાર જાગી ગયો હોય. જ્યારે દર્શકો તાળીઓ પાડે છે. ત્યારે તેમનો પરિણામ દેખાય છે, પરંતુ પરિણામ સુધી પહોંચવા માટેનો માર્ગ ઘણી વાર એકાંત, પરિશ્રમ અને સતત સંઘર્ષથી ભરેલો હોય છે. વૈભવની વાર્તા એ જ સત્યની ફરી યાદ અપાવે છે.

આજના યુવાનો માટે એક અરીસો

આજનો યુગ તકોનો યુગ છે, પરંતુ સાથે સાથે વિખેરાઈ જવાનાં જોખમોનો પણ યુગ છે. મોબાઈલ, સોશિયલ મીડિયા, મનોરંજન અને અસંખ્ય વિક્ષેપો વચ્ચે ધ્યાન કેન્દ્રિત રાખવું સરળ નથી. આવા સમયમાં વૈભવ જેવી વાર્તાઓ માત્ર પ્રેરણા નથી આપતી; તે અરીસો પણ બતાવે છે. તે આપણને પૂછે છે - શું આપણે આપણાં

સપનાં માટે એટલા જ ગંભીર છીએ ? શું આપણે આપણા સમયનો એટલો જ સદુપયોગ કરીએ છીએ ? શું આપણે પણ કોઈ એક ધ્યેય માટે એટલી જ પ્રતિબદ્ધતા બતાવી શકીએ ? દરેક યુવાન માટે આ પ્રશ્નો મહત્ત્વના છે.

સાચી સફળતા શું છે ?

વૈભવનાં રન, રેકોર્ડ અને સિદ્ધિઓ ચોક્કસપણે મહત્ત્વપૂર્ણ છે, પરંતુ કદાચ તેની સૌથી મોટી સફળતા આ નથી તેની સૌથી મોટી સફળતા એ છે કે તેણે દેશનાં લાખો બાળકો અને તેમનાં માતા-પિતાને આશા આપી છે. આશા કે નાના ગામમાંથી પણ મોટું સપનું જન્મી શકે. એવી આશા કે પ્રતિભા અને મહેનત સાથે કોઈ પણ મંચ સુધી પહોંચવું શક્ય છે.

અંતમાં...

વર્ષો પછી કદાચ નવા રેકોર્ડ બનશે, નવા ખેલાડીઓ આવશે, નવા સ્ટાર જન્મશે ક્રિકેટના આંકડા બદલાતા રહેશે, પરંતુ વૈભવ સૂર્યવંશીની વાર્તાનું સાચું મહત્ત્વ તેના રનોમાં નથી. કદાચ આવનારાં વર્ષોમાં વૈભવ અનેક રેકોર્ડ બનાવશે. કદાચ તેની સિદ્ધિઓના નવા અધ્યાયો લખાશે. પરંતુ આજે તેની સૌથી મોટી સિદ્ધિ એક જ છે - તેણે લાખો બાળકોને સપનું જોવાની હિંમત આપી છે અને લાખો માતા-પિતાનો પોતાના બાળકનાં સપનાંમાં વિશ્વાસ રાખવાની પ્રેરણા આપી છે, કારણ કે ઈતિહાસ ઘણી વખત મહાન સ્ટેડિયમોમાં નથી લખાતો... તે તો કોઈ નાનાકડા ગામના મેદાનમાં, એક બાળકના મોટા સપનાથી શરૂ થતો હોય છે.

બિદડા, લાલબાગ

મો. : ૯૮૩૩૧૬૮૫૨૦

મુલચંદ લાલજી એન્ડ કું.

MULCHAND LALJI & CO.

Importers & Wholesale Dealers in :

One Side Coated Paper, Wet Strength Paper, Mettalized Paper, Glassine Paper, CCK Paper

Admn. Office : 229/231, Perin Nariman (Bazar Gate) Street, 1st Flr., Fort, Mumbai - 400 001.

Phone : (+91-22) 2261 7273 • 2261 7878 • 2261 7299 • **Fax :** 2261 1207

Email : info@mulchandlalji.co • **Mobile :** +91 98201 27299

Shop & Reg. Office : 202/203, Bora Bazar Street, Near Jain Temple, Fort, Mumbai - 400 001.

પહેડી : સાદગી કે દેખાડો ? એક વિચાર

✻ રેખા પ્રવીણ જખ્ખુભાઈ નંદુ ✻

વર્ષો પહેલાં આપણાં ગામોમાં પહેડી એક સરળ, સાદી અને અર્થસભર સામૂહિક ધાર્મિક ભાવનાની પરંપરા હતી. આખું ગામ કે કોઈ એક નુખ સાથે મળીને ભગવાનની આરતી કરતા, નૈવેધ થાળ ધરાવતા, ભજન-કીર્તન થતાં. આ પ્રસંગ માત્ર ધાર્મિક પ્રાર્થના પૂરતો મર્યાદિત નહોતો; તે સમાજને જોડવાનો, એકબીજાને સમજવાનો, પરસ્પર સહાયભાવ વધારવાનો, પરિવારના સંસ્કારો અને રિવાજોને જીવંત રાખવાનો અને આપણી સંસ્કૃતિનું સંવર્ધન કરવાનો પ્રસંગ હતો.

આ પરંપરા આપણા પૂર્વજોએ સમાજને મજબૂત બનાવવા માટે ઊભી કરી હતી, પણ આજે શું થયું છે ? આપણે એ સાદગી ગુમાવી દીધી છે. કેટકેટલી પહેડીઓમાં આજે નાણાં અને સમયનો જંગી બગાડ જોવા મળે છે. આ લેખ માત્ર ટીકા નથી. આ એક પ્રશ્ન પણ છે અને બદલાવ માટેનું આમંત્રણ પણ છે.

મૂળ સમસ્યા - દેખાડાનો માપદંડ

સૌથી પહેલાં એક મૂળભૂત વાત સમજવી જરૂરી છે. **પહેડી અને વ્યક્તિગત પ્રસંગો - જેમ કે લગ્ન, જન્મદિવસ, બેબી શાવર વગેરે - એકસરખા નથી.** વ્યક્તિગત પ્રસંગો તમારા પોતાના હોય છે. તમારા ઘરમાં લગ્ન છે, જન્મદિવસ છે કે કોઈ પારિવારિક પ્રસંગ છે અને તમારી પાસે ક્ષમતા છે, તો તમે ખુશીથી ખર્ચ કરો. ફોટોગ્રાફર બોલાવો, કેટરર રાખો, સંગીતકારો બોલાવો, ડેકોરેશન કરાવો - તેમાં કાંઈ ખોટું નથી. તમે તમારી વ્યક્તિગત ખુશી ઊજવો છો. અને સામે તમારા ખર્ચ સાથે ઘણાને રોજગાર મળે છે. આ તમારો અધિકાર છે અને સમાજે તેનું માન રાખવું જ રહ્યું.

પરંતુ પહેડી અલગ છે. પહેડી કોઈ એક પરિવારનો વ્યક્તિગત પ્રસંગ નથી. તે આખા સમાજનો પ્રસંગ છે. તે વ્યક્તિગત દેખાડાનો મંચ નથી. અહીંથી જ સમસ્યા શરૂ થાય છે. કેટલાક સમુદ્ધ પરિવારો અથવા સમૃદ્ધ ગામો પહેડી ખૂબ ભવ્ય રીતે કરે છે. ફોટોગ્રાફર, ડેકોરેશન, સંગીત, મોટા મંચ, LED સ્ક્રીન, કેટકેટલી વાનગીઓ સાથેનું અત્યંત વૈભવી ભોજન બધું રાખવામાં આવે છે. જેમની પાસે પૈસા છે, એટલે તેઓ કરે છે, પણ પછી શું થાય છે ?

આગલા વર્ષે બીજું ગામ કે બીજી નુખ એનાથી પણ વધારે ભવ્ય રીતે પહેડી કરવા મથે છે. પછી દરેક ગામમાં વિચાર થાય છે કે ''એમણે આવું કર્યું, તો આપણે પણ ઓછું કેમ કરીએ ?'' આ રીતે વર્ષ પછી વર્ષ દેખાડાનો માપદંડ ઊંચો થતો જાય છે.

પણ નવી પેઢી ?

આપણા યુવાનો પહેડીમાં આવે છે. પછી આસપાસ જુએ છે કે અહીં સમયનો આદર નથી. આમંત્રણ સવારે ૮ વાગ્યાનું હોય છે, લોકો બપોરે બાર વાગ્યા સુધી આવતા રહે છે. આરતી, થાળ ૧ વાગ્યે શરૂ થાય છે અને પ્રસંગ ૩ વાગ્યા પછી પૂરો થાય છે. નવી પેઢીને એવો સંદેશ મળે છે કે ''તમારા સમયનું અહીં કોઈ મૂલ્ય નથી.''

એ લોકો જુએ છે કે અહીં આરતીની જગ્યાએ દેખાડો આવી ગયો છે. ભવ્ય ગંગા આરતી જેવા આયોજન માટે - આરતી માટે ૧૫ થી ૨૦ પ્રોફેશનલ્સનો રસાલો બોલાવવામાં આવે છે અને પછી લોકોને ઈશની આરતી કરતા વધારે એ પ્રસંગને મોબાઈલમાં શૂટ કરવામાં અને રિલ બનાવી સોશિયલ મીડિયામાં પોસ્ટ કરવામાં વધુ રસ લે છે.

નવી પેઢી બિનજરૂરી ખર્ચ પણ જુએ છે. ચાર શાક, ત્રણ ફરસાણ, ત્રણ મીઠાઈ, પાંચ પ્રકારના આઈસ્ક્રીમ, પાન કાઉન્ટર અને અઢળક અઢળક પાણીની પ્લાસ્ટિકની બૉટલો, જેમાં લોકો બે - ચાર ઘૂંટડા પાણી તો એમ જ છોડીને વેડફી જ નાખે છે.

ભારે સાઉન્ડ સિસ્ટમ, પ્રોફેશનલ ગાયકો, માઈકનો વધારે ઉપયોગ, તોતિંગ લાઉડ સ્પીકર્સ અને એટલો અવાજ કે લોકોએ સામાન્ય વાતચીત પણ બૂમો પાડીને કરવી પડે. કોઈ વ્યક્તિ એકબીજા સાથે શાંતિથી વાત પણ કરી શકતી નથી. જે પ્રસંગ સમાજને જોડવા માટે છે, તે જ પ્રસંગમાં વાતચીત માટે જગ્યા રહેતી નથી.

નવી પેઢી અવ્યવસ્થા અને નબળું આયોજન જુએ છે. કોઈ સ્પષ્ટ સમયપત્રક નથી. ભાષણો લાંબાં ચાલે છે. એક વક્તા જે કહે છે, બીજો પણ એ જ ફરીથી કહે છે. ઘણી વાર ભાષણો સમાજસેવા કરતાં તાળીઓ મેળવવા માટે લાગે છે અને અંતે યુવાનો સમજે છે, આ પહેડી આપણા માટે નથી. આ તો જૂની પેઢી એકબીજાને કંઈક સાબિત કરવા માટે કરે છે. એટલે તેઓ દૂર થઈ જાય છે.

પહેડી ખરેખર શું હોવી જોઈએ ?

પહેડી એવો સામૂહિક પ્રસંગ હોવો જોઈએ જ્યાં આપણે એકબીજાને સમાન ભાવથી મળીએ, જીવનની મુશ્કેલીઓ સમજવા અને ઉકેલવા માટે સાથે વિચારીએ, વડીલો પાસેથી નવી પેઢી જ્ઞાન અને અનુભવ મેળવે, પરિવારનાં મૂલ્યો મજબૂત થાય, આપણી સાંસ્કૃતિક ઓળખ જીવંત રહે, આપણે અલગ દેખાવા માટે નહીં, સાથે હોવાથી ખુશી માટે ભેગા થઈએ બસ એટલું જ.

ઉકેલ - સમાજનો લેખિત ચાર્ટર

હવે માત્ર ફરિયાદ કરવાથી કામ નહીં ચાલે. આપણે એક વ્યવસ્થિત, સ્પષ્ટ અને લેખિત ઉકેલ જોઈએ. સમાજે મળીને પહેડી માટે એક લેખિત ચાર્ટર બનાવવું જોઈએ. આ ચાર્ટર ગામના વડીલો, યુવાનો અને સમાજના સભ્યોની સહમતિથી તૈયાર થવું જોઈએ. એકવાર ચાર્ટર બને, પછી દરેક પહેડી માટે તે ફરજિયાત રીતે અમલમાં મૂકવું જોઈએ.

A. બજેટ અને ખર્ચ

કુલ ખર્ચનો અંદાજ ઓછામાં ઓછો રાખવો, ભોજન સાદું, સ્વચ્છ અને આરોગ્યપ્રદ રાખવું. બિનજરૂરી વસ્તુઓ સંપૂર્ણપણે ટાળવી, બહુ પ્રકારના આઈસ્ક્રીમ, પાન કાઉન્ટર, મોંઘું ડેકોરેશન અને નકામી શોભા ટાળવી, ખોરાક અને સામગ્રીનો બગાડ ન થાય તેની કડક કાળજી રાખવી.

B. સમય અને આયોજન

કાર્યક્રમનો ચોક્કસ શરૂ થવાનો સમય નક્કી કરવો, કાર્યક્રમનો ચોક્કસ પૂરો થવાનો સમય નક્કી કરવો, દરેક પ્રવૃત્તિ માટે સમયમર્યાદા નક્કી કરવી, અનિવાર્ય વિલંબ માટે થોડો બફર સમય રાખવો, કાર્યક્રમ પહેલાં એક પ્રૅક્ટિસ અથવા ડ્રાય રન કરવો, સમયપત્રકનું કડક પાલન કરવું, ''સવારે ૮ વાગ્યે બોલાવીને બપોરે ૧ વાગ્યે શરૂ કરવો'' જેવી પદ્ધતિ હવે બંધ થવી જોઈએ.

C વાહનવ્યવસ્થા

સવારે ૧૦ વાગ્યા સુધી જ ફ્રી વેલે પાર્કિંગની વ્યવસ્થા રાખવી. શક્ય હોય ત્યાં સુધી કારપૂલિંગ પ્રોત્સાહિત કરવું. જાહેર પરિવહનનો ઉપયોગ

કરવા પ્રેરણા આપવી, ૧૦ વાગ્યા પછી વાહનોની એન્ટ્રી કે વેલે પાર્કિંગ ટાળવું

D. ડ્રેસ કોડ

દર થોડાં વર્ષે પહેડીમાં અલગ ઝભ્ભા કે કોટીના યુનિફૉર્મના ખર્ચા ટાળો. સ્વંયસેવકો સેવા માટે છે, દેખાડા માટે નહીં - આ ભાવના જળવાઈ રહેવી જોઈએ.

E. ભાષણના નિયમો

દરેક વક્તાને ચોક્કસ સમયમર્યાદા આપવી, એક જ વાત ફરી ફરી ન બોલાય, ભાષણ સમાજ માટે ઉપયોગી હોવું જોઈએ, વ્યક્તિગત વખાણ કે તાળીઓ મેળવવા માટે નહીં. એક સમયપાલક રાખવો, જે સમય પૂરો થવાની સૂચના આપે

આ ચાર્ટર લેખિત હોવું જોઈએ, સમાજ દ્વારા સ્વીકારેલું હોવું જોઈએ ને દરેક પહેડી માટે બાંયધરીરૂપ હોવું જોઈએ.

F. મેડિકલ સ્પોર્ટ

પહેડીના આયોજન સમયે ભેગી થનારી મેદની અનુસાર હૉલમાં તમામ વ્યવસ્થા (including fire safety) કરવી જોઈએ. અને જો મેદની ૫૦૦થી ઉપર હોય તો ડૉક્ટર તેમ જ ઍમ્બ્યુલન્સની પણ આગોતરી વ્યવસ્થા કરવી જરૂરી છે. (પ્રભુ દર્શન માટે છેલ્લે ગિરદી કે ધક્કામુક્કી ના થાય એ માટે લોકો જેમ જેમ આવતા જાય, એમ એમને દર્શન કરવા દેવા વિષે પણ સમાજે વિચારવું રહ્યું.)

ફંડિંગ-સ્વૈચ્છિક કૂપન પદ્ધતિ

હવે પ્રશ્ન આવે કે પહેડીનો ખર્ચ કેવી રીતે ઉઠાવવો ? તે માટે સ્વૈચ્છિક કૂપન પદ્ધતિ અપનાવી શકાય. પહેડીનો કુલ ખર્ચ અંદાજે નક્કી કરો. ખર્ચ ઓછામાં ઓછો રાખવો. માની લો ખર્ચ રૂ.૫,૦૦,૦૦૦ થાય છે. આ રકમને કૂપનમાં વહેંચી શકાય. ઉદાહરણ તરીકે ૫૦૦ કૂપન હોય તો એક કૂપન રૂા. ૧૦૦૦નું કૂપન ખરીદવું ફરજિયાત નહીં હોય. તે સંપૂર્ણપણે સ્વૈચ્છિક હોવું જોઈએ. કોઈ એક કૂપન લે, કોઈ પાંચ લે કોઈ બે લે અને કોઈ ન લે - તેમાં કોઈ દબાણ કે નિર્ણય નહીં.

પહેડીના દિવસે કૂપનધારકોમાંથી લક્કી ડ્રો રાખી શકાય. જેનું નામ આવે તેને આરતી, દીપ કે થાળ વગેરે સેવા કરવાનું માન મળે. આ પદ્ધતિની સુંદરતા એ છે કે દરેક વ્યક્તિ પોતાની ક્ષમતા પ્રમાણે ભાગ લઈ શકે, ધાર્મિક સેવા મેળવવાની તક બધાને સમાન રહે, પૈસા ન આપી શકે તે વ્યક્તિ પણ સમાજમાંથી બહાર ન થાય, સમાજ પોતે જ પોતાની પરંપરાને સંભાળી શકે.

પર્યાવરણ અને વ્યવહારુ જવાબદારી

પહેડી માત્ર ધાર્મિક કે સામાજિક પ્રસંગ નથી. તે આપણી જવાબદારી બતાવવાનો પ્રસંગ પણ છે. આ માટે સ્ટીલની થાળીઓ અને વાટકાઓનો ઉપયોગ કરવો, પ્લાસ્ટિક બૉટલ, પેપર કપ, પેપર નૅપ્કિન અને ડિસ્પોઝેબલ વસ્તુઓ ટાળવી, ઑર્ગેનિક કચરાનું ખાતરમાં રૂપાંતર કરવું, ભોજન અને વ્યવસ્થા સાદી રાખવી, અવાજ બાબતે પણ સાવચેતી જરૂરી છે.

જો સંગીતકારો અથવા ગાયક બોલાવવામાં આવે, તો તેમને સ્પષ્ટ જણાવવું જોઈએ કે પહેડી કોઈ કૉન્સર્ટ નથી. અવાજ ઓછો રાખવો જોઈએ. લોકો શાંતિથી વાતચીત કરી શકે તેવી વ્યવસ્થા હોવી જોઈએ.

થાળની રકમ - પરિસ્થિતિ મુજબ ઉપયોગ

પહેડીમાં લોકો ભગવાનનાં ચરણોમાં થાળરૂપે રકમ અર્પણ કરે છે. પરંપરાગત રીતે આ રકમ પશુસેવા કે અન્ય ધાર્મિક-સામાજિક કાર્યમાં વપરાય છે, પરંતુ સૌની સહમતિથી થાળની રકમ પહેડીના

ખર્ચ માટે પણ વાપરી શકાય આ રકમ પહેડીની જરૂરિયાત માટે જ વપરાય છે. ધર્મનો અર્થ જડતા નથી. ધર્મનો સાચો અર્થ સમાજના હિતમાં સમજદારીપૂર્વક નિર્ણય લેવો છે. આપણા પૂર્વજો આ સમજતા હતા. શક્ય હોય ત્યાં થોડી ઘણી રકમ પોતાના ગામ ખાતે કે શહેરમાં વૃક્ષો વાવવા કે અન્ય પર્યાવરણનાં કાર્યો માટે પણ વાપરી શકાય.

પહેડીના આયોજનમાં પણ બદલાવ જરૂરી છે

વર્ષોથી એ જ આરતી, એ જ ભજન અને એ જ ઢબ ચાલુ છે. પરંપરા સાચવવી જરૂરી છે, પરંતુ સમય પ્રમાણે તેમાં પ્રાસંગિકતા ઉમેરવી પણ જરૂરી છે. પહેડીમાં નીચેની બાબતો પર જાગૃતતા માટે કાર્યક્રમ ઉમેરી શકાય. જેમ કે મેડિકલ કૅમ્પ, શિક્ષણ, આરોગ્ય અને ગામ વિકાસ અંગે પ્રેરણાદાયક પ્રવચન, કુરિવાજ, દહેજ, અજ્ઞાનતા, વ્યસન અને આરોગ્ય અંગે નાનાં સામાજિક નાટકો, યુવાનો દ્વારા ભજન કે ગીતો, જેમાં સમાજ માટે સંદેશ હોય, યુવાઓ માટે ઉપયોગી કૌશલ્ય તાલીમ, અન્ય ગામોએ સમસ્યાઓ કેવી રીતે ઉકેલી તેની સફળતાની કથાઓ, પરિવાર મૂલ્યો અને સમાજની એકતા અંગે ચર્ચા. આથી પહેડી માત્ર ધાર્મિક વિધિ નહીં રહે, પરંતુ આધ્યાત્મિક, સામાજિક અને બૌદ્ધિક રીતે જીવંત પ્રસંગ બનશે.

અંતિમ અપીલ સમગ્ર સમાજને

આ પરંપરા આપણા પૂર્વજોએ ઊભી કરી હતી. હવે તેને સાચવવાની જવાબદારી આપણી છે. માપદંડ ''કેટલો ખર્ચ થયો'' એ ન હોવો જોઈએ. માપદંડ ''કેટલું અર્થસભર થયું'' એ હોવો જોઈએ. માપદંડ ''સમાજના લોકો કેટલા જોડાયા'' એ હોવો જોઈએ. કોઈનું મન દુભાયું હોય તો મિચ્છા મી દુક્કડમ્.

નાના ભાડીયા

મો. : ૯૮૭૦૨ ૫૬૫૬૦

Since 2000

100% Pure Vegetarian

श्री गणेश श्री

मिठाई फरसाण बेकरी

Our Products

Bakery & Confectionery • Cakes & Patisserie

Indian Sweets • Hot Farsan

Dry Farsan • Low Calorie Food (Diet Food)

100% PURE JAIN PRODUCTS

3, Minesh Park, Chandavarkar Road, Borivali (W), Mumbai - 400 092

72 77 88 33 55 / 800 9955 443

MISSION 2047

✵ નયન પ્રજ્ઞાબેન હરેશ નિસર ✵

૨૦૪૭ માત્ર એક વર્ષ નથી. દરેક સમાજમાં એવો સમય પણ આવે છે જ્યારે સમાજે માત્ર વર્તમાન વિશે નહીં, પરંતુ આવનારી પેઢીઓ વિશે વિચારવું પડે છે. આજે આપણે એવા જ એક મહત્ત્વપૂર્ણ તબક્કા પર ઊભા છીએ. ૨૦૪૭ ભારતની આઝાદીનાં ૧૦૦ વર્ષ પૂર્ણ થવાનું વર્ષ છે. સમગ્ર દેશ ''વિકસિત ભારત ૨૦૪૭''નું સ્વપ્ન જોઈ રહ્યો છે.

એ જ રીતે શ્રી કચ્છી વીસા ઓસવાલ સેવા સમાજ માટે ૨૦૪૭નું એટલું જ મહત્ત્વ છે. તે વર્ષે શ્રી ક.વી.ઓ. સેવા સમાજની સ્થાપનાને પણ ૧૦૦ વર્ષ પૂર્ણ થશે. એક સદી... ૧૦૦ વર્ષનો વારસો... ૧૦૦ વર્ષના સંસ્કાર... ૧૦૦ વર્ષનું સામાજિક યોગદાન... અને હવે. પ્રશ્ન એ છે - જ્યારે શ્રી ક.વી.ઓ. સેવા સમાજ તેની શતાબ્દી ઉજવશે, ત્યારે સંસ્થા કેવી સ્થિતિમાં હશે ?

શું તે વધુ મજબૂત હશે ? શું તે એકતા માટે વધુ કટિબદ્ધ હશે ? શું તેમાં સક્ષમ અને દૂરદર્શી નેતૃત્વ હશે ? શું આપણી સંસ્થાઓ સમયની સાથે આગળ વધી રહી હશે ? આ પ્રશ્નોના જવાબ આપણને ૨૦૪૭માં મળશે, પણ એ પહેલાં આપણે ૨૦૨૬માં યોગ્ય પ્રશ્ન પૂછવા જરૂરી છે.

કારણકે ૨૦૪૭નું ભવિષ્ય આજે ઘડાઈ રહ્યું છે. બે દાયકા છે, પણ પરિવર્તન માટે કદાચ બે દાયકાનો સમય ઓછો હોઈ શકે. એક બાળકને નેતા બનવામાં એટલો સમય લાગે છે. એક યુવાનને જવાબદારી સંભાળવામાં એટલો સમય લાગે છે. એક સંસ્થાને વધુ મજબૂત અને પ્રાસંગિક બનવામાં એટલો સમય લાગે છે.

આજે જે બાળક પ્રથમ ધોરણમાં ભણે છે, તે ૨૦૪૭માં સમાજના નિર્ણયો લેતો યુવાન હશે. આજે જે યુવાન સ્વયંસેવક છે તે આવતી કાલે આગેવાન હશે અને આજે જે વરિષ્ઠો સમાજનું નેતૃત્વ કરી રહ્યા છે તેમની દૃષ્ટિ, મૂલ્યો અને માર્ગદર્શન જ ૨૦૪૭ના સમાજનો પાયો બનશે. એટલે Mission ૨૦૪૭ કોઈ ભવિષ્યની ચર્ચા નથી, તે આજની જવાબદારી છે.

Mission ૨૦૪૭ના પાંચ પાયા

1. Leadership Development - દરેક પેઢીમાંથી નવા અને સક્ષમ નેતા તૈયાર કરવા.
2. Youth Participation - યુવાનોને માત્ર કાર્યકર નહીં, પરંતુ નિર્ણયકર્તા બનાવવા.
3. Women Leadership - મહિલાઓને નેતૃત્વ અને નીતિ-નિર્માણમાં સક્રિય ભાગીદાર બનાવવા.
4. Education, Career & Entrepre-neurship - સમાજના દરેક યુવાનને પ્રગતિ, રોજગાર અને ઉદ્યોગ સાહસિકતાની વધુ તકો ઉપલબ્ધ કરાવવી.
5. Strong institutions - આવનારી પેઢીની જરૂરિયાતોને અનુરૂપ સંસ્થાઓનું આધુનિકીકરણ અને સશક્તિકરણ કરવું.

એક પ્રશ્ન દરેક સભ્ય માટે

જ્યારે ૨૦૪૭માં સમાજ તેની શતાબ્દી ઊજવશે અને આવનારી પેઢી પાછળ વળીને જોશે... ત્યારે

તેઓ આપણા વિશે શું કહેશે? તેઓ કહેશે - ''અમારા વડીલોએ જે મળ્યું હતું તે જ અમને આપ્યું'' કે પછી તેઓ ગૌરવથી કહેશે - ''અમારા વડીલોએ અમને માત્ર સમાજ નહીં , પણ ભવિષ્ય આપ્યું હતું'' કારણકે દરેક પેઢી પાસે બે વિકલ્પ હોય છે - વારસો સાચવવાનો... અથવા વારસાને વધુ સમૃદ્ધ બનાવી આગળ સોંપવાનો.

MISSION ૨૦૪૭એ બીજા વિકલ્પની પસંદગી છે

તે કોઈ એક વ્યક્તિનું કાર્ય નથી. કોઈ એક સમિતિનો કાર્યક્રમ નથી. કોઈ એક વર્ષની ઉજવણી નથી. તે સમગ્ર સમાજનો સંકલ્પ છે. એક એવી યાત્રા છે જેમાં દરેક બાળક, દરેક યુવાન, દરેક મહિલા અને દરેક વરિષ્ઠ સહભાગી છે.

સમાપન

૨૦૪૭માં શ્રી ક.વી.ઓ. સેવા સમાજ તેની પ્રથમ સદી પૂર્ણ કરશે, પરંતુ સાચો પ્રશ્ન એ નથી કે આપણાં ૧૦૦ વર્ષ કેવાં ગયાં. સાચો પ્રશ્ન એ છે કે - શું આપણે આગામી ૧૦૦ વર્ષ માટે તૈયાર થઈશું ? આજે આપણે જે નિર્ણય લઈશું, જે નેતાઓ તૈયાર કરીશું, જે તકો ઊભી કરીશું અને જે સંસ્થાઓ મજબૂત બનાવીશું - એ જ આવતી કાલે ઈતિહાસ બનશે.

કારણકે...

''શતાબ્દી ઊજવવાનો અધિકાર સમય આપે છે, પરંતુ શતાબ્દી પછી પણ પ્રાસંગિક રહેવાનો અધિકાર દૃષ્ટિ, નેતૃત્વ અને તૈયારી આપે છે.'' અને તેથી જ - ''૨૦૪૭માં આપણો સમાજ કેવો હશે તે સમય નક્કી નહીં કરે; આજે આપણે શું કરીએ છીએ તે નક્કી કરશે. Mission ૨૦૪૭ એટલે ભવિષ્યની રાહ જોવી નહીં, ભવિષ્ય ઘડવાની જવાબદારી સ્વીકારવી.''

મો.: ૯૮૩૩૯૨૨૪૮૪

પ્રિય વાચકો,

આપના પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર માટે ત્રણ માધ્યમ :

૧ વૉટ્સઍપ/સંદેશ

(માત્ર પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર)

CA સંજય ચંદનબેન વિસનજી છેડા

૯૮૯૨૮૧૫૩૬૭

૨ ઈમેલ - pagdandi@kvoss.org

૩ પત્રવ્યવહાર

પગદંડી, શ્રી ક.વી.ઓ. સેવા સમાજ
શ્રી ક.વી.ઓ. દેરાવાસી નવી મહાજન વાડી,
ત્રીજે માળે, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ,
ચિંચબંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯.

- તંત્રી

આપના ઘરે, ક.વી.ઓ. સેવા સમાજનું માસિક મુખપત્ર પગદંડી ન આવતું હોય, તો ઉપર આપેલ ક્યૂઆર કોડ સ્કેન કરીને અથવા નીચે આપેલ લિંક પર ક્લિક કરી, આજે જ આપનું લવાજમ ભરો.

cutt.ly/pagdandi

ઉંમર તો માત્ર એક સંખ્યા છે

✳ પ્રિશા હેતલ જિગર ગોગરી ✳

વૃદ્ધ થવું એ કુદરતની એ રીત છે જેનાથી તે આપણને કહે છે કે હા, તમે જીવ્યા છો. વૃદ્ધત્વ એ એવી પ્રક્રિયા છે જેને રોકી શકાતી નથી, પરંતુ જો સાચી રીતે જીવવામાં આવે, તો તે 'જીવન' નામની આ વાર્તાનો સૌથી સુંદર અંત બની શકે છે.

ઘણા વૃદ્ધ નાગરિકો આરામ કરવામાં, શોખ કેળવવામાં અને પરિવાર સાથે સમય વિતાવવામાં વધારાનો સમય ગાળવાનો આનંદ માણે છે. આ કરવાથી તેઓ માનસિક રીતે સ્વસ્થ રહે છે. કેટલીક સરળ રોજિંદી આદતો અપનાવીને વૃદ્ધ વ્યક્તિઓ ખુશ અને સક્રિય જીવન જીવી શકે છે.

પરંતુ એક ગેરસમજ છે. લોકો વિચારે છે કે સ્વસ્થ વૃદ્ધત્વ એટલે યુવાન દેખાવું. સ્વસ્થ વૃદ્ધત્વ એ છે કે એવી જીવનશૈલી જીવવી જે તમને માનસિક અને શારીરિક, બંને રીતે સારો અનુભવ કરાવે.

સ્વસ્થ આહાર, નિયમિત કસરત અને પૂરતી ઊંઘ - આ ત્રણ ચીજો સ્વસ્થ જીવનશૈલીનું સંપૂર્ણ મિશ્રણ છે.

જો સ્વસ્થ વૃદ્ધત્વની કોઈ રેસિપી હોય, તો તેમાં ફક્ત દસ ઘટકો હશેઃ શરીરને ગતિ આપવા માટે સવારની સહેલ, શક્તિ પ્રદાન કરવા માટે સંતુલિત ભોજન, હાઈડ્રેડ અને તાજગી જળવાઈ રહે તે માટે પુષ્કળ પાણી, મન ફ્રેશ કરવા માટે ગુણવત્તાસભર ઊંઘ, જ્ઞાત રહેવા માટે નિયમિત આરોગ્ય તપાસ, મગજ સક્રિય રહે તે માટે સારું પુસ્તક અથવા કોયડો, હૃદયને પોષવા માટે પ્રિયજનો સાથે અર્થપૂર્ણ વાતચીત, આનંદ આપે તેવો શોખ, આંતરિક શાંતિ માટે કૃતજ્ઞતાની ક્ષણો અને એક સકારાત્મક માનસિકતા જે દરરોજ નવી આશા સાથે સ્વાગત કરે.

આ બધી આદતો મળીને એક સર્વાંગી જીવનશૈલી બનાવે છે અને એ સુનિશ્ચિત કરે છે કે વૃદ્ધત્વ પણ યુવાવસ્થા જેટલું આનંદમય બની રહે.

અંતે, જેમ જેમ ઉંમર વધે, તેનો અર્થ એ નથી કે જીવન ધીમું પડી જવું જોઈએ. સ્વસ્થ આદતો અપનાવીને, વૃદ્ધ નાગરિકો ખાતરી કરી શકે છે કે તેઓ સક્રિય, ઉત્સાહી અને સ્વતંત્ર રહે. પોતાનું શારીરિક સ્વાસ્થ્ય જાળવવું, સામાજિક રીતે સક્રિય રહેવું અને આશાવાદી રહેવું - આ સ્વસ્થ અને ખુશ વૃદ્ધ થવાની શ્રેષ્ઠ રીતો છે. સ્વસ્થ વૃદ્ધ થવાનો અર્થ ફક્ત એ છે કે દરરોજને ખાસ બનાવવો, સુંદર સ્મૃતિઓ સર્જીને.

આખરે, ઉંમર તો માત્ર એક સંખ્યા છે ને ?

ગામ : ડોણ

મો. : ૮૯૨૮૦ ૭૮૯૩૦

જીવનમાં સફળ થવું હોય તો પહેલા
સપનાને સ્પષ્ટ બનાવો.
સપનાનું કદ મોટું હશે તો મુશ્કેલી
પણ મોટી આવશે,
પણ હિમંત અને વિશ્વાસ રાખશો તો
દુનિયા પણ નમી જશે.

પ્રતિભાવ - પ્રતિસાદ

આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ

પગદંડી જૂન, ૨૦૨૬ - દેવપુરની લૂંટ

પગદંડીના જૂન ૨૦૨૬ના અંકમાં ''દેવપુરની લૂંટ'' નામના લેખમાં - વસંત જેઠીબાઈ લીલાધર ગાલા - કચ્છ કેસરી તરફથી કચ્છના, આજથી ૮૦ વર્ષ પહેલાં, જૂના ઈતિહાસની વાત ખૂબ જ રસપ્રદ રીતે રજૂ કરી છે.

કચ્છ ૧-૬-૧૯૪૮ના ભારત સરકારમાં જોડાયું તેથી પહેલાં સદીઓ સુધી કચ્છમાં જાડેજા ક્ષત્રિયોનું રાજ હતું. એ સમયની રાજકીય સ્થિતી તેમ જ રાજ્યના ભાયાતોની બહારવિટયાં તરીકેની લૂંટફાટની વાતો લેખકે ખૂબ સુંદર રીતે રજૂ કરી છે.

રોહા જાગીરનું ઝાડજોગ ગામ દેવપુરની ખૂબ નજીક. એના મુખિયા રતનજી ઠકરાઈએ દેવપુરમાં લૂંટ ચલાવી. દેવપુરના તેજપારબાપાએ રતનજી સાથેની એક રૈયાણમાં નિર્દોષભાવે કહ્યું કે આપણી તરફ કોઈ લૂંટ માટે નજર પણ ન કરી શકે. રતનજીએ એને અપમાન તરીકે ગણીને મનમાં ગાંઠ વાળી.

રતનજી, બીજા ત્રણ સાગરીતો સાથે, સન ૧૯૪૮ની દિવાળી વખતે ઊંટ પર સવાર થઈ, ખભે બેનાળી બંદૂક લટકાવીને સાંજે દેવપુરમાં દાખલ થયા. ગામમાં સાદ ફેરવાયો કે કોઈએ બહાર નીકળવાનું નથી વગેરે વગેરે. તેજપારબાપાના ઘરમાં લૂંટ કરી, ગામના સુંદરજી સુતાર અને લીલાધર શામજી વીરા કુતૂહલવશ તેજપારબાપાના ઘરની સામેથી પસાર થયા. તે વખતે રતનજીનો સાથી, જે ચોકી કરતો હતો, તેની ગોળીથી બંને વિંધાઈ ગયા ને મૃત્યુ પામ્યા. આ બનાવ તે સમયે અબડાસાના દરેક ગામમાં ચર્ચાનો વિષય હતો.

લેખકને વિનંતી કે તે સમયની અન્ય ગામોમાં થયેલ લૂંટફાટ તેમ જ એક અન્ય બનાવમાં. અબડાસાના ફોજદાર લૂંટારુંઓ સામેની લડાઈમાં-ઝપાઝપીમાં શહીદ થયા, એની પર સંશોધન કરીને લેખ લખે.

લિ. દામજી મીઠાંબાઈ ઉમરશી સાવલા

• •

પગદંડી જુન, ૨૦૨૬ - દેવપુરની લૂંટ

પગદંડી માસ જૂન, વસંતભાઈ લીલાધર ગાલા લિખિત દેવપુરની લૂંટ લેખ ખરેખર અદ્ભુત લાગ્યો, જાણે કે આપણી નજર સમક્ષ બની રહ્યું છે તથા વિનિત દિનેશ ગડા લિખિત એકતાની કસોટી ખરેખર વિચારવાલાયક. આવા સુંદર લેખો બદલ તંત્રી શ્રીનો આભાર.

પગદંડીના બધા જ લેખકો તેમના લેખ માટે ખૂબ જહેમત લઈ રહ્યા છે, જે દરેક લેખમાં ઊભરીને દેખાય છે. તે બદલ બધાને ખૂબ ખૂબ અભિનંદન.

લહેરચંદ પાનબાઈ લખમશી ગાલા
મોટા કાંડાગરા, મુલુંડ
મો.: ૯૭૫૭૩૩૯૦૩૧

વિચારોનું વાવેતર

સમાજની દરેક નાની-મોટી વ્યક્તિ ''વિચારોનું વાવેતર'' કરી શકે છે. એના માટે વાડી-ખેતર, જમીન કે પૈસાની જરૂર પડતી નથી. આપણી (પાંજી) પગદંડી - અંક મારફત એની શરૂઆત કરી શકાય છે. હા.... તમારી અંદર મહત્ત્વાકાંક્ષા અને નીડરતા હશે તો અચૂક તમે પા-પા પગલી કરતાં કરતાં પગદંડીમાં પ્રવેશ કરી શકશો.

કરો વિચારોનું વાવેતર - લઈ લો હાથમાં કલમ, લખી મોકલો પગદંડીમાં તમારા વિચારો - પ્રતિભાવો.

મિત્રો, વડીલો... બિન્દાસ તમારો એક નાનો લેખ, સૂચન, પ્રતિભાવ, અનુભવ, પ્રશ્નો, વિચારોનો કરો વાવેતર. સમય જતાં એમાં અંકુરો ફૂટશે અને વિશાળ વટવૃક્ષ બની સમાજને છાંયડો આપશે, સાથે દીવાદાંડી બની સમાજને સાચી દિશા બતાવશે.

દરેક પરિવર્તન પહેલા વિચારો ચર્ચાના ચકડોળે ચકરાવો લઈ સમાજને જાગૃત કરી નવી દિશા બતાવશે, જેથી સમાજમાં પરિવર્તન આવવાથી કોઈકને જીવવાની સાચી રાહ મળી જશે.

નાના વિચારો - મોટું યોગદાન - થોડાં ઉદાહરણો...

વડીલોને દુઃખદાયક બનતું બેઠાડું, એકલવાયું જીવન - ''ખાલીપો''. ખાલીપાને ખો આપવા કરીએ આપણે વિચાર... મેળાવડા, રમતગમતો, પિકનિકો, સત્સંગ- પ્રભુભક્તિ વગેરે વગેરે દરેક એરિયામાં એનું આયોજન કરી શકાય. ''ભેરપો''થી સમાજમાં આવેલું પરિવર્તન આપણે જોઈ શકીએ છીએ.

આરોગ્યધામોમાં રાહત દરે વડીલોને રહેવાની સગવડ - જેવા કે વડીલવંદના-ગુંદાલા, માવતરનો મેળો-માધાપર વગેરે જગ્યાએ વડીલો પોતાનું બાળપણ વાગોળી શકે છે.

નાના વિચારોથી લાભદાયી બનેલી પ્રવૃત્તિઓ, જેવી કે સંજીવની સ્વાસ્થ્ય યોજના, સમૂહલગ્ન-સ્વાભિમાન લગ્ન, રક્તદાન, નેત્રદાન, ખારી માની વગેરે પ્રવૃત્તિઓથી જીવનમાં મળતી રાહતો આપણે જોઈ શકીએ છીએ.

''માતા'' (મધર)ની મમતા-મહત્તા બતાવતી એક વિચારસરણી... પગદંડીના દરેક અંકમાં આવેલી એની અનુક્રમણિકામાં જોઈ શકાય છે. પગદંડીના દરેક લેખકના નામ પાછળ પહેલાં માતાનું નામ, પછી પિતાનું નામ લખવાની શરૂઆત થઈ ચૂકી છે. ગામ રતાડિયા ગણેશવાલાના સંજય ચંદનબેન વિશનજી છેડાનો એક નાનો વિચાર, એમણે કરેલું અનુકરણ સમય જતા - પગદંડી અંકની પૂરી અનુક્રમણિકા અનોખી રીતે ''માતા''ની મહત્તા, મમતા બતાવી રહી છે.

આવાં અનેક દાખલા, ઉદાહરણો આપણા સમાજમાં છે....

કરો વિચારોનું વાવેતર,
આપીએ એમાં સાથ-સહકાર,
સમૃદ્ધ-સદ્ધર બનશે પરિવાર,
સુખ-શાંતિ મળશે જીવનભર...

નાની-નાજુક ખિસકોલીનો એક નાનકડો વિચાર, સમાજને મોટું યોગદાન કેવી રીતે આપી શકે છે - એ જાણવા જૂન, ૨૦૨૬નો પગદંડી અંકનો તંત્રીલેખ જરૂર વાંચી એની ઉપર મનન કરજો. એક વિચારનું વાવેતર કરવા જરૂર પ્રયત્ન કરજો.

લેખ, પ્રતિભાવ મોકલવા પગદંડી બધાને આમંત્રણ આપે છે.

જયંતી લક્ષ્મીબેન વાલજી ગોગરી
ભુજપુર - ઘાટકોપર (ઈસ્ટ)
મો. : ૯૯૬૭૨ ૮૬૨૦૦

ઊર્મિલહર

સંપાદક : વિશન પાનબાઈ દેવરાજ નાગડા

મિઠા

પાંજી અખરજાત્રા 'ગ' મેણો 'સકર' તેં અચીને અટકઈ. ભલા અંઈ જ ચોં, સકર કે ડિસી પાં તૉરઈ ઈગીયા વધી સગોં ? પાં સકર જી ગાલ કઈંધે કઈંધે ખન, મિસરી ને માટી-મિસરીજી ચરચા પણ કિઈ !

ત હાણે સકરજી મિઠાસ પોય પાં ઈનીયાં પણ ઊંચી ચીજ કે માણીબો !

(૧)સકર (વિ.) - સાકર જેવું મીઠું, as sweet as sugar - very sweet

(વાક્ય) આ! હી ચિભડ ત કર સકર ર્યો, બૉરો મિઠો આય.

(ચિભડ બોરો મિઠો આય. ઈ ચેલા ઈનકે 'સકર'જી ઉપમા ડિનેમેં આવઈ આય)

(૨)સખર વિ. સારું, ઊંચી ગુણવત્તાવાળું adj very good

(વાક્ય) કાલ ડેપરનું આયા અંઈ સે આમાં સખર અંઈ.

(૩)સખર (વિ.) ગુણિયલ adj virtuals

(વાક્ય) સામજીકે વ્યાંઈ બૉરા સખર મિલીવ્યા ભલા !

(૪)સખર (વિ.) નાથી સારું adj superior

(વાક્ય) આંજે ગામ કનાં અસાંજે ગામજી જિમીન મૂરેં સખર

પનપટી : સખર શબ્દ મથે ચૉવક જો વીચાર ક્યો તેને હિકડી લાટ, સરળ ને સાધી ચૉવક ચિતમેં અચી વિઈ !

'સોયેં સખર તાંય માંક ન થીયે મીંયડો' (ગમે તેટલી સારી કેમ ન હોય, ઝાકળ કદી મેહ-વરસાદ ન થઈ શકે).

હી ચૉવક હિકડે સાધે પણ જીયણમેં બઉ ઉપયોગી, સત્ય - હિકડી ખાસ હકીકતજો ઉચ્ચારણ કરેતી. ''કોઈ વ્યક્તિ મૂળે જ નબળી હોય, એનામાં આંતરિક કૌવત જ ન હોય, તો પછી એની પાસેથી વધારે અપેક્ષા ન રાખી શકાય. એક મર્યાદાથી વધારે સારા થવું એના સ્વભાવમાં જ નથી. ક્યાં ઝાકળનું પાણી અને ક્યાં મેઘવર્ષા. જગની નીરતૃષા, તો મેહુલો જ છિપાવી શકે''

ભલેં તડેં મિલાંતો !

- આંજો વિશન

મો.: ૯૮૨૦૪૫૬૮૯૯

મનડો

સઉં હલે જે સિજ ઉગાય, ઊંધો હલે તે અંધેરી,
'તેજ' ચેં એડો મનડો છાલ થીએ મ કેંસે વેરી.

તંતર

અજ ઉદ્ઘાટન મેં કતર, સ્વાગત મેં આંટી,
'તેજ' તંતર ઈં જ હલેતો, કિત ફિટક કિત ડાંટી

જિંદગી

મુંભઈજા માડુ કેડી જિંધગી ગુજારીયેં,
ખેં ઘરેં ત ઓગાર ઠેસનેંતે વારીએં.

''हर पल ऐसा होता रहेगा''

ख़्वाबोंमे ही बह जायेगी ज़िंदगी,
हर पल ऐसा होता रहेगा।
सोच समझ ले ये ज़िंदगी,
कोई हँसता कोई रोता रहेगा।

अकेली थी, है, रहेगी ज़िंदगी,
न बेटा न कोई पोता रहेगा।
ऐ इन्साँ! अब तूं जाग,
ज़िंदगी, और कितनी सोता रहेगा?

संत सूफी के बीच ज़िंदगी,
सिर्फ़ एक समझौता रहेगा।
इनके चक्कर में न आये ज़िंदगी,
कबतक गंगा में धोता रहेगा?

न काट सका पापों की फ़सल
ज़िंदगी और कितनी बोता रहेगा?
यूँही जनम-जनम जी रही ज़िंदगी,
और कितनी खोता रहेगा?

अख़िर मरघट ही मुकाम ज़िंदगी,
कोई आता कोई जाता रहेगा।
कोई हँसता कोई रोता रहेगा दोस्त,
हर पल ऐसा होता रहेगा।

પ્રવીણ જવેરબેન દામજી ગોગરી (પ્રેમ) -
દહિંસર - ફોન : ૨૮૯૫ ૩૪૫૯

• • • • • • • • • • • • • • • • • • • •

સિરી વ્યો નિંઢપણ

અખ મિંજાનું સિરી વ્યોતે નિંઢપણ,
કાગરજી હોડીમેં ગરી વ્યોતે નિંઢપણ.

જાધૂં લિકાઈ રખઈયૂં અંઈ ખીંચેમેં,
ઈટાઈટીમેં ભિરી વ્યોતે નિંઢપણ.

ઊ ધૂબાકા વાયમેં ડિના'વા મથોમથ,
ટુબી ડિઈને વરી તરી વ્યોતે નિંઢપણ.

ટોપી, છાલ પૅરી ભની વિનૂં બાઈ-અધા,
ઘરરાંધમેં મોતી પિરોઈ વ્યોતે નિંઢપણ.

ન ડુખ ન ચિંધા, બસ, ખિલી ખિલાયૂં,
જાધૂજી છડી ફિરાઈ વ્યોતે નિંઢપણ.

- ભાનુબેન સાવલા 'ભદ્રા'

વી ગાલ ચેજી

વી ગાલ ચેજી : ચિઈ સગ્યા નં, પાં મિલ્યા ત કુર મિલ્યા !
ભમરા ન આયા ભાગમેં, ફુલડા ખિલ્યા ત કુર ખિલ્યા !

પરડેસજા વાવડ ન કીં, ઘર તા લગે મૂંકે ઠલો,
શ્રીકારમેં નઈયૂં, તરા, છેલા છિલ્યા ત કુર છિલ્યા!

લાચાર હો ભેરુ, જલીને બાં સફરમેં પાં ખયા,
અધવાટતેં ઈનકે ઉતાર્યા, બાં જલ્યા ત કુર જલ્યા!

જેં વટ જિજા વેં ઢીડલા, તેં કેં જ ઍડ્મિસન મિલૅ,
નીસાડજા ઈ બાયણાં મોંઘા ખુલ્યા ત કુર ખુલ્યા!

હરિ-નાં ફક્ત બસ! જાધ રૅ, છૅલે વખત આંકે 'તિમિર'
ભાકઈ મિડે જંજાર જગજી અંઈ ભુલ્યા ત કુર ભુલ્યા!

- કવિરવિ પેથાણી 'તિમિર'

• • • • • • • • • • • • • • • • • • • •

મહેફીલ

જુઓ ન્યોછાવર થવાની
અહીં કેવી હાલત થાય છે
પ્રભુને ચડાવેલા પુષ્પો
અહીં કચરાપેટીમાં ફેકાઈ છે

કોઈ ભૂખને જગાડવા
મોંઘા ભાવનો 'શરાબ' પીવે છે
ને કોઈ ભૂલને સમાવવા
ખાલી 'શબ' પીવે છે

એના કોમળ દિલમાં
શું ભર્યું છે? ખુદા જાણે
આપેલી કાકલૂદી થકી તો
પથ્થરનો પ્રભુ પણ પીગળી જાય।

મોટા નામની પાછળ
દોડવાથી કોઈ ફાયદો નથી દોસ્તો।
નદીને મૂકીને દોડ્યો
દરિયા પાછળ તો ખારાશ સિવાય કઈ ન મળ્યું

હાલત જે બીજાની થઈ
એ અમારી થવાની
મહોબત અહીં નથી થઈ કોઈની
ને નથી અમારી થવાની

મણિલાલ ડી. રૂપાણી, રાણાવાવ

શ્રી ક.વી.ઓ. સેવા સમાજ
અપડેટ

તા. ૧ એપ્રીલ ૨૦૨૬ થી ૩૦ જુન, ૨૦૨૬ (માનદ મંત્રીઓ)

✤ **વૈદ્યકીય રાહત યોજનાઃ**

તા. ૭ મે, ૨૦૨૬ અને તા. ૪ જૂન, ૨૦૨૬ના રોજ મળેલ મિટિંગમાં વૈદ્યકીય ખર્ચ પેઠે મેડિક્લેમ ઉપરાંત દવાના અથવા બીમારીને લગતા વધુ ખર્ચ માટે નીચે મુજબ ગામ નાગ્રેચા, મકડા, નાના ભાડિયા, વડાલા, નાગલપુર (૩), ગુંદાલા, રાયણ, ટુંડા, બિદડા (૨), કોડાય (૨), લુણી, ડેપા (૨), બાડા, મોટી ખાખર, નાની ખાખર, ગોધરા, કુંદરોડી (૨), મોટી ઉનડોઠ, પ્રાગપુર, પુનડી (૨), છસરા, ભોરારા, મોટા આસંબિયા (૨), ફરાદી, ચૂનડી, ભુજપુર (૨), નાના આસંબિયા, કાંડાગરા, હમલા મંજલ, દેવપુર, પત્રી, મેરાઉ, બારોઈનાં કુલ ૪૨ જરૂરિયાતમંદ ભાઈ-બહેનોને રૂા. ૭,૪૧,૨૦૦ની વૈદ્યકીય સહાય આપવામાં આવેલ.

✤ **રહેઠાણ લોન યોજનાઃ**

તા. ૭ મે, ૨૦૨૬ના રોજ પોતીકા રહેઠાણ માટે ગામ ભોજાય, નાના ભાડિયા, નાની તુંબડી, ભુજપુર, ગોધરા, મોથારાની કુલ ૬ વ્યક્તિઓને રૂા. ૨૮ લાખની લોન આપવામાં આવેલ.

✤ **સ્ત્રીઉત્કર્ષ યોજના :**

તા. ૧૨ મે અને ૮ જૂન, ૨૦૨૬ની મળેલ મિટિંગમાં પગભર થવા માટે બહેનોને ગૃહઉદ્યોગ વધારવા અથવા નવો ગૃહઉદ્યોગ શરૂ કરવા માટે ગામ નાની તુંબડી, ભોરારા અને દેવપુરની કુલ ૩ બહેનોને રૂા. ૨,૫૦,૦૦૦ની લોન વિતરીત કરવામાં આવેલ.

✤ **બુક બૅન્ક કૉમ્પ્યુટર લોન :**

આ સમય દરમ્યાન ગામ ગોધરા અને ગુંદાલાના ૨ વિદ્યાર્થીઓને કૉમ્પ્યુટર દ્વારા ભણતર માટે રૂા. ૬૬,૦૦૦/-ની લોન આપવામાં આપવામાં આવેલ.

✤ **બુક બૅન્ક કૉમ્પ્યુટર લોન :**

દર રવિવારે બુકબૅંકમાં વિવિધ ધોરણના પુસ્તકોની આપ-લે સેવા સમાજ ઉપરાંત મુલુંડ અને બોરીવલી ખાતે કરવામાં આવે છે.

✤ **શૈક્ષણિક લોન યોજના :**

આ યોજનાની તા. ૯ મે અને ૨૭ જુન, ૨૦૨૬ના રોજ મળેલ મિટિંગમાં રૂા. ૪૫,૭૭,૦૦૦ની લોન ભારતમાં રહીને ઉચ્ચ અભ્યાસ કરતા ૨૮ વિદ્યાર્થીઓને તેમ જ વિદેશ અભ્યાસાર્થે ૨ વિદ્યાર્થીઓને રૂા. ૫ લાખની લોન આપવામાં આવેલ.

✤ **વૉલીબૉલ ટૂર્નામેન્ટ - ગાલા સ્પ્રિંગસ કપ :**

વૉલીબૉલ ઈનડાયરેક્ટ ટૂર્નામેન્ટ. IPL ફોર્મેટમાં રમાતી આ ટૂર્નામેન્ટ રવિવાર, તા. ૧૯ એપ્રિલ, ૨૦૨૬ના રોજ શિશુવન સંચાલિત પૅવેલિયન ગ્રાઉન્ડ ખાતે યોજાઈ હતી. આ ટૂર્નામેન્ટનાં મુખ્ય દાતા શ્રીમતી તારામતી વિશનજી ગાલા (ડુમરા-થાણા) રહ્યાં.

❖ **સાંસ્કૃતિક કાર્યક્રમ :**

આ વર્ષે 'ખાલીપો' નામક નાટક સમાજ સમક્ષ રજૂ કરવામાં આવેલ. વિદેશ ભણવા જતા પુત્રનાં મા-બાપ અથવા એકલવાયું જીવન જીવતી વ્યક્તિઓ માટે જોવા જેવું નાટક એટલે ખાલીપો. આ નાટકનું ઓડિશન રાઉન્ડ તા. ૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ યોજાયેલ. ઓડિશન બાદ કુલ ૧૫ કલાકારો સિલેકટ કરવામાં આવેલ. પ્રથમ શો તા. ૩ મે, ૨૦૨૬નાં રોજ યશવંત નાટ્યમંદિર. માટુંગા (વેસ્ટ) ખાતે યોજાયેલ હતો. ત્યાર બાદ બોરીવલી, ઘાટકોપર, મુલુંડ, મલાડ, કલ્યાણ, નાલાસોપારા, દાદર, પ્રભાદેવી, થાણા, પનવેલ, વાશી ખાતે આ નાટકના શો (પ્રયોગો) યોજાયેલ અને મુંબઈની બહાર પણ આ શો યોજવામાટે ગોઠવણ કરેલ છે.

❖ **YOUNG CEO BOOT CAMP**

બાળકોનાં સ્વપ્નોને સાકાર કરવા, સુંદર ઓપ આપવા, ભાવિનું ઘડતર ઘડવા સેવા સમાજે ૧૫ થી ૧૮ વર્ષનાં બાળકો માટે ૪ દિવસના આ કૅમ્પનું આયોજન કરેલ છે, જેમાં કુલ ૭૦ અરજીઓ આવેલ હતી. એ અરજીઓમાંથી કૅમ્પ માટે, વિદ્યાર્થીઓનું સિલેકશન માટે શનિવાર, તા. ૨૦ જૂન ૨૦૨૬ના રોજ ચિંચપોકલી મહાજન વાડી ખાતે સાગર મેનન દ્વારા ઈન્ટરવ્યૂ લઈ ૧૫ વિદ્યાર્થીઓને સિલેકટ કરવામાં આવ્યા છે.

અનુદાન - આભાર

તા. ૧ એપ્રિલ, ૨૦૨૬ થી તા. ૧૫ જૂન, ૨૦૨૬ સુધી આવેલ અનુદાનની યાદી

રૂા.	૫૦,૦૦૦/-	માતુશ્રી લક્ષ્મીબેન અને પિતાશ્રી વેલજી હીરજી માલદે (ભુજપુર - મકડા ફરિયો)ના સ્મરણાર્થે હસ્તે તેમના પરિવારજનો (મુંબઈ - USA) તરફથી - શૈક્ષણિક ફંડમાં
રૂા.	૨૫,૦૦૦/-	શ્રી સુરેન્દ્ર ગંગર (નાગલપુર - વિલેપાર્લા (ઈ) - વૈદ્યકીય સહાય
રૂા.	૨૨,૦૦૦/-	શ્રી હસમુખ ધનજી દેઢિયા (બોરીવલી (ઈ) - શૈક્ષણિક અને વૈદ્યકીય સહાય
રૂા.	૨૧,૦૦૦/-	તા, ૨૦ એપ્રિલના CA શ્રી દેવચંદભાઈ રવજી ગાલા (મોટી રાયણ)ની ૪૦મી પુણ્યતિથિ નિમિત્તે - વૈદ્યકીય સહાય
રૂા.	૧૧,૦૦૦/-	શ્રીમતી સુશીલા દેવચંદ પાસડ (નાગ્રેચા વિલેપાર્લા (ઈ))- વૈદ્યકીય સહાય

દાતાશ્રીઓનો આભાર

મળેલ અનુદાન નિમિત્તે શ્રી ક.વી.ઓ. સેવા સમાજ દાતાશ્રીઓનો આભાર માને છે. સંસ્થાની સ્ત્રીઉત્કર્ષ યોજના, રહેઠાણ યોજના, વૈદ્યકીય સહાય, શૈક્ષણિક લોન, બુક બૅન્ક જેવી વિવિધ પ્રવૃત્તિઓ માટે મળેલ અનુદાનમાં આયકર કલમ 80-G બાદ મળે છે.

સાંત્વન

(તા. ૧ મે, ૨૦૨૬ થી તા. ૩૧ મે, ૨૦૨૬)

ચક્ષુદાન : 👁 દેહ /ત્વચાદાન : ✪ અવયવદાન : ✷

પ્રાર્થના રાખેલ નથી

નામ	ઉંમર	ગામ	હાલે
રાજેશ ચીમનલાલ ગણપત સુરાણી	૫૬	બેરાજા	ઉમરગામ
હીરબાઈ દામજી કરમશી છેડા	૮૨	છસરા	કુર્લા
મા. મધુબેન કાંતિલાલ નાનજી શેઠિયા	૬૮	લાખાપુર	દહિંસર
એડ. જયંતીલાલ કુંવરજી શિવજી ગડા	૮૦	સાભરાઈ	અડાલજ
લક્ષ્મીબેન જીવરાજ ટોકરશી ફુરિયા	૯૩	બિદડા	અંધેરી
મંજુલાબેન રાઘવજી શિવજી સાવલા	૬૯	રતાડિયા ગણેશ	ભાઈંદર
મોનીષ અશોક દેવજી દેઢિયા	૫૦	બિદડા	પુના
દીપક શાંતિલાલ લખમશી ગોગરી	૫૧	ડોણ	કાંદિવલી
શ્રીમતી ભાવનાબેન ચીમનલાલ કુંવરજી છેડા	૭૧	બારોઈ	કર્ણાટક
જશવંતી સુરજી મેઘજી ગાલા	૭૫	સાડાઉ	નાલાસોપારા
દિલીપ કાનજી ધરમશી હરિયા	૬૨	શેરડી	મીરા રોડ
લલિત સવરાજ શાનજી ગાલા (સોઢા)	૬૮	વડાલા	વડાલા (૨ઉ)
હીરાબેન નાગજી દેવશી છેડા	૮૬	મોટા આસંબિયા	મુલુંડ
બા. બ્ર. નાગજી લખમશી કુંવરજી દેઢિયા	૮૮	નાની ખાખર	દહિંસર
ભારતીબેન મણિલાલ હંસરાજ છેડા	૬૦	રતાડિયા ગણેશ	વસઈ
અશોક રામજી ટોકરશી ગડા	૭૯	બાડા	બાડા
મંજુલાબેન (દેવપુરનાં સ્વ. દેવકાંબેન માણેક ગોસરનાં સુપુત્રી)	૮૨	—	પેડર રોડ
મણિબેન ચુનીલાલ નાનજી સોની	૮૩	વડાલા	મલાડ (૧૩ ઉ)
ચંચળ પોપટ ધનજી ગડા	૭૪	નાના ભાડિયા	ચેન્નાઈ
પ્રભાવતી તલકશી નાનજી મારુ	૭૯	બિદડા	ભાંડુપ
પોપટલાલ ખીમજી મુરજી મામણિયા	૮૩	કુંદરોડી	થાણા
બા.બ્ર. સાકરબેન વેલજી રાયશી સાવલા	૯૭	વડાલા	બોરીવલી
શશિકાંત પોપટલાલ વીરજી છેડા	૭૮	કુંદરોડી	મુલુંડ

નામ	ઉંમર	ગામ	હાલે
લખમશી શિવજી કરમશી નાગડા	૮૨	ચાંગડાઈ	ભાંડુપ
દેવચંદ મોરારજી નિસર	૮૩	વડાલા	ડોંબિવલી
લક્ષ્મીબેન ભાણજી ખીમજી ગડા	૭૮	પત્રી	ડોંબિવલી ✪
જ્યોતિ નવીન ખીંયશી વોરા	૫૫	વરંડી	ભાઈંદર 👁 ✪
લક્ષ્મીબેન મણિલાલ દેવજી છેડા	૮૨	મોટા લાયજા	કાંદિવલી (૧૦ ઉ)
નેમજી કાનજી કુરપાર દેઢિયા	૮૬	નાની ખાખર	દહિંસર
તારાબેન રતનશી ચુનીલાલ વોરા	૮૭	ડોણ	કાંદિવલી
નેમચંદ દેવજી ખેરાજ ગડા	૮૦	મોટા આસંબિયા	કાંદિવલી
જયંતીલાલ તલકશી રામજી વીરા	૮૧	દેશલપુર	બોરીવલી
હરખચંદ વેલજી જેવત કારાણી	૭૬	ડુમરા	મલબાર હિલ
જયવંતી વિશનજી કુંવરજી ધરોડ	૭૩	પત્રી	નાલાસોપારા
અ.સૌ. સુસીલા મણિલાલ લખમશી દેઢિયા	૭૨	મોખા	ચેમ્બુર
મા. સરલાબેન વિશનજી પાલણ મોતા	૭૬	ગોધરા	ચેમ્બુર
મણિલાલ પ્રેમજી ચાંપશી સાવલા	૮૮	નાની તુંબડી	પરેલ
સૌ. ધર્મિષ્ઠા મનીષ શામજી દેઢિયા	૭૧	ગઢશીશા	વિલેપાર્લે
ચુનીલાલ ઉમરશી દેવજી સોની	૭૨	દેશલપુર (કંઠી)	થાણા
કરમચંદ લાલજી જગશી સાવલા	૭૫	મોટા આસંબિયા	માટુંગા
મોરારજી ગણપત વેલજી સૈયા	૮૮	ગેલડા	દહિંસર ✪
લક્ષ્મીચંદ તલકશી જેવત સાવલા	૭૧	ભોજાય	ડોંબિવલી
ધીરજ નાગજી નરશી ગાલા	૭૪	મોટા લાયજા	બોરીવલી
ચંદનબેન ચંદ્રકાંત હીરજી વિસરિયા	૮૦	મેરાવા	અંધેરી
કસ્તૂરબેન કુંવરજી શિવજી સાલિયા	૯૬	બિદડા	બિદડા
રાજેશ કુંવરજી લાલજી સાવલા	૬૮	લાખાપુર	માટુંગા 👁 ✪
પુરબાઈ ગાંગજી કાનજી રાંભિયા	૧૦૨	વડાલા	વસઈ

નામ	ઉંમર	ગામ	હાલે
કસ્તૂરબેન કેશવજી ભારમલ ગોગરી	૭૮	મોખા	સુરત
હેમરાજ દેવજી કોરશી ગોસર	૯૪	દેઢિયા	વડાલા
દામજી મોરારજી હેમરાજ ગોલા	૭૮	કાંડાગરા	દહિંસર
કમલેશ માલશી કુંવરજી દેઢિયા	૪૮	સાડાઉ	થાણા
અમૃતલાલ શાંતિલાલ ગોસર	૭૭	ગોધરા	મુલુંડ
રંજનબેન ધરમશી હેમરાજ છેડા	૭૯	વાંકી	ગોરેગામ
નર્મદા નેમચંદ દેવજી હરિયા	૭૯	ગોધરા	માટુંગા
પ્રદીપ ખેતશી જાદવજી ગાલા	૬૯	ટોડા	ઘાટકોપર
ચુનીલાલ ખીમજી માલશી ગંગર	૮૦	છસરા	જોગેશ્વરી
મા. મણિબેન કુંવરજી માલશી ગંગર	૮૬	છસરા	મલાડ (૨૦૭)
મણિબેન કુંવરજી મેઘજી સોની	૮૯	વડાલા	મુલુંડ
કિશોર ગાંગજી વીરજી નાગડા	૭૦	બાડા	ડોંબિવલી
મા. જયવંતીબેન લખમીચંદ મુલચંદ મોતા	૭૧	નવાવાસ	બાંદરા
મા. રૂક્ષ્મણીબેન ભવાનજી હંસરાજ સાવલા	૭૫	ડેપા	ગ્રાન્ટ રોડ
અરવિંદ ધનજી ભવાનજી લાલન	૭૩	નાંગલપુર	ડોંબિવલી
જાદવજી નપુ દના રાંભિયા	૭૭	રામાણિયા	આણંદ
મા. કુસુમ દામજી જીવરાજ શાહ/દેઢિયા	૮૩	ભુજપુર	મુલુંડ
		(હાડકાં/માંસપેશીઓ/ ત્વચા/નેત્ર)	
વેદાંત હરનીશ તલકશી વીરા	૨૦	મેરાઉ	જબલપુર
કલ્યાણજી ખીમજી આસારિયા શાહ/ગાલા	૮૭	બિદડા	વોર્ડન રોડ
ફોરમ જિગર જશી સંગોઈ	૪૪	ભોરારા	બોરીવલી
અ.સૌ. નીલમબેન કેશવજી નરશી દેઢિયા	૭૪	ભુજપુર	નાલાસોપારા
મા. હંસાબેન માવજી કુંવરજી દેઢિયા	૮૬	ભોરારા	બોરીવલી
લક્ષ્મીબાઈ પદમશી શિવજી વોરા	૯૫	બિદડા	બોરીવલી
પ્રાર્થના રાખેલ છે			
હસમુખ લાલજી ડુંગરશી ભેદા	૬૯	મોખા	ડોંબિવલી
જાદવજી દેવજી હીરજી ગાલા	૭૭	કાંડાગરા	ઘાટકોપર
રતનશી ખીમજી વીરજી ગાલા	૮૧	ડોણ	નાલાસોપારા
મા. દેવકાંબેન કુંવરજી કોરશી કારાણી	૮૮	નારાણપુર	માટુંગા
પુનશી ગાંગજી વીજપાર વિસરિયા	૮૧	બાડા	દાદર
લલિત કુંવરજી વીજપાર છેડા	૭૦	કાંડાગરા	વરલી
પુરવ કિશોર લખમશી વિસરિયા	૩૮	દેશલપુર (કંઠી)	વિલેપાર્લે
મીતા મોહન આસુ ગાલા	૫૬	કોટડી (મહા.)	કોપરખેરને

નામ	ઉંમર	ગામ	હાલે
પ્રાર્થના રાખેલ છે			
પ્રદીપ મોરારજી વસનજી દેઢિયા	૫૮	તલવાણા	વડાલા
ધનલક્ષ્મી નેમજી દેવજી ધરોડ	૬૯	લુણી	બોરીવલી
મમીબાઈ ખીમજી જીવરાજ પાસડ	૯૦	દેઢિયા	વડાલા
વિશનજી હીરજી મોનજી સંગોઈ	૯૭	નાંગલપુર	મુલુંડ
ચિરાગ રમેશ પ્રેમજી કારાણી	૪૦	નારાણપુર	નવી મુંબઈ
મહેન્દ્ર ધનજી દામજી હરિયા	૬૭	હાલાપુર	થાણા
વનિતાબેન ગાંગજી ખીમજી દેઢિયા	૮૩	ફરાદી	મલાડ
અ.સૌ. રૂપાલી ચેતન મણશી ગડા	૪૮	ગુંદાલા	કાંદિવલી
પરાગ રવિલાલ નાનજી દેઢિયા	૫૬	ભુજપુર	ઘાટકોપર
દામજી ગુણશી દેવાણી ગડા	૭૩	સામખિયારી	બોરીવલી
નેમચંદ રામજી લખમશી સાવલા	૭૮	રાયણ	સાંતાક્રુઝ
ભવાનજી હંસરાજ ધારશી ગાલા	૯૨	હાલાપુર	માટુંગા
નાનજી કાનજી દેરાજ ગડા	૭૪	મોથારા	મુલુંડ
ધીરજી વેરશી કોરશી નિસર	૭૫	કોટડા રોહા	ભાંડુપ
સુરજી દેવજી ચાંપશી સંગોઈ	૯૨	ટોડા	ઘાટકોપર
મા. ધનવંતીબેન જવેરચંદ રામજી સાવલા	૮૪	રાયણ	શિવરી
પાનબાઈ લક્ષ્મીચંદ દેવજી ગડા	૮૬	કોડાય	બેંગ્લોર
ધીરજલાલ ટોકરશી મોનજી બોરીચા	૭૯	રાયણ	સાંતાક્રુઝ
અવનિ રોનક કાંતિલાલ વોરા	૨૯	વરંડી મોટી	ડોંબિવલી
ડિમ્પલ દેવચંદ લાલજી સાવલા	૩૯	ડેપા	બોરીવલી
અ.સૌ. કુંજન મુળરાજ માવજી છેડા	૫૨	પુનડી	ઘાટકોપર
પ્રેમચંદ તેજશી શામજી સાવલા	૮૫	મોટા આસંબિયા	ગોરેગામ
સંજય મુલજી પ્રેમજી મારુ	૬૧	સાભરાઈ	મુલુંડ
ભાનુબેન વેરશી વિશનજી ધરોડ	૮૮	પત્રી	હૈદરાબાદ
વેલબાઈ કુંવરજી વેલજી સાવલા	૯૨	ડોણ	બોરીવલી
દેવકાંબેન દામજી કેશવજી સાવલા	૯૪	નાની તુંબડી	અમદાવાદ
ધીરજ ચાંપશી જીવરાજ વિસરિયા	૫૦	ભચાઉ	મુલુંડ
વસનજી હીરજી કેશવજી છેડા	૮૧	નાના ભાડિયા	ભાયખલા
મા. મણિબેન રામજી વેલજી છેડા	૧૦૨	બિદડા	મદુરાઈ
પુષ્પાબેન મોહનલાલ ખીમજી મારુ	૭૮	હાલાપુર	થાણા
કાળધર્મ પામેલ છે			
પ.પૂ. સાધ્વીજી શ્રી યશોધનશ્રીજી મ.સા.		૮૫	



network techlab
Adding Values to Work
Keep Your Data Center Always On
Reliable AMC & Support for Zero Downtime
Your Data Center runs 24×7.
Features & Benefits
24/7
24/7 monitoring expert support
Preventive maintenance for smooth operations
Minimized downtime & maximum uptime
Cost-effective, hassle-free IT management
Ensure uninterrupted performance
info@netlabindia.com | +91 88790 04536 | www.netlabindia.com
Head- Office: - 41, Sarvodaya Ind. Est., Off. Mahakali Caves Road, Andheri (E.), Mumbai, 400093
Main Branch: - Plot no. A-142, Rd Number 23, Wagle Industrial Estate, Thane (W.), Thane, 400604

PAGDANDI (Monthly) JULY 2026 RNI-14593/1957
Posted at Patrika Channel Sorting Office, Mumbai - 400 001

શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ

PAGDANDI

If undelivered, please return to

To,

Shri K.V.O. Seva Samaj
Shri C. V. O. D. Jain Mahajanwadi,
99/101, Keshavji Naik Road, Mumbai - 400 009.
Tel. : 022 2371 4674 / 4961 4242 / 4343
E-mail : ksevasamaj@gmail.com
Website : www.kvoss.org